રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

લોકદક્ષિણામૂર્તિના ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી અને કર્મઠ કાર્યકર,
સહકારી પ્રવૃત્તિઓના તજજ્ઞ અને ખાદી ગ્રામોદ્યોગ ક્ષેત્રના કર્મશીલ
જયવંતસિંહજી દાદુભા જાડેજા



જન્મ તારીખ : ૦૫-૧૦-૧૯૩૬ મૃત્યુ તારીખ : ૨૯-૦૩-૨૦૨૫

વર્ષ: ૭૮ અંક : ૦૯ ૧૫ એપ્રિલ, ૨૦૨૫

# શ્રી મધુકરભાઈ પારેખની અધ્યક્ષતામાં પીડીલાઈટના સંચાલકમંડળની સંસ્થા મુલાકાત

















# કોડિયું

વર્ષ : ૭૮ | એપ્રિલ ૨૦૨૫ | અંક : ૦૯

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૦૧ | ખિસકોલી મારી ગર્લફ્રેન્ડ છે.<br>ગુણવંત શાહ | ...૦૬ |
| ૦૨ | પ્રેમ-મૈત્રી તો હોવાની અવસ્થા છે.<br>સુભાષ ભટ્ટ | ...૦૮ |
| ૦૩ | માણસ બનાવે તે કેળવણી...<br>રમેશ સંઘવી | ...૦૯ |
| ૦૪ | શિક્ષણનું માધ્યમ માતૃભાષા<br>ડૉ. મનહર ઠાકર | ...૧૧ |
| ૦૫ | સહકાર અને પંચાયત ક્ષેત્રના પુરુષોત્તમ : જયવંતસિંહજી જાડેજા<br>પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર | ...૧૪ |
| ૦૬ | શક્ય છે જળ સળગવાનો સવાલ આવે?<br>અર્ચના દવે | ...૧૬ |
| ૦૭ | ‘મોખરે હસી હસી ધપે જવાન ડોસલો’<br>પારસકુમાર | ...૧૮ |
| ૦૮ | કથા આશા અને વિકાસનીઃ મિસ ઈન્ડિયા<br>બિંદુ - પાર્થેશ | ...૨૦ |
| ૦૯ | બન્નીમાં રાતે દેખાતો રહસ્યમય પ્રકાશ શું છે?<br>માવજી મહેશ્વરી | ...૨૨ |
| ૧૦ | પુસ્તક પરિચયઃ ‘વંદુ એ જગદીશને...’<br>ડૉ. સી. ટી. ટૂંડિયા | ...૨૪ |
| ૧૧ | જળ<br>ડૉ. સંજય આર. તલસાણીયા | ...૨૭ |
| ૧૨ | મહાત્મા ગાંધી એટલે જીવનને અખિલાઈમાં જોતી નૂતન વિકાસશીલતા<br>સોનલ પરીખ | ...૩૦ |
| ૧૩ | સજીવ ખેતી<br>હીરજી ભીંગરાડિયા | ...૩૨ |
| ૧૪ | અનમોલ સ્મરણો<br>બાલુભાઈ ગોહિલ | ...૩૫ |
| ૧૫ | રામકૃષ્ણ પરમહંસ<br>ચિંતક વિ. પટેલ | ...૩૭ |
| ૧૬ | સંસ્થા સમાચાર<br>પ્રશાંત મહેતા | ...૩૮ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**માલિક - પ્રકાશક :**

શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ, આંબલા

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

**◆ સૂચના ◆**

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆**

શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

### હું તો સ્વર્ગમાં જ જઈશ...

નઈ તાલીમના રાજયકક્ષાના એક વિશાળ સંમેલનમાં આપણા દર્શકદાદાએ જાહેર કર્યું કે, "સ્વર્ગ અને નર્ક છે કે નહીં તેની મને ખબર નથી પણ જો સ્વર્ગ જેવું કાંઈ હશે તો હું ચોકક્સ સ્વર્ગ જ જવાનો છું." થોડી ક્ષણો પછી બીજું વાક્ય બોલ્યા "મેં કાંઈ એવું પુણ્યનું કામ કર્યું નથી પણ મારા વિદ્યાર્થીઓએ એવાં કામો કર્યા છે કે, તેના પ્રતાપે હું તેમની ચાલ પકડીને સ્વર્ગે પહોંચવાનો છું." પછી એ થોડાક વિદ્યાર્થીઓના નામો બોલતા, એ નામોમાં એક નામ અચૂક લેવાનું અને તે હતું જયવંતસિંહ દાદુભા જાડેજા. 'ઝાડના પારખાં ફળ પરથી' બાઈબલના વિખ્યાત વાક્યથી દર્શકદાદાએ લોકદક્ષિણામૂર્તિ સંસ્થાઓના તેજસ્વી વિદ્યાર્થીઓને પોંખ્યા છે.

લોકદક્ષિણામૂર્તિના આવા તેજસ્વી ભૂતપૂર્વ વિદ્યાર્થી અને પછી કર્મઠ-નિષ્ઠાવાન કાર્યકર જયવંતસિંહજી જાડેજાનું ૮૯ વર્ષે તા. ૨૮-૦૩-૨૦૨૫ના રોજ દેહાવસાન થયું છે. છેલ્લા ઘણા વર્ષોથી અનેક પ્રકારની શારીરિક વ્યાધિઓના ભોગ બનેલા જયવંતસિંહજી તેમના કલ્પનાતિત મનોબળથી જીવનના અંતિમ દિવસ સુધી જાહેર સેવાકીય સહકારી પ્રવૃત્તિઓ-કાર્યક્રમોમાં વ્યસ્ત રહ્યા એ તેમના વ્યકિતત્વને ઉજાગર કરનારી ઘટના ગણાય.

દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન, ભાવનગરથી પ્રારંભાયેલી જીવનલક્ષી કેળવણીની યાત્રા આંબલા, મણાર અને લોકભારતી સુધી વિસ્તરી. સમયાંતરે એક વડવાઈ માઈધાર ગામે પણ કોળાઈ છે.

આ બધી સંસ્થાઓએ જાતવાન વૃક્ષોની જેમ સમાજને અસંખ્ય અમૃતફળોની ભેટ ધરી છે તે હવે આધારો સાથે જણાવી-ગણાવી શકાય તેમ છે.

જયવંતસિંહજી તો એક પ્રતિનિધિરૂપ છે. નિષ્ઠા, અભય, સ્વાવલંબન, પ્રામાણિકતા, જાણવા-શીખવાની તત્પરતા, સાહસ, વૈજ્ઞાનિક અભિગમ, અભ્યાસવૃત્તિ, સંવેદનશીલ અને સહકારભર્યો જીવન-વ્યવહાર, ખાદી-ગ્રામોદ્યોગ પ્રત્યે અને સર્વાંશે શ્રમિકો-વંચિતો-ગરીબો- છેવાડાના લોકો માટેની અનુકંપા વગેરે આપણા વિદ્યાર્થીઓને સત્ય, પ્રેમ, કરુણાના સંવાહકો બનાવે છે. આપણે સૌ જયવંતસિંહજી સહિતના આવા ફળો જ્યાં પાકે છે તે વડલાના શીતળ છાંયડે રહીને-શાતાની અનુભૂતિ કરીએ એથી મોટું સદ્‌ભાગ્ય શું હોઈ શકે?

લોકભારતીના મૂલ્યાંકન માટે આવેલી યુ.જી.સી. રચિત નેક ટીમે લોકભારતીમાં યુ.જી.સી.ના માપ-દંડ પ્રમાણે કાંઈ શોધ્યું-બનાવ્યું નથી એટલે 'બી' ગ્રેડ આપ્યો. લોકભારતીએ જયવંતસિંહોની ફોજ તૈયાર કરી છે, તે એની નજરે ન ચડ્યું!! આપણે એનો અફસોસ કરવાની જરૂર નથી, તેમની દયા ખાવાની જરૂર છે. શિક્ષણનું-કેળવણીનું મૂલ્યાંકન ૩૬૦ ડિગ્રી કરવું એટલે શું તેની સમજણ કયારે આવશે ? અમલમાં ક્યારે આવશે? આપણે રાહ જોઈએ...

— [signature]

## ૦૧ ખિસકોલી મારી ગર્લફ્રેન્ડ છે.

**ગુણવંત શાહ**

---

સવાર પડે ત્યારે પંખીઓનો કલરવ સંભળાય છે એ તો અર્ધસત્ય છે, ખરી વાત એ છે કે પંખીઓનો કલરવ શરૂ થાય ત્યારે સવાર પડે છે. એ કલરવ શરૂ થાય ત્યારે એમાં ખિસકોલી પણ પોતાનો સૂર પુરાવે છે. ખિસકોલીના સૂર સાથે તાલપૂર્વક એની પૂંછડી ઊંચીનીચી થતી રહે છે. છેલ્લા કેટલાય વર્ષોથી હું આ ખેલ પ્રાર્થનામય ચિત્તે નિહાળતો રહ્યો છું. આવો ખેલ નિહાળવામાં મારી આસ્તિકતા સમાઈ જાય છે. આવું રોજ બને ત્યારે ઉપનિષદ અને ગીતા પણ ગૌણ બની જાય છે. ખિસકોલી જે સ્વરાજય માણે છે તેનો એક અંશ પણ આપણને પ્રાપ્ત થાય તો અવકાશયાત્રા માટે રોકેટની ગરજ ન રહે. સામે ઊભેલી નાળિયેરીના થડ પરથી નીચે ઊતરતી ખિસકોલીની પૂંછડીએ વળગેલા અંધારામાં હું મૌનનું અજવાળું શોધી રહ્યો છું.

હું વારંવાર કહું છું કે ખિસકોલી મારી ગર્લફ્રેન્ડ છે. આજે સવારે સામે દોડાદોડી કરતી ખિસકોલીને મૌનપૂર્વક નીરખી રહ્યો હતો ત્યારે એક વિચિત્ર વિચાર મનને ખલેલ પહોંચાડતો ગયો. ખલેલ પણ પામવા જેવી અને વહેંચવા જેવી એક દિવ્ય ચીજ છે. આ દુનિયામાં કેવળ કમનસીબ અને વિચારહીન મનુષ્યો જ ખલેલ નથી પામતા. ખલેલ પામવા માટે અને વળી ઊધ્વમૂલ ખલેલ પામવા માટે તો ભાગ્યોદયની જરૂર પડે.

ખિસકોલી નથી દ્વેષ કરતી. એ નથી કોઈની ઈર્ષા કરતી. એ કદી કોઈની નથી નિંદા કરતી. ખિસકોલીની નાતમાં હરીફાઈ હોઈ શકે ખરી? ખિસકોલી ક્રોધમુક્ત, લોભમુક્ત અને ઉતાવળમુક્ત જણાય છે. એ તેજ ગતિથી દોડે છે તોય તેમાં ઉતાવળ નથી જણાતી. એની ગતિમાં પણ લય હોય છે. એની દોડાદોડીમાં પણ હાફ ગેરહાજર જણાય છે. એનો ગતિયુક્ત લય સાવ સહજ જણાય છે. ખિસકોલી માટે જરૂર કહી શકાય કે એ રાજકારણથી પર છે. એ કામ તો એણે કમનસીબ માનવીઓ ઉપર છોડી દીધું છે. ખિસકોલીની જ્ઞાતિમાં ચૂંટણી જેવું કશુંય હોતું નથી. પરિણામે કોમવાદ, જ્ઞાતિવાદ, જૂથવાદ અને સેક્યુલરિઝમની સમસ્યાઓથી ખિસકોલી પર હોય છે. જ્યાં પક્ષાપક્ષી ન હોય ત્યાં પરમેશ્વર હોય એવી વાત નરસૈંયાએ કહી રાખી છે.

મને જે વિચાર પજવી ગયો તેની વાત હવે કરું જો ખિસકોલી દ્વેષમુક્ત, ઈર્ષ્યામુક્ત, હરીફાઈમુક્ત, રાજકારણમુક્ત,નિંદામુક્ત અને ઉતાવળમુક્ત હોય, તો એનો વખત શી રીતે જતો હશે? એ જો આવી બધી બાબતોથી સર્વથા મુક્ત હોય તો એને કંટાળો નહીં આવે? આજના મનુષ્યને સૌથી વધારે પજવનારી કોઈ બાબત હોય તો તે છે કંટાળો. આજનો મહારોગ કેન્સર નથી પણ કંટાળો છે. ખિસકોલી કંટાળામુક્ત છે તેનું રહસ્ય શું? એક જ શબ્દમાં જવાબ જડે છે 'નિજાનંદ' જો માણસને નિજાનંદનો પત્તો લાગી જાય તો એ ખિસકોલી પામી શકે છે એવો નિજાનંદ પામી શકે. અબ્રાહમ મેસ્લો જેવો મનોવિજ્ઞાની જેને Self-acualization કહે છે, તેનો સાર છે નિજાનંદ. માણસનું આયખું પૂરું થવા આવે તોય એને નિજાનંદની ભાળ નથી મળતી. પછી એ શરાબ ન ઢીંચે, તો બીજું શું કરે? પછી એ જુગાર ન રમે તો બીજું શું કરે? પછી એ ડ્રગને પનારે ન પડે તો બીજું શું કરે? આવા નિજાનંદની તોલે આવે એવો એક શબ્દ આપણી પરંપરા તરફથી મળ્યો છે.

'ભક્તિ' નરસૈંયા જેવો કોઈ અલગારી જ ગાઈ શકે કે-

ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મલોકમાં નાહી રે...

આવી ભક્તિને આપણે અંધશ્રદ્ધામાં ઝબોળીને વેવલી બનાવી મૂકી છે. નિજાનંદની ચરમસીમા પર ભક્તિ જેવો પદારથ વિરાજમાન છે. મારી દૃષ્ટિએ ખિસકોલીને સમજવી હોય તો નરસિંહ,મીરાં ને કબીરને સમજવા રહ્યાં. બોલો! કબીર અને અંધશ્રદ્ધાને તે વળી શી લેવાદેવા? ભૂલી જાઉં તે પહેલાં કહી દઉં, ખિસકોલી દ્વેષમુક્ત,ઈર્ષ્યામુકત,હરીફાઈમુકત, નિંદામુકત અને ઉતાવળમુકત છે તેની સાથોસાથ અંધશ્રદ્ધામુક્ત પણ છે. આવું લખવા માટે મારે ખિસકોલીનો ઇન્ટરવ્યૂ લેવાની જરૂર ખરી? ગર્લફ્રેન્ડનો ઇન્ટરવ્યૂ ન લેવાય એને તો પ્રેમ જ કરવો પડે.

ખિસકોલી પાસે વાણી નથી અને તેથી તેણે સાચું બોલવાની પ્રતિજ્ઞા પણ લેવી પડતી નથી. એના જીવનમાં વ્યભિચાર નથી, તેથી એને બ્રહ્મચર્યનું વ્રત લેવું પડતું નથી. સામે ઊભેલી નાળિયેરી પર એ ચડ-ઉતર કરે છે. જાણે એક્સપ્રેસ વે પર સરકતી કાર ન હોય. ખિસકોલીનો ઉમળકો એની પૂંછડીએ બેઠેલો હોય છે. ઉમળકાને સ્વરાજયને અને નિરાંતને જાળવવાની દીક્ષા આપણને ખિસકોલી પાસેથી મળે તેમ છે. વૃક્ષની ચેતનાના ધબકારા એ ઝીલી જાણે છે. મહેમાન કેવા પોતીકા હોઈ શકે તે તો ખિસકોલીના વૃક્ષ સાથેના વ્યવહાર પરથી સમજી શકાય. ખિસકોલી એટલે ગતિશીલ- સ્ફૂર્તિશીલ એવી કામગરી નવરાશની કવિતા.

કોઈ ખિસકોલી સ્થિતપ્રજ્ઞ નથી હોતી, કારણ કે એની પ્રજ્ઞા સહજ પણે સ્થિર જ હોય છે. ઋષિ વાલ્મીકિએ શ્રીરામને 'સ્થિતપ્રજ્ઞ' કહ્યા છે. વનમાં જતી વખતે અને રાજમહેલ ૧૪ વર્ષ માટે છોડતી વખતે પણ એમની પ્રજ્ઞા સ્થિર હતી એવું મહાકવિ વાલ્મીકિએ નોંધ્યું છે. સાગર પર સેતુ બંધાયો ત્યારે ખિસકોલી મદદરૂપ થઈ હતી. મારી દૃષ્ટિએ સ્થિતપ્રજ્ઞ ખિસકોલીએ ભક્તિભાવથી સ્થિતપ્રજ્ઞ એવા રામને મદદ પહોંચાડી હતી. આવી ગાંડી કલ્પના પણ મને વહાલી લાગે છે.

ટહુકો

વડોદરું

માણસે પ્રકૃતિને પ્રેમ કરવો જોઈએ અને પ્રેમને પોતાની પ્રકૃતિમાં વણી લેવો જોઈએ. પ્રકૃતિને પ્રેમ કરવો એ પરમેશ્વરની પૂજા કરવા બરાબર છે. લોકો કાગળ પર છપાયેલી ગીતા વાંચે છે પરંતુ પ્રકૃતિમાં છવાયેલી ગીતા વાંચવાનું ચૂકી જાય છે. પ્રકૃતિથી જ માણસને કોઈક પર નિર્વ્યાજ અને નિર્ભેળ પ્રેમ ઢોળવાનું ગમે છે. અને એવો જ પ્રેમ કોઈ એના પર ઢોળે તે પણ ગમે છે. પ્રકૃતિને સ્વસ્થ ચિત્તે નીરખતાં રહેવું એ પણ એક પ્રકારનો ભકિતયોગ જ ગણાય. સમગ્ર વિશ્વને મંદિરભાવે નિહાળવું એ પણ પ્રાર્થના જ ગણાય. પ્રકૃતિનો સથવારો પરમેશ્વરના સથવારાની ગરજ સારી શકે છે.વિસ્મયપૂર્વક સૃષ્ટિને જોવાની ટેવ એ જ ખરું અધ્યાત્મ! જે રહસ્ય નથી સમજાતું તેને વિસ્મયની નજરે જોવામાં જે આનંદબોધ થાય તે મૂલ્યવાન છે.

રોજ હું એક વૃક્ષને મળી લઉં છું દિવસ અને રાત એકબીજાંને મળે એમ. અમારી વચ્ચે ઘણી વાતો થાય છે, વૃક્ષની માતૃભાષા મૌન છે. એક અપરિચિત તારા સાથે મેં પ્રીત બાંધી છે રોજ રાતે કાનોકાન અમારી વાતો ચાલે છે. જવાબમાં હોય છેઃ ઊગતી કળી જેવું ખિલખિલાટ સ્મિત!

- ગુણવંત શાહ

## ૦૨ પ્રેમ-મૈત્રી તો હોવાની અવસ્થા છે.

**સુભાષ ભટ્ટ**

---

પરમ પ્રેમ-મૈત્રીનું ઉદ્ગમસ્થાન અન્ય કે બાહ્ય નથી પણ 'સ્વ' અને 'અંતસ' છે. પ્રેમ કરવો અને પામવો, મૈત્રી કરવી અને પામવી એ જીવનનો સર્વોચ્ચ આનંદનો અનુભવ છે. પ્રેમ-મૈત્રી પામ્યા છે તે લોકો જીવનના અર્થ-હેતુની ચિંતા નથી કરતા. પ્રેમ- મૈત્રીમાં અપૂર્વ અને અલૌકિક સ્વાતંત્ર્ય છે. પ્રેમ-મૈત્રી તો હોવાની (being) અવસ્થા છે. તે બનવાની કે બનાવવાની, તે મળવાની કે મેળવવાની, તે શિખવાની કે શીખાડવાની વસ્તુ નથી. તે વિચાર નથી, પ્રતીતિ છે, તે પરિણામ નથી, પ્રક્રિયા છે, તે મંઝિલ નથી, પડાવ છે, તે સિદ્ધાંત નથી, અનુભવ છે. તે નામ નથી ક્રિયાપદ છે. તે નકશો નથી અંતહિન યાત્રા છે.

જીવનની મથામણ તો પ્રેમ, મૈત્રી, કરુણાને પામવાની જ છે, સમજને જીવવાની છે. તાત્ત્વિક રીતે માણસ વિજેતા કે પરાજિત નથી પણ પ્રેમી છે. દરેકમાં એકને જુએ તે તેનું સ્વપ્ન છે. પૃથ્વી પર તેનું એક જ કાર્ય છેઃ ચેતોવિસ્તાર વધારવાનું. વ્યકિત ચૈતન્ય જ સમષ્ટિ- ચૈતન્ય બને છે. તેથી જ પ્રેમ-મૈત્રી એ મનુષ્યતાને અતિક્રમી જવાનો રસ્તો છે. પ્રેમ-મૈત્રીને કોઈ દિશા કે પરિમાણ નથી. તે મનનો નહીં પણ ચૈતન્યનો વિસ્તાર અને અવસ્થા છે. તે બારેમાસ ભરતીવાળો દરિયો છે અને ત્યાં એક જ ઋતુ કાયમી છેઃ વસંત. મિત્રતા કરતાં મૈત્રીની ઊંચાઈ અને મૂલ્ય વધારે છે. મિત્રતાની સીમા પૃથ્વી છે જયારે મૈત્રીમાં તે અનંત આકાશ છે. મિત્રતા એ બંધન છે, મૈત્રી એ આપણી મુકિત છે. પરમ અર્થ, અંતિમ આધાર, પૂર્ણ સિદ્ધાંત કે આખરી વિશ્રાતિની ખોજ એ પ્રેમ-મૈત્રીની ખોજ છે. રૂમીમાં ઝૂરાપાની ઝીઆરત છે, જીબ્રાનમાં મૈત્રીનો મરમ અને મરમની મૈત્રી છે.

પ્રેમપૂર્ણ ચિત્ત, મૈત્રીપૂર્ણ સંબંધો અને પ્રાર્થનાપૂર્ણ જીવનએ પ્રથમ પસંદગી અને અંતિમ પ્રજ્ઞા છે. માનવ અસ્તિત્વના અંતિમ સવાલોનો એકમાત્ર ઉત્તર છેઃ પ્રેમ-મૈત્રી. પ્રેમના પ્રથમ સંવેદન કે મૈત્રીપૂર્ણ ચૈતન્યથી વિશેષ પવિત્ર કશું નથી. પ્રેમ-મૈત્રી દરરોજ એક નવો રંગ, રસ, રૂપ,ચહેરો,આયામ દેખાડે છે. દરરોજ નવી ઊંચાઈ અને નવી ઊંડાઈ તરફ દોરી જાય છે. પ્રેમમાં દરેક સૂર્યાસ્તે એમ લાગે છે કે પ્રેમ-મૈત્રીને હું સમજયો છું અને દરેક સૂર્યોદય તે અપરિચિત લાગે છે, તેથી જ તે અંતહીન પ્રયોગ છે.

પ્રેમને અમાપ મુકિત કહી છે. પ્રેમ તો અફાટ અવકાશ છે, મિત્ર પાંખો છે. અન્યને બાંધવાની વૃત્તિ અને પ્રવૃત્તિ જ મારું બંધન બને છે. પ્રેમ-મૈત્રીમાં આકાશનો ઉઘાડ,અવકાશ હોય છે. પ્રેમ-મૈત્રી એકમેક સામે તાકીને બેસી રહેવાનું નામ નથી, પણ એક બનીને, દિશા શોધીને તે તરફ ચાલી નીકળવાનું નામ છે. પ્રેમ એટલે બે આંખો એક દ્રશ્ય, મૈત્રી એટલે બે પગલાંઓ એક પંથ. પ્રેમ-મૈત્રીનું વ્યકિત-ચૈતન્ય જ વિસ્તરતા વિસ્તરતા વિશ્વ-ચૈતન્ય બની જાય છે.

પ્રેમ-મૈત્રી એ જગતની શ્રેષ્ઠ વિદ્યાપીઠ છે. આપણે પ્રેમને ધર્મ તરીકે સ્વીકારીએ છીએ ત્યારે મૈત્રી આપણી ભાષા બની જાય છે. પ્રેમ અને મૈત્રી અત્યંત મૂલ્યવાન સંપત્તિ છે. પરમ અસ્તિત્વ બધાને આ સંપત્તિ આપતો નથી. તેને જે જવાબદાર,શ્રદ્ધાવાન અને યોગ્ય લાગે તેને જ આ સંપત્તિ આપે છે. પ્રેમ-મૈત્રી સાવ નવું આકાશ છે. પ્રેમ-મૈત્રી સાવ નવી પાંખો છે. પ્રેમ-મૈત્રી આપણી ચેતના માટે સૂર્ય અને ચંદ્ર જેવા છે. પ્રેમ-મૈત્રી સ્વયં એક અલૌકિક સાત્ત્વિક અને ચૈતન્યસભર ઊર્જાસરોવર છે. પ્રેમ- મૈત્રી એ કોઈ સંબંધ નથી, ચૈતન્યની તેજોમય અવસ્થા છે.

મો.૯૮૩૩૭૦૮૪૯૪

## ૦૩ માણસ બનાવે તે કેળવણી...

**રમેશ સંઘવી**

---

વર્ધા યોજના અથવા નઈ તાલીમ એ ગાંધીજીની કીમતી ભેટ છે. ગાંધીજી એક સર્વગ્રાહી અને સર્વાશ્લેષી વિચારક અને કર્મયોગી હતા. રાષ્ટ્રીય આંદોલનના એ દિવસોમાં આપણા દેશને અનુરૂપ, દેશને બેઠો કરી અને સમૃદ્ધ કરે તેવા શિક્ષણની ખોજ હતી. મૂળે દક્ષિણ આફ્રિકામાં ફિનિક્સ આશ્રમમાં અને ટોલ્સ્ટોય ફાર્મમાં તેમણે કેળવણીના વિવિધ પ્રયોગો કરેલા જ. દેશમાં આવીને એકાદ વર્ષ પછી તેમણે રાષ્ટ્રીય કેળવણીની વાત વિસ્તારથી કહેવા માંડી. ગાંધીજી પોતે રાષ્ટ્રના વિધાતા અને કેળવણીકાર હતા જ. નઈ તાલીમ એ પોતાની સત્ય,અહિંસાની શોધને કેળવણીના ક્ષેત્રમાં લાગુ પાડવાનો પ્રયત્ન હતો. ૧૯૩૭માં તો તેની વ્યવસ્થિત રૂપરેખા બની અને પછી તો વિવિધ રાજ્યમાં તે મુજબની શાળાઓ શરૂ થઈ. ગાંધીજી કહેતાઃ ‘મારા જીવનનું આ છેલ્લું કામ છે. જો ભગવાન એને પૂરું કરવા દેશે તો દેશનો નકશો જ બદલાઈ જશે. આજની કેળવણી તો નકામી છે.’

આ વાત તેઓએ દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે પણ ‘ઇન્ડિયન ઓપિનિયન’માં કરેલી અને ‘હિન્દ સ્વરાજ’ માં તો જાણે ઊંચા હાથ કરીને કહેલુંઃ ‘માણસ બનાવે તે કેળવણી અને કેવળ અક્ષરજ્ઞાનથી દુનિયાને ફાયદાને બદલે હાનિ થાય છે.’ દેશમાં આવીને તેઓ સમયે સમયે કેળવણીનો નકશો આપતા રહ્યા. જેમાં ઉદ્યોગ દ્વારા કેળવણી અને માતૃભાષામાં કેળવણીની વાત પ્રમુખ હતી. ૧૯૩૭માં વર્ધા યોજના મુકાયા પછી તેમણે કહ્યુંઃ ‘મેં અત્યાર સુધી હિન્દુસ્તાનને અનેક વસ્તુઓ આપી, એ બધામાં આ કેળવણીની યોજના અને પદ્ધતિ ભારેમાં ભારે વસ્તુ છે. હું નથી માનતો કે આના કરતાં વધારે સારી વસ્તુ હું આપી શકીશ.’

મેકોલે પ્રણીત શિક્ષણવ્યવસ્થા એ વેળા દેશમાં હતી. તેમને તો અંગ્રેજી રાજ્યને ટેકો આપી અને ચલાવે તેવો વર્ગ જોઈતો હતો. હિન્દુસ્તાન ગુલામ જ રહે અને આ ગુલામ લોકો જ અંગ્રેજો વતી પોતાની ગુલામીનો વહીવટ કરે! અને એ ઉપરાંત પણ દેશની કલા ,સંસ્કૃતિ કે દેશના શ્વાસ-પ્રાણ હોય તેની તો તેમાં વાત જ નહોતી ! નાનાભાઈએ લખેલુંઃ

‘કોઈએ વિચારેલી, કોઈએ આણેલી એ પદ્ધતિ કોઈએ પારકી જમીનમાં રોપી છે, કોઈએ તેને મળ્યું એવું પાણી પાયું છે અને તેથી કેળવણી રૂપી નવપલ્લવિત વૃક્ષ નહીં પણ સૂકા ઝાડનાં ઠૂંઠાં જેવી કેળવણી આપણે ત્યાં છે.’

અને વિનોબાજીએ તો થોડાં વર્ષો પહેલાં પણ કહેલું કે, ‘આજની કેળવણીને ત્રિદોષ છે. અને તે કફ, વાત, પિત્તના પ્રકોપ જેવા જ ભયાનક છે. પહેલો દોષ છે, તેણે સમાજના ટુકડા કર્યા અને નવો વર્ગ ઊભો કર્યો, જેનું મોઢું શહેર તરફ છે. બીજો દોષે એ કે જેમને આ શિક્ષણ મળ્યું તેમનું જીવનધોરણ ઘણું ઊંચું બની ગયું. વિદ્યા સાથે પૈસો જોડાયો, તેથી વિદ્યાની નહીં, પૈસાની વાસના વધી. ત્રીજો દોષ શિક્ષણ સાથે શ્રમ જોડવામાં ન આવ્યો. આજનું શિક્ષણ અનુત્પાદક છે. કામ કર્યા વિના બધા ભોગ ભોગવવા છે, અને તે શરીરશ્રમને નીચો માને છે. આ સ્થિતિ હતી. તેથી એક સમગ્ર વ્યક્તિત્વ માટેનું, દેશ માટેનું શિક્ષણ એ નહોતું.’

નાનાભાઈને એક શિક્ષણ સંમેલનમાં સવાલ પૂછાયો હતો, ‘વર્ધા શિક્ષણનું સામાન્ય સ્વરૂપ સમજાવો’ નાનાભાઈએ જવાબમાં કહેલું- ‘વર્ધા યોજના એ માત્ર કેળવણીની એક યોજના નથી એ તો જીવનની

ફિલસૂફી...છે. સત્ય અને અહિંસાના પાયા પર જે નવા સમાજનું ચણતર ચણવાનું છે તેની એક પ્રવૃત્તિ તરીકે તેનું એક સ્થાન છે.'

અને એ રીતે આ યોજના માત્ર વર્ગમાં શીખવવાની એક યોજના નથી પણ જીવન જીવવાની યોજના છે. નાનાભાઈને વિશ્વાસ હતો કે વર્ધા શિક્ષણ તો આખા રાષ્ટ્રના દેહને બદલાવી નાખવા સમર્થ છે. પણ તે 'માત્ર શાળાની ચાર દીવાલમાં ઊભું નહીં કરી શકાય.' નિત્ય નવી તાલીમ એ નઈ તાલીમ. એટલે નાનાભાઈ કહે છેઃ 'નઈ તાલીમ એ કેળવણીની એક નવી 'મેથડ' નથી, નઈ તાલીમ એ કેળવણીની કોઈ નવી 'સિસ્ટમ' નથી, નઈ તાલીમ એ કેળવણીનો નવો 'પ્લાન' નથી, પરંતુ નઈ તાલીમ એ એક પ્રકારનું નવું જીવન છે.'

નાનાભાઈએ પોતાની રીતે નઈ તાલીમનો વિચાર કર્યો અને પ્રયોગ પણ કર્યો. તેમને અને મનુભાઈને ખાતરી થઈ કે નઈ તાલીમ એ કોઈ ઉત્પાદક ઉદ્યોગની આસપાસ ગોઠવવી જોઈએ. નઈ તાલીમના પાયામાં એ ખ્યાલ રહેલો છે કે, બાળકોનું શિક્ષણ કોઈ સમાજને ઉપયોગી એવા ઉત્પાદક ઉદ્યોગ મારફત અને માતૃભાષામાં મળવું જોઈએ અક્ષરજ્ઞાન વાચન-લેખન પરીક્ષા એ કેન્દ્રમાં નથી. કારણ કે બાળક પ્રકૃતિગત રીતે આ ઉંમરે ક્રિયાશીલ હોય જ છે. તેને કોઈ પણ જાતની પ્રવૃત્તિ ગમે છે. એટલે જ ગાંધીજી ભાર મૂકે છે કેઃ 'પ્રાથમિક કેળવણીનો પાયો હાથ પગની પ્રવૃત્તિ પર જ રચવો જોઈએ.'

સમાજોપયોગી ઉત્પાદક શરીર શ્રમ કેળવણીના પાયામાં હશે તો નવી વર્ગવિહીન સમાજ રચનાના નિર્માણમાં તે ઉપયોગી થશે. આખરે જીવન સાથે સંબંધિત કેળવણીની, જીવનલક્ષી કેળવણીની જરૂર છે, કારણ 'કેળવણી એ જીવન વ્યાપી પ્રક્રિયા છે.'

નાનાભાઈ શિક્ષકોને કહેતાઃ 'આજે આપણી શાળાઓ વિષય-શિક્ષણપ્રધાન બની ગઈ છે તેને જીવનશિક્ષણ પ્રધાન બનાવી પડશે.'

ગાંધીજીના વિચારો પણ નાનાભાઈએ સીધેસીધા નથી સ્વીકાર્યા. એક કેળવણીકારની જેમ એ વિચારોને સમજતા ગયા, પચાવતા ગયા અને જરૂર લાગી ત્યાં ફેરફાર કરતા ગયા, તેઓ સતત પ્રયોગો કરતા રહ્યા.

'આયુર્વેદમાં છે કે ઔષધિને જેમ ઘૂંટો તેમ ગુણ વધે. ચંદનને જેમ ઘસો તેમ સુગંધ વધે. તેમ નઈ તાલીમને જેમ ઘસો, જેમ ઉપયોગ કરો તેમ નવું નવું દર્શન થાય. ક્ષણે ક્ષણે નવું દર્શન થતું જાય તો માનવું કે આપણે નઈ તાલીમના ખરા માર્ગે છીએ. રોજ નવો રસ આવે તો એ તાલીમ નવી કંટાળો આવે તો માનવું કે ક્યાંક ભૂલ કરી છે.'

નાનાભાઈએ લોકશાળાના પોતાના વિચારને નઈ તાલીમ નામ આપ્યું જ છે. કારણ કે વર્ધા કેળવણીના આધાર સ્તંભો એવા સમાજોપયોગી ઉત્પાદક શ્રમકાર્ય, માતૃભાષામાં શિક્ષણ, કુદરત, સમાજ અને ઉદ્યોગ સાથે વિષય શિક્ષણનો અનુબંધ, સહશિક્ષણ તેમણે સ્વીકાર્યા જ છે.

નાનાભાઈ દક્ષિણામૂર્તિના સાથીદારોને સમજાવે છેઃ 'આપણું દક્ષિણામૂર્તિનું કામ હવે ગામડામાં લઈ જઈએ ત્યાં સાચું ભારત છે અને રાષ્ટ્રીય કેળવણી ઊગે એવી ભૂમિ છે' પણ કોઈ સાથે આંબલા નથી આવતું. પણ નાનાભાઈએ આંબલા જવાનું નક્કી કરી, ગાંધીજીની સલાહ લેવા વર્ધા ગયા. ગાંધીજીએ પણ કહ્યુંઃ 'ગામડે જાઓ અને નઈ તાલીમનો પ્રયોગ કરો.' નાનાભાઈ પોતાનો ડર રજૂ કરતાં કહે છેઃ 'બાપુ, આજ સુધી શહેરમાં રહીને ભદ્ર વર્ગનાં બાળકોની કેળવણીનું કાર્ય કર્યું છે, હવે આ ઉંમરે ગામડામાં જઈ નઈ તાલીમનો પ્રયોગ થઈ શકશે? પાકે ઘડે કાંઠા ચડશે.'

બાપુ કહેઃ 'નાનાભાઈ બીજાને ચડે કે ન ચડે પણ મને અને તમને તો ચડવા જ જોઈએ.'

## ૦૪ શિક્ષણનું માધ્યમ માતૃભાષા

**ડો. મનહર ઠાકર**

---

પ્રવર્તમાન સમયે સુશિક્ષિત સમુદાયમાંથી ડૉક્ટરો, ઈજનેરો, વકીલો અને કેટલાક ઉદ્યોગપતિઓનાં મનમાં એક સવાલ વારંવાર થયા કરે છે કે; ' બાળકને અંગ્રેજી માધ્યમમાં ભણાવવું કે ગુજરાતી માધ્યમમાં ?' આ ખરેખર પેચીદો પ્રશ્ન છે. માતૃભાષાના માધ્યમનું શિક્ષણ કે અંગ્રેજી ભાષાના માધ્યમનું શિક્ષણ એ સંદર્ભે કેટલુંક ચિંતન કરીએ.

**(૧) માતૃભાષા છે ગળથૂથીના સંસ્કારઃ**

બાળકને ગળથૂથીમાંથી જે ભાષાના સંસ્કારોની છાપ પડી હોય, જે ઘરમાં એનો જન્મ થયો હોય,એની સાથે માતૃભાષાની બોલીનો અનુભવ આત્મસાત થવાનો. ત્યારબાદ બાળક પાપા પગલી કરતું થાય ત્યારે તેના જીવન વ્યવહારના પ્રત્યેક તબક્કે માતૃભાષામાં બોલીનો અહેસાસ થવાનો. બાળકની શ્રવણેન્દ્રિયોના વિકાસમાં તેને શ્રાવ્ય અનુભવ મળે છે, તેમાં માતૃભાષાનો સ્પર્શ થાય છે. આમ આગળ વધતા વધતા વિકાસની સાથે સાથે એ બાળકને ઘરમાંથી જ એના જે જીવન વ્યવહારની સમજ ઊભી થાય છે, તે માતૃભાષામાં બોલાતા શબ્દોની પરંપરા એના માનસપટ પર અંકિત થાય છે. આમ માતૃભાષાની બોલીનો પ્રવાહ તેના પર અસ્ખલિત વહેવા માંડે છે.

માતૃભાષાની છાપ બાળકના ચિત્ત, મન, બુદ્ધિ અને અહંકારને ઘડે છે. બાળકના પિંડની અંદર એટલે કે ભીતરમાં રહેલાં ચારે ખાનાંઓ ચિત્ત, મન બુદ્ધિ અને અહંકાર એ એના જીવન વ્યવહારમાં બોલાતી ભાષા એટલે કે માતૃભાષાની બોલીથી એનું ઘડતર થાય છે. એટલે આંતર મનના ઘડતરમાં માતૃભાષાની બોલી સ્પર્શ કરે છે. આમ ચિત્તમાં અનુભવાતી જે બાબતો છે તે એને શ્રવણેન્દ્રિય દ્વારા બોલીની માતૃભાષા થકી પ્રાપ્ત થાય છે. તેના મનમાં જે વિચારો ઊઠે છે એ વિચારોનો શબ્દ દેહ જે રચાય છે તે એ માતૃભાષામાં બોલાય છે. એની બુદ્ધિ જે કંઈ નિર્ણય કરશે એના આધારે તે જે ભાષાની ભાષાકીય અભિવ્યક્તિ કરશે એ વિચારો પણ માતૃભાષા કે બોલીમાં આવશે. બાળક જે અભિવ્યક્તિ કરશે એટલે વર્તન કરશે તેનો બેઈઝ પાયો પણ માતૃભાષામાં જ બોલાતા શબ્દો હશે. બાળકના જીવાતા જીવનમાં, જીવન વ્યવહારમાં જે બોલીનું પ્રભુત્વ આવે છે અને તેના અંતઃકરણના ઘડતરમાં મોટો ભાગ ભજવે છે, એ માતૃભાષામાં બોલાતા શબ્દો છે.

આ માતૃભાષા એ આ રીતે આંતરિક વ્યક્તિત્વ ઘડતરમાં મોટો ફાળો આપે છે.

**(૨) ભાવનાઓ અને સંવેદનાઓનું ધરુવાડિયું :**

માતૃભાષા શિક્ષણની એક વ્યાખ્યા એવી છે કે જીવન જીવવાનું શીખવાડે તે શિક્ષણ. બાળકની સામે જે પાત્રો આવે છે, જેમ કે કુટુંબમાં, સમાજમાં, શાળામાં કે સમાજના વિધાયકરૂપે ,એ દરેકની જે ભાષાકીય અભિવ્યક્તિઓ છે તે માતૃભાષામાં હોવાની. એટલે એ તો બાળક માટે અનુભૂતિઓ બનતી હોય છે. એવા માતૃભાષાના માહોલમાં બાળક જેમ જેમ વિકસતું જાય છે તેમ એને માતૃભાષામાં થતા વર્તન વ્યવહારોનો સ્પર્શ થાય છે. આ સ્પર્શ સીધો એના માંહ્યલાને થાય છે, એના ભીતરને થાય છે, એના કલેજાને થાય છે, એના હૃદયને થાય છે. જ્યાં બાળકની લાગણી કે ભાવનાઓનું સર્જન થાય છે. જે

માતૃભાષાની અનુભૂતિઓનું પરિણામ છે. એટલે ભાવનાશીલ વ્યક્તિત્વ, લાગણી સભર વ્યક્તિત્વ એ માતૃભાષાના માધ્યમથી ઘડાય છે. એટલે માતૃભાષા તો આ બધી સંવેદનાઓ ઉગાડનારું ધરુવાડિયું છે.

વ્યક્તિત્વ ઘડતરનો મુખ્ય ભાગ માતૃભાષા છે. બાળક માતૃભાષાની બોલીના શબ્દો દ્વારા જે કાંઈ શીખે છે, તેની સમજ એવી છે કે પોતાના સંપર્કનાં પાત્રો જે કંઈ બોલેચાલે, હરેફરે, વર્તન વ્યવહાર કરે, એમાંથી શ્રવણેન્દ્રિય દ્વારા માતૃભાષાના જે શબ્દો બાળકના ચિત્તમાં છાપ પાડે. એ પ્રમાણેના વિચારો તેના મનમાં ઊભરી આવે છે. એ વિચારો પ્રમાણે પોતે વર્તન વ્યવહારો કરતો થશે. આમ તેના વ્યક્તિત્વનું પોત માતૃભાષાના શબ્દો કે બોલી બન્યું. વ્યક્તિત્વ ઘડતરનો મુખ્ય કોઈ ભાગ હોય તો તે માતૃભાષા દ્વારા પ્રગટ થતી બોલી છે.

**(૩) કેળવણીમાં માતૃભાષાનું મહત્ત્વઃ-**

કોઈ અંગ્રેજીમાં વિદ્વત્તા ધરાવતું હોય અને બીજી વ્યક્તિ અંગ્રેજી નહીં જાણનાર, જેના જીવન વ્યવહારમાં એના તમામ વર્તન વ્યવહારોમાં માતૃભાષાના શબ્દો કે બોલીનું પ્રભુત્વ છે એવી વ્યક્તિ સામે અંગ્રેજી ભાષામાં કોઈ વિદ્વાન હાસ્યરસ કે કરુણરસ પીરસે તો એ નહીં સમજનાર વ્યક્તિ તેની સામે તાકી રહેશે અને સાંભળતો હોય એવો ડોળ કરશે. અંગ્રેજી ભાષાના વર્ણનમાં હાસ્યરસ હશે તો હસી નહીં શકે અને કરુણરસ હશે તો રડી નહીં શકે ! જેને એ ભાષાના શબ્દોની અનુભૂતિ જ થતી નથી એને એવી લાગણીઓનો કે એવા શબ્દોનો કોઈ સ્પર્શ થવાનો નથી. આપણે અંગ્રેજી માધ્યમમાં બાળવયથી જ જે બાળકોને શિક્ષણ આપીએ છીએ તે તો અંગ્રેજી બોલનાર ટીચરની સામે બાઘાની જેમ બેસી રહેશે. તેના ચિત્ત પર કોઈ અધ્યયન અનુભવ થતો નથી. જ્યાં સુધી અધ્યયન અનુભવ ન થાય ત્યાં સુધી ચિત્ત પર ભણતરની છાપ ન પડે. મન ભણવાની વિચારણા ન કરે. એની બુદ્ધિ એવો કોઈ નિર્ણય ન કરી શકે. અંતે શિક્ષણ તેના વર્તનોમાં પણ આવતું નથી. એવા શિક્ષણથી અંતઃકરણ ઘડાતું નથી. એટલે માતૃભાષાના માધ્યમ વગરનું શિક્ષણ એકડા વગરનાં મીંડા જેવું બની રહે છે.

શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓની શક્તિઓને ઉગાડવી, ઉછેરવી અને કામિયાબ બનાવવાનું માતૃભાષાના માધ્યમથી શક્ય છે. આપણે ત્યાં સ્થિતિ એવી છે કે હઠાગ્રહથી કેટલાક વાલીઓ અને આવી શાળા ચલાવનારાઓ વિદ્યાર્થીઓને માતૃભાષા સિવાયના માધ્યમથી શિક્ષણ આપે છે અને એનો આગ્રહ રાખ્યા કરે છે. અન્યના આવા પ્રકારના આગ્રહને વશ થઈને વિદ્યાર્થી પોતે સ્વતંત્ર નિર્ણય નહીં કરી શકતો હોવાથી એ શાળાઓમાં દાખલ થાય છે. ત્યાં જઈને બેસી રહે છે. જિંદગીના મહત્ત્વના દિવસો નિરર્થક પસાર કરે છે. અધૂરાંમાં પૂરું તે, ઊંચી ફી ભરવાની. આ રીતે સમય શક્તિ અને નાણાં વેડફે છે. માતૃભાષાના માધ્યમ સિવાયની સ્કૂલોમાં એટલો સમય વિદ્યાર્થી ત્યાં બેસી રહે છે છતાં અધ્યયન થતું નથી. વળી પાછું એનું ટ્યુશન રાખવાનું. ગોખણિયું શિક્ષણ એના પર લાદી દેવામાં આવે છે. તેનો ભાર વિદ્યાર્થીએ વેંઢારવાનો છે. એટલે બાળકની શક્તિ કુંઠિત થઈ જાય છે. આના કારણે બાળકે કેવું જીવન જીવવાનું? જીવનમાં શિક્ષણ દ્વારા જે ગુણો, લક્ષણો, ક્ષમતાઓ અને વિશેષતાઓનો વિકાસ થવો જોઈએ તેનું શું? વિદ્યાર્થીની અંદર પડેલી જે શક્તિઓ છે, જે ઉગાડવાની છે, ઉછેરવાની છે, તેને બદલે તો બાળકની શક્તિ કુંઠિત થઈ જાય છે, મૂરઝાઈ જાય છે.

**(૪) માતૃભાષામાં શિક્ષણ વગર આંતરિક વિકાસ અટકે.**

ગાંધીજીએ તો અનુસ્નાતક સુધીનું શિક્ષણ માતૃભાષામાં આપવાની વાત કરી છે. કેળવણીકાર નાનાભાઈ ભટ્ટે માતૃભાષામાં શિક્ષણ વિશે પાયાની વાતો કરેલી ને

આચરણમાં મૂકેલી, 'બાળક નવ વર્ષનું ન થાય ત્યાં સુધી એને માતા-પિતાથી છૂટું પાડવાનું નથી.' હવે અત્યારે તો ત્રણ ચાર વર્ષની ઉંમરના બાળકોને અંગ્રેજી માધ્યમમાં અને એ પણ છાત્રાલયમાં ! એવા નિર્દોષ બાળકોના અંતર મનનું શું થતું હશે ! માણસની આંતરિક લાગણીઓ પ્રેમ, હૂંફ, કદર, સહાનુભૂતિ અને સલામતી, આ બધું માતૃભાષાની બોલી દ્વારા જ ઉછેર થઈ શકે છે, પરભાષા એ ન કરી શકે. કારણ કે મૂળ પિંડ જ માતૃભાષામાં ઊગેલો છે. પરભાષામાં એ ન ઉગાડી શકાય. એનું વાવેતર માતૃભાષામાં થયું છે. એટલે આપણે ઘણીવાર જોઈએ છીએ ને કે યોગ્ય જમીનમાં પાણી, ખેડ, ,સૂર્યપ્રકાશ, વાતાવરણ, આ બધામાં મોલ ઉજરે અને પછી એનું ઉત્પાદન ગુણવત્તાવાળું થાય. બાળકો માટે આ વાક્ય આપણે ભૂલી ગયા. એટલે શિક્ષણમાં માતૃભાષા સિવાયના માધ્યમની પરિસ્થિતિમાં બાળકોને બે ત્રણ ધોરણ પછી કંઈ સમજાતું નથી એટલે મૂંઝાઈ જાય છે. પછી જ્યારે ને ત્યારે મા-બાપને કહે છે કે અમારે ભણવું નથી. અમને અકળામણ થાય છે અને મુંજારો થાય છે .પછી એના પાચનતંત્ર ઉપર પણ માઠી અસર પડે છે. વિદ્યાર્થી હતાશામાં આવી જાય છે.

**(૫ ) 'સૂકાયા મોલ સૃષ્ટિના પછી વૃષ્ટિ થયાથી શું?'**

નાની ઉંમરે વડીલોના હઠાગ્રહને કારણે બાળકને ફાંકડું અંગ્રેજી બોલતા આવડે એવા ભાવ કે કુભાવના આધારે એની આંતરિક લાગણીઓ અને સંવેદનાઓનું બાળમરણ થઈ જાય છે. આ પ્રકારના કૃત્યને પ્રોત્સાહન આપનારા વાલીઓ, એવી સંસ્થાઓને એટલું પૂછવું જોઈએ કે કોઈ ફૂલનો છોડ તમે આંગણામાં વાવો પછી એ કરમાઈ જાય અને એને ફૂલ ન આવે તો તમને દુઃખ થાય છે? તો આ કુમળી વયના ફૂલ જેવા બાળકોની આંતરિક કોમળ લાગણીઓને મૂરઝાવી દેવાનો હક કોને છે ? આ કુદરતના સાંનિધ્યમાં તો આવું કૃત્ય ન કરાય. બાળકની ભાવનાઓ અને લાગણીઓનું ઝરણું સૂકવી નાખે એવું શિક્ષણનું માધ્યમ શું કામનું? એટલે આવું દોષિત કૃત્ય બાળવયે એની લાગણીઓનું ઝરણું સૂકવી નાખે એના સાક્ષી ન બનીએ. માણસની લાગણીઓ બાળવયે જ સુકાઈ જાય તો મોટી ઉંમરે તેનું શું થવાનું ? પ્રભાશંકરભાઈ પટ્ટણીએ લખ્યું છે કે,

'સુકાયા મોલ સૃષ્ટિના પછી વૃષ્ટિ થયાથી શું?<br>ઝૂલમ હાથે ગુજારીને પછી કાશી ગયાથી શું?'

બાળક બે ત્રણ ધોરણ ભણીને થાકે ને અંગ્રેજી મીડીયમ છોડે પછી માતૃભાષાના શિક્ષણમાં દાખલ કરો અને બે ત્રણ વર્ષ ભણે અને થોડું શીખે, તેને ન આવડે કક્કો કે ન આવડે એબીસીડી ! ત્યારે ધોબીના કૂતરા જેવી દશા થાય છે, ન ઘરનો કે ન ઘાટનો.

**ઉપસંહારઃ-**

પહેલેથી માતૃભાષામાં શિક્ષણ મેળવીને શિક્ષિત વડીલો એટલું સરસ ભણીને ઉપલા ધોરણમાં એટલું સરસ ફાંકડું અંગ્રેજી બોલે છે. રાજયમાં કે રાષ્ટ્રમાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે આઈ.એ.એસ. કે આઈ.પી.એસ. કેડરમાં પહોંચ્યા હોય છે. વિભિન્ન ક્ષેત્રોમાં, વિભન્ન વ્યવસાયિક ક્ષેત્રોમાં આવા વડીલો જાતે અંગ્રેજી વિષય શીખ્યા છે. મહેનત કરીને ઉજ્જવળ કારકિર્દી પ્રાપ્ત કરી શક્યા છે. એવાં અનેક ઉદાહરણો છે, જે નાનપણથી અંગ્રેજી ભણ્યા નથી. છતાં જરૂર પડી ત્યારે અંગ્રેજી વિષયને સારી રીતે તૈયાર કર્યું છે. બાળવયથી જ એની લાગણીઓને ખીલવે એવી માતૃભાષાની કદી અવગણના કરી નથી. એટલે જ કહેવાયું છે કે, ' મા , માતૃભૂમિ અને માતૃભાષાની કદી અવગણના ન કરવી.' કારણ કે આ ત્રણેયના કારણે માણસનો વિકાસ વ્યકિતત્વ થતો હોય છે. જેના કારણે આપણે ઉજાગર થતા હોઈએ એવી માતૃભાષાને તો પાયામાંથી જ શીખવી જોઈએ. આપણા શિક્ષણનું માધ્યમ માતૃભાષામાં જ રાખવું જોઈએ.

મો.૯૪૨૬૮૫૧૨૯૦

## ૦૫ સહકાર અને પંચાયત ક્ષેત્રના પુરુષોત્તમ : જયવંતસિંહજી જાડેજા

**પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**

---

**ભૂમિકા :**

ગુજરાત રાજયના સહકારી પંચાયતી આંદોલનના પ્રણેતા, અગ્રણી જયવંતસિંહભાઈ જાડેજાનું શરીર તા. ૨૬ માર્ચ બુધવારના પંચમહાભૂતમાં એકરૂપ થઈ ગયું. તા. ૫/૧૦/૧૯૩૬ના તેમનો જન્મ. ૮૯ વર્ષનું પ્રકાશવંત જીવન. તેમના પિતાશ્રી રાજકોટ જિલ્લામાં આવેલ રાજપરા ગામના ગિરાસદાર. તેમણે વિખ્યાત હંટર ટ્રેનિંગ કૉલેજ અધ્યાપનમંદિર રાજકોટમાંથી શિક્ષણ મેળવેલું. તેમના સંતાનને ઋષિવર્ય નાનાભાઈ ભટ્ટ સ્થાપિત નઈ તાલીમની પ્રયોગશીલ સંસ્થા ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં અભ્યાસ કરવા મોકલ્યા. અહીં સૈદ્ધાંતિક શિક્ષણ સાથે પ્રત્યક્ષકાર્યનો અનુબંધ. જયવંતસિંહભાઈ અને પાંચ વિદ્યાર્થીઓએ સંસ્થાની જમરૂખની વાડીનો ઈજારો વેકેશનમાં રૂ. ૭૦૦૦ માં રાખ્યો. વૃક્ષોની પૂરી માવજત કરી. ખાદીનો ગણવેશ પહેરી સોનગઢથી બોટાદ ટ્રેનમાં બેસી જમરૂખ વેચવા જાય. વધેલા ફળ બોટાદ માર્કેટિંગયાર્ડમાં આપી દેવાના. જે કમાણી થઈ તેમાંથી ઉત્તર ભારતની યાત્રા કરી. ભણતર સાથે ગણતર. જીવન ઘડતરના પાઠ શીખવા મળ્યા.

**લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સંવેદનાનું ઘડતર :**

૧૯૫૫માં વિનિત, મેટ્રીકની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ તેઓ ઉચ્ચશિક્ષણ માટે લોકભારતીમાં જોડાયા. છેલ્લાં વર્ષમાં મનુભાઈ પંચોળી સાથે વીશેક વિદ્યાર્થીઓ ઓરિસ્સાના કોરાપુટ જિલ્લામાં ગ્રામદાન વિસ્તારમાં ગયા. વિનોબાજીએ તકવંચિત ખેતમજૂરોને જમીન અપાવવા ભૂદાન આંદોલનની શરૂઆત કરેલી. વિદ્યાર્થીઓએ કોરાપુટના આર્થિક, સામાજિક પછાત વિસ્તારનો સર્વે કર્યો. લોકો સાથે સંવેદનાના તાર જોડાઈ ગયા. તે વર્ષે વિનોબાજી લોકભારતી આવેલા. તેમણે તેમના મંગલ પ્રવચનમાં લોકભારતીના સ્નાતકોને કોરાપુટમાં ગ્રામદાન કાર્યક્રમ માટે સામેલ થઈ જવાની હાકલ કરેલી. તેમનાથી પ્રભાવિત જયવંતસિહભાઈ અને પાંચેક મિત્રો રાજકોટ સુધી પદયાત્રામાં જોડાયા.

અસંખ્ય લોકો જમીનનું દાન કરવા લાગ્યા. લોકભારતીના છેલ્લાં વર્ષમાં ૬ માસ પ્રત્યક્ષકાર્ય માટે જુદા જુદા વિસ્તારમાં જવાનું રહેવાનું. જયવંતસિંહભાઈ બાગાયતી ખેતીના અનુભવો માટે વનસ્પતિશાસ્ત્રી ઈસ્માઈલભાઈ નાગોરીના ફાર્મ ઉપર તરવડા જિ. અમરેલી રહ્યા.

**સઘનક્ષેત્ર યોજના મણારના વ્યવસ્થાપક :**

જયવંતસિંહભાઈ તત્કાલીન મુખ્યમંત્રી ઢેબરભાઈના નિવાસસ્થાને સહકારમંત્રી રતુભાઈ અદાણી સાથે ભાવિ આયોજન અંગે ચર્ચાઓ કરી રહયા હતા. તે સમયે ભારત સરકાર રચિત ખાદીગ્રામોદ્યોગ કમિશન મુંબઈ દ્વારા ગ્રામીણ વિસ્તારના સર્વગ્રાહી ઉત્થાન માટે ૨૦૦ સઘનક્ષેત્ર યોજનાઓની શરૂઆત થવાની હતી. મનુભાઈએ આ પૈકીની એક યોજના તળાજા તાલુકાના ૩૫ ગામો માટે લેવાનું નક્કી કરેલ. મુખ્ય મથક મણાર. (અહીં ગ્રામદક્ષિણામૂર્તિએ પોતાના વિશાળ કૃષિ કેન્દ્રનો શુભારંભ કરેલો). અહીં માનદ્ સંચાલક મનુભાઈ. જયારે વ્યવસ્થાપક તરીકે જયવંતસિંહભાઈની નિમણૂક થઈ. મદદનીશ વ્યવસ્થાપક પ્રવીણભાઈ મહેતા (જેઓ પછી લોકશાળા મણારના આચાર્ય થયા) ૧૨ કાર્યકરોની ટીમ. ખાદીગ્રામોદ્યોગ દ્વારા સ્વરોજગાર. ૩૦ શાળાઓની બુનિયાદી શાળા તરીકે પસંદગી થઈ. અહીં બધા જ વિદ્યાર્થીઓ સમૂહમાં કાંતે. સૂતરમાંથી વણાટ, રંગાઈ અને ધોલાઈ થયા પછી ગણવેશ તૈયાર થાય. ત્રીજા વર્ષે ૫૦૦૦ વિદ્યાર્થીઓના યુનિફોર્મ્સના વિતરણ કાર્યક્રમનું આયોજન થયું. વિધાનસભાના અધ્યક્ષ રાઘવજીભાઈ લેઉવાએ જાહેરમાં પ્રતિભાવ આપતા કહ્યું કે, ‘આ યોજના દ્વારા ગાંધીવિચારનું સ્વપ્ન સાકાર થઈ રહયું છે.’

**જાહેરજીવનના પ્રહરી:**

જયવંતસિંહભાઈના જાહેરજીવનના પાયાનું ઘડતર થઈ ચૂકયું હતું. હવે તેના ઉપર ઈમારત ચણવાની હતી.

૧૯૬૯માં ૩૩ વર્ષની વયે મથાવડા ગામના સરપંચ થયા. ૧૯૭૨માં જિલ્લા પંચાયત ભાવનગરના સભ્ય અને ૧૯૭૫માં તળાજા તાલુકા પંચાયતના પ્રમુખપદે જવાબદારી વહન કરી. આ સમયે રાજ્ય સરકારે ખેતમજૂરો માટે ૧૦૦ ચોરસ વારના મફત પ્લોટની યોજના કાર્યાન્વિત કરેલી. તેનો લાભ લઈ જયવંતસિંહભાઈએ ૧૧૮ ગામોના ૧૦,૦૦૦થી વધુ આવાસ તૈયાર કરાવી વંચિત વર્ગના આશીર્વાદ પ્રાપ્ત કરેલા. આ ઘર માટે આવશ્યક લાકડું, છેક ડાંગ જિલ્લાના વઘઈ સેન્ટરમાંથી મેળવવામાં આવેલું.

**જિલ્લા સહકારી બેંક ભાવનગરના સુકાનીઃ**

૧૯૫૮,૫૯માં ભાવનગર જિલ્લાની સહકારી મંડળીઓના સંગઠન જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની સ્થાપના થયેલી. પ્રથમ પ્રમુખ જાદવજીભાઈ મોદી. ૧૯૬૫માં ઘોઘા તાલુકાના પ્રતિનિધિ તરીકે જયવંતસિંહભાઈની કોઆપ્ટેડ ડિરેકટર તરીકે પસંદગી થયેલી. ૧૯૬૬ થી ૧૯૯૨ બેંકના ડિરેકટર, ૧૯૭૧થી ૧૯૭૮ ઉપપ્રમુખ, ૧૯૭૫ થી ૧૯૮૧ મૅનેજિંગ ડિરેકટર તથા ૧૯૮૧થી ૧૯૯૨ પ્રમુખ તરીકે સક્રિય રહીને બેકીંગ ક્ષેત્રમાં પ્રાણ પૂરવાના ભગીરથ પ્રયાસો કરેલા. બેંકના સમગ્ર મેનેજમેન્ટના ટીમવર્કને પરિણામે રાજ્યમાં વસુલાતના ક્ષેત્રે ૧૭ વર્ષ સુધી આ બેંક પ્રથમ સ્થાન મેળવતી રહી. પાકવીમા યોજનાને કારણે જિલ્લાના એક લાખ ખેડૂતો લાભાન્વિત થયા. દુષ્કાળના વર્ષોમાં સહકારી મંડળીઓના સહયોગથી ૧૯૪ ગામોમાં કેટલ કેમ્પ યોજયા. ૧૯૭૮માં ખાદ્યતેલની રાષ્ટ્રીય અછત વર્તાયેલી. તે સમયે તળાજા પંથકના ખેડૂતો દ્વારા બેંકલોન મેળવીને શેત્રુજી ડેમના ઈરિગેશન કમાન્ડ વિસ્તારમાં ૭૦,૦૦૦ એકરમાં ઉનાળું મગફળીનું વાવેતર કરાવેલું. ગંજાવર ઉત્પાદનના ફલસ્વરૂપ તત્કાલીન કૃષિમંત્રી સુરજીતસિંગ બરનાલા આ ક્ષેત્રની મુલાકાતે આવ્યા અને ઉનાળું મગફળી પકવતા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા એકર દીઠ રૂ. ૧૫૦ની સબસીડી તાત્કાલીક જાહેર કરી.

૧૯૬૨માં ચીનના આક્રમણ સમયે વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ 'જય જવાન જય કિસાન' રાષ્ટ્રીય સૂત્રને ગૂંજતું કરેલું ત્યારે જયવંતસિંહભાઈએ મથાવડા ગામના સરપંચ અને તળાજા તાલુકા પંચાયતના સભ્યના નાતે આ તાલુકાના ઘઉં ઉત્પાદનના ક્ષેત્રે સમગ્ર રાજ્યમાં મોખરે રાખવાનું શ્રેય પ્રાપ્ત કરેલું.

**સિદ્ધેશ્વરી ખાંડ ઉદ્યોગ સહકારી સંસ્થાઃ**

તળાજા વિસ્તારમાં ધાન્ય પાકોની સાથે તેલિબીયા, કપાસ અને શેરડીના વિક્રમી ઉત્પાદનો થવા લાગ્યા. આ માટે જયવંતસિંહભાઈએ સહકારી ધોરણે રૂપાંતરણ માટે ખાંડ ફેકટરી શરૂ કરવાનો સંકલ્પ કર્યો. શેરડી પકવતા પાંચ હજારથી વધુ ખેડૂતોના સંગઠનની રચના કરી. જિલ્લા સહકારી બેંકના પ્રમુખ દલસુખભાઈ પટેલ અને જયવંતસિંહભાઈ બેંકના મૅનેજિંગ ડિરેકટર. ત્રણ માસની અંદર સૂચિત કારખાના માટે ૬૫ લાખ રૂપિયાનું શેર ભંડોળ એકત્ર થઈ ગયું. દૈનિક ૩૦૦૦ કિવન્ટલ શેરડી પિલાણની ક્ષમતા ધરાવતી સૂચિત સિદ્ધેશ્વર ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી સાકાર થવા જઈ રહી હતી. જયવંતસિંહભાઈ સૂચિત બોર્ડના પ્રમુખ. તે સમયે સ્થાપિત હિત ધરાવતા બે સભાસદો હાઈકોર્ટમાં ગયા. ફેકટરીની ખાસ સાધારણ સભા તા. ૧૩/૦૭/૧૯૭૯ના બોલાવવામાં આવી. કેટલાક તોફાની તત્ત્વોએ ભારે અરાજકતા ફેલાવી. એક બિનસભાસદની હત્યા થઈ. સભાના આયોજક રાજયના શ્યુગર નિયામકે સભા બરખાસ્ત કરી દીધી. ભાવનગર જિલ્લામાં સહકારી શ્યુગર ફેકટરીનું ભવ્ય સ્વપ્ન રોળાઈ ગયું.

**સમાપન :**

જયવંતસિંહભાઈ જિલ્લા સહકારી સંઘ ભાવનગરના વર્ષો સુધી પ્રમુખ રહ્યા હતા. ઉપરાંત જિલ્લા ખરીદ-વેચાણ સંઘ, મહિલા નાગરિક બેંક ભાવનગર, રાજ્ય સહકારી સંઘ, ગુજરાત રાજ્ય કૃષિ અને ગ્રામવિકાસ બેંક, રાજ્ય સહકારી બેંક, ગુજકોમાસોલ, ઈફકો, કૃભકો જેવી અનેક સહકારી સંસ્થાઓ સાથે અભિન્નપણે જોડાયેલા હતા. પંચાયત અને સહકારી ક્ષેત્ર સાથે તેમની નિસ્બતને લીધે અનેક રાષ્ટ્રોના અભ્યાસ પ્રવાસે જવાની તક તેમને પ્રાપ્ત થઈ હતી.

આજીવન સેવાજીવ (શ્રી જયવંતસિંહજી જાડેજાનું તા. ૨૬-૩-૨૦૨૫ ના રોજ દુઃખદ અવસાન થયું છે. એમની અધુરપ આપણે સૌને રહેશે. શ્રી દક્ષિણામૂર્તિ પરિવાર તરફથી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ )

## ૦૬ શક્ય છે જળ સળગવાનો સવાલ આવે?

**અર્ચના દવે**

---

પાણી પૃથ્વી ઉપર માણસ માટે વરદાનરૂપ છે. સૂર્યમંડળના નવ ગ્રહોમાંથી પૃથ્વીનો ગ્રહ જ એવો છે કે જેમાં પાણી પ્રાપ્ય છે. જળ વડે જ જીવન શકય છે. તેથી જ પ્રાચીન સમયમાં જયાં જયાં ભીતરથી જળની સરવાણીઓ વહેતી હતી, જયાં પાણી મળી રહેતું હતું ત્યાં ત્યાં માનવ સમાજ સંવર્ધિત થયો. ગંગા,યમુના,હરિદ્વાર,ૠષિકેશ, અયોધ્યા અને મથુરા જેવા પ્રાચીન નગરો ઊભા થયા. આદિમાનવના વખતથી પાણી જીવનના અનિવાર્ય અંગ તરીકે સ્વીકારાયું છે.

પાણી વિના પૃથ્વી ઉપર સજીવ કે નિર્જીવ સૃષ્ટિ ટકી શકે તેમ નથી. પૃથ્વીને આકાર આપવામાં વાતાવરણ રચવામાં પ્રથમ સજીવકોષ નિર્માણમાં, શરીરનું ઉષ્ણતામાન ટકાવી રાખવામાં, દરેક પ્રકારના શાકભાજી અને ખોરાકમાં, વીજળી પેદા કરવામાં, રેલવે એન્જિનો ચલાવવામાં, વહાણો ચલાવવામાં, રમતગમતમાં, દરેક પીણામાં, વરસાદી વાદળો રચવામાં, તમામ ઉદ્યોગોને ચલાવવામાં, સ્વચ્છતા રાખવામાં બસ પાણી પાણી અને પાણી જોઈએ છે. આ પાણી ખરેખર પૃથ્વી ઉપર પાણીદાર છે. પાણીનો વિનિયોગ અનેકાનેક ક્ષેત્રોમાં થાય છે. નિરાંતે તમે વિચારશો તો ખ્યાલ આવશે કે આ પાણી તો ગજબ પદારથ છે!!! ચાલો આપણે પાણી વિશે થોડુંક ચિંતન કરીએ કે આ પાણી નામનો પદારથ છે શું? શા માટે માનવજાતે પાણી માટે ગહન ચિંતન કરવું પડશે?

આનો જવાબ રસાયણશાસ્ત્રમાંથી મેળવવો તથા થોડુંક પાછલી ઘટમાળામાં હાઉકલું કરવું પડશે. બ્રહ્માંડમાં ઘૂમતી અબજો મંદાકિનીઓમાંથી એક મંદાકિનીમાં આપણો સૂર્ય છે. વળી આપણી આકાશગંગામાં અબજો તારાઓમાનો એક સામાન્ય તારો સૂર્ય છે. જયારે આ સૂર્ય સાથે કોઈ અન્ય અવકાશી પિંડ ટકરાયો (કે નજીકથી પસાર થયો) તેમાંથી સૂર્યગ્રહમાળાની રચના થઈ. શરૂઆતમાં તો બધા ગ્રહોની જેમ પૃથ્વી પણ આગના ગોળા જેવી હતી. જે ધીમે ધીમે ઠંડી પડતી ગઈ , લાવારસના થરો ઠંડા પડીને સપાટી ઉપર સ્થિર થયા. પાણીની વરાળ તથા અંગરવાયુ સર્વત્ર પ્રસર્યા અને વાદળો રચાવા લાગ્યા. જમીનની ગરમીને કારણે પાણીની વરાળ થઈ, વાદળો રચાયા ને વરસાદ થયો. વરસાદનું પાણી ગરમ સપાટી ઉપર પડવાથી ફરી તેના વાદળો રચાયા, ફરી વરસાદ. આ પ્રમાણે સતત હજારો વર્ષ ચાલ્યું, આખરે યોગ્ય ઉષ્ણતામાને જમીન આવી જતાં આ ચક્ર સ્થિર થયું.

બીજી એક આધુનિક માન્યતા જાણવા સમજવા જેવી છે. સૂર્યમાંથી સતત અનેક પ્રકારના કણો પ્રસરતા રહે છે. આવા આશરે ૨૦૦ પ્રકારના કણો છે. સૂર્યમાંથી ચો તરફ વછુટતા આ કણો આપણી પૃથ્વી ઉપર પણ આવવા લાગ્યા. શરૂમાં આ કણોનું કાંઈ થયું નહીં પરંતુ પૃથ્વી ઉપર યોગ્ય વાતાવરણ-ગરમી થયા એટલે આ કણોમાંથી અમુક કણો એકબીજા સાથે જોડાવા લાગ્યા! મુક્ત કણો ઓછા રહ્યા. જોડાઈને એક નવા પ્રકારનું કણ બનાવવા લાગ્યા. આ કણને આજે આપણે ‘પરમાણુ’ (ATOM) કહીએ છીએ. તમોને જાણીને આનંદ-વિસ્મય થશે કે આવા જેટલા પ્રકારના જોડાણ-કણો બન્યા તે જ આપણા તત્ત્વો ! એટલે જ આપણા તત્ત્વના પરમાણુઓમાં રહેલા મૂળભૂત કણો ઇલેક્ટ્રોન, પ્રોટોન, ન્યુટ્રોન વગેરે એક જ છે, માત્ર તેની સંખ્યાના ફેરફારથી જ એક તત્ત્વ બીજા તત્ત્વથી નોખું પડે છે. દા.ત. એક જ ટોપલામાંથી બનેલા પરમાણુમાં આ કણો આવેલ

છે. તો સવાલ એ થાય કે આ સોનુ અને લોખંડ જુદા કેમ? તેનું કારણ એ કે બંનેમાં રહેલા કણોની સંખ્યા એક સરખી નથી.

હા તો આવા ૧૦૦ પ્રકારના જોડાણો થઈને જે પરમાણુ બન્યા તેમાં ઓક્સિજન અને હાઈડ્રોજન તત્ત્વો પણ બન્યા. હવે આ પરમાણુઓ એવા છે કે એકબીજા સાથે તે જોડાઈ શકે તો એક નવું જ કણ બને, બની શકે છે. આવા કણને આપણે અણુ (MOLECULE)કહીએ છીએ તો જે પરમાણુઓ જોડાવાથી અણુઓ બન્યા તેના સમૂહને આપણે પદાર્થ અથવા તો સંયોજન કહીએ છીએ. પુનરાવર્તન કરીએ તો મૂળભૂત કણોના જોડાણથી પરમાણુઓ રચાયા, પરમાણુઓનો સમૂહ તે તત્ત્વ, પરમાણુઓના સંયોજનથી રચાયા તે અણુ અને અણુઓનો સમૂહ એટલે સંયોજન પદાર્થ.

ફરી મૂળવાત પર આવીએ પૃથ્વી ઠરતી જતી હતી ત્યારે જે પરમાણુઓ રચાયા તેમાં હાઈડ્રોજન અને ઓક્સિજનનું પ્રમાણ ખૂબ વધારે હતું. જેથી તેમના જોડાણથી બનતા અણુઓની સંખ્યા પણ વિશેષ રહી (આજે આપણો સૂર્ય જ નહીં મોટાભાગના અવકાશી પિંડો હાઈડ્રોજનના અખૂટ ભંડારો છે) આમ પૃથ્વી ઉપર રચાવા લાગેલા અણુઓમાં હાઈડ્રોજન,ઓક્સિજનનું પ્રમાણ વિશેષ રહ્યું, જે પાણીનું એક અણુ રચાવા જવાબદાર છે

આમ બે વૈજ્ઞાનિક માન્યતાઓ પાણીના પૃથ્વી પરના અસ્તિત્વ વિશેની છે. હાઈડ્રોજન અને ઓક્સિજન પરમાણુઓની સંખ્યાની ગણતરી કરતા ખબર પડી કે પાણીના એક અણુમાં બે પરમાણુ હાઈડ્રોજન અને એક પરમાણુ ઓક્સિજનનું છે. તત્ત્વને ટૂંકમાં દર્શાવવા સંજ્ઞા વપરાય છે. જ્યારે પદાર્થને ટૂંકમાં દર્શાવવા સૂત્ર વપરાય છે. આ પ્રમાણે પાણીનું સૂત્ર $H_2O$ થાય છે. એટલે કે પાણીનું એક અણુ રચવું હોય તો બે પરમાણુ હાઈડ્રોજનના અને એક પરમાણુ ઓક્સિજનનું હોવું અનિવાર્ય છે. આ પ્રમાણે રચાતા પાણીના અણુઓ જ્યારે કરોડોની સંખ્યામાં ભેગા થાય ત્યારે એક બુંદ પાણી બને ! એટલે કે અણુ અતિશય સૂક્ષ્મ છે તેને માઇક્રોસ્કોપમાં જોવું પણ મુશ્કેલ છે, સમૂહને જોઈ શકાય છે

પાણીના ત્રણે સ્વરૂપો ઘન, પ્રવાહી અને વાયુ માનવજાત માટે આશીર્વાદ છે. આ ત્રણેય સ્વરૂપો પાસેથી માનવજાતે ખૂબ ઉપયોગી કામ લીધું છે. પાણીના અણુઓ આકારે સમુદ્રીભુજ ત્રિકોણ જેવો, જ્યારે બરફના સ્ફટિકનો આકાર ષટકોણાકાર છે. ૧૦૦ સેન્ટીગ્રેડે પાણીનું વરાળમાં રૂપાંતર થવા લાગે છે. પાણી કરતાં વરાળનું કદ ૧૭૦૦ ગણું વધારે છે. આ ગુણધર્મના આધારે પાણીની વરાળ કરીને પેદા થતા ધક્કાથી ઘણા મશીનો ચલાવી શકાય છે.

આપણે આગળ જોયું તેમ આ પૃથ્વી ઉપર અનેક પ્રકારના પરમાણુઓ સંયોજિત થઈને લાખોની સંખ્યામાં સંયોજનો રચે છે. પરંતુ પાણી એ બધામાં એક વિરલ પ્રવાહી છે. પાણી ખાવા પીવામાં જ વપરાય છે તેવું નથી, ખેતીવાડીમાં, તમામ ઉદ્યોગોમાં, તમામ વાહન વ્યવહારની ઊર્જા મેળવવા સીધું કે આડકતરું તથા તમામ મનોરંજન-સુખ-સગવડના સાધનોમાં પાણીની હાજરી અનિવાર્ય છે. સજીવ સૃષ્ટિને ટકાવી રાખનાર આ પાણીએ મનુષ્યને અનેક વખત સંકટમાં મૂક્યા છે એ હકીકત હોવા છતાં આ સૃષ્ટિનું વિરલ સંયોજન 'પાણી' સમગ્ર પૃથ્વીલોકનો 'પ્રાણ' છે. જળ એ જીવન છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. માટે વરસાદી પાણીનો સંગ્રહ કરવો, જમીનમાં પાણી ઊતારવું, મીઠા પાણીના ભંડારો સર્જવા, જળમંદિરોનું નિર્માણ કરવું, તળાવો, ઝરણા,સરિતાઓનું જતન કરવું એ માનવને અને સમગ્ર સજીવ સૃષ્ટિને ટકાવી રાખવા માટે યજ્ઞકાર્ય છે. પાણી પ્રાણનું રક્ષણ કરે છે અને પાણીની અછતથી પ્રાણનું ભક્ષણ થાય છે. જળ જ ખરી સંપત્તિ છે. પાણીને સાચવો એ તમને, આપણે, સમગ્ર જીવોને સાચવશે. મધુર પાણી પૃથ્વીનો આધારસ્તંભ છે. આવો એવા પાણી વિશે પાણી-દિવસ નિમિત્તે થોડું સહિયારું ચિંતન કરીએ અને એક કદમ માનવતા તરફ મૂકીએ.

લોકભારતી-સણોસરા

## ૦૭ 'મોખરે હસી હસી ધપે જવાન ડોસલો'

**પારસકુમાર**

દાંડીકૂચની ૭૫મી વર્ષગાંઠે ગાંધીજીના પ્રપૌત્ર તુષાર ગાંધીના મનમાં દાંડી સત્યાગ્રહ પર વોશિંગ્ટનના વિયેટનામ વેટરન્સ મેમોરિયલ જેવું દાંડી સોલ્ટ મેમોરિયલ બનાવવાનો વિચાર જન્મ્યો અને તુષાર ગાંધીએ તત્કાલીન વડાપ્રધાન મનમોહનસિંહ આગળ દાંડી સત્યાગ્રહ સ્મારક બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો. સ્મારક બનાવવાની મંજૂરી મળી ગઈ પણ મનમોહન સરકારનો કાર્યકાળ પૂરો થયો ત્યાં સુધીમાં સોલ્ટ મેમોરિયલનું નિર્માણ થઈ શક્યું નહીં. છેવટે નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા અને ૩૦ જાન્યુઆરી ૨૦૧૯ના દિવસે દેશને પ્રથમ 'નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરિયલ' મળ્યું.

'મોખરે હસી હસી ધપે જવાન ડોસલો' - અંગ્રેજોને હતું કે ગાંધીજી છેક દાંડી સુધી પગપાળા પહોંચી જ નહીં શકે પણ હિંદનો જવાન ડોસલો દોડ્યો અને ચપટી મીઠાનો ભંગ કરીને બ્રિટીશ સામ્રાજ્યમાં લૂણો લગાડ્યો.દાંડીકૂચમાં ગાંધીજીની ત્રણ પેઢી જોડાયેલી હતી.મહાત્મા પોતે, દીકરો મણીલાલ ગાંધી અને હરિલાલ ગાંધીનો દીકરો- ગાંધીજીનો પૌત્ર કાંતિલાલ ગાંધી.વર્ષો પછી દાંડીકૂચની ૭૫મી વર્ષગાંઠે મણીલાલ ગાંધીના દીકરા તુષાર ગાંધીના મનમાં દાંડી સોલ્ટ મેમોરિયલ બનાવવાનો વિચાર જન્મ્યો અને ગાંધીજીની વધુ એક પેઢી દાંડીયાત્રામાં જોડાઈ ગઈ. દાંડીયાત્રામાં ગાંધીજી સાથે જોડાનાર એક આશ્રમવાસી યાત્રીનું નામ હતું: ગણપતરાવ ગોડસે.

દરિયાના ગર્ભમાંથી મોતી મેળવી લાવે તે મરજીવા પણ માનવતાને ખાતર ચપટી મીઠાનો ભંગ કરવા નીકળી પડે તે મહાત્માના મરજીવા. મહાત્માના મરજીવા હોવું એટલે માનવતાના મૂળમાં હોવું. દાંડીયાત્રા નીકળી ત્યારે આશ્રમના ૭૯ દાંડીયાત્રીઓના હાથમાં ગાંધીજીએ કરેલો ગીતાનો અનુવાદ 'અનાસક્તિયોગ' પુસ્તક મૂકવામાં આવ્યું. દાંડીકૂચ દિવસ એટલે 'અનાસક્તિયોગ' ગ્રંથનો અવતરણ દિવસ. સાબરમતી આશ્રમથી ૭૯ મરજીવા અમરત્વને વરવા દાંડીયાત્રાએ નીકળ્યા. પાછળથી બીજા બે યાત્રીઓ પણ જોડાયા. સોલ્ટ મેમોરિયલમાં બાપુ સાથે જોડાયેલા મરજીવા જેવા ૮૦ યાત્રીઓની બેનમૂન પ્રતિમા મૂકવામાં આવી છે. ગાંધીજી જે ૨૪ ગામમાં રોકાયા હતા તેની ઝાંખીરૂપે ગામના સ્મારક પણ મૂકવામાં આવ્યા છે. સ્મારકમાં બે ઊંચા સ્તંભ પર મીઠાનો કણ દૂર દૂરથી દેખાય એ રીતે લટકાવવામાં આવ્યો છે. દાંડીકૂચ ભલે સાબરમતીથી દાંડી સુધી યોજાઈ પણ મીઠાના કાયદાનો વિરોધ કરવા દેશભરમાં ઠેર ઠેર કૂચ યોજાઈ ગઈ. બાપુના પગલે પગલે રાજગોપાલાચારીએ પણ તમિલનાડુમાં પણ કૂચ કરી. ધર્મનું મોતી પામવા અપમાનિત માનવતાને મરજીવાના માર્ગે વળાવે તેનું નામ મહાત્મા.

દાંડીયાત્રામાં ગાંધીજી સૌથી મોટા ૬૧ વર્ષના હતા અને આશ્રમવાસી વિઠ્ઠલ ઠક્કર માત્ર ૧૬ વર્ષના હતા. કાકા કાલેલકરના બંને દીકરા બાલ દતાત્રેય કાલેલકર અને સતીષશંકર કાલેલકર પણ યાત્રામાં જોડાયેલા.મહાદેવભાઈ દેસાઈ જીવનભર મહાત્માના ચરણની રજ બનીને રહ્યા છતાં દાંડીયાત્રામાં પ્રત્યક્ષ રીતે ન જોડાયા. મહાદેવભાઈ ગામડેગામડે યોજાતી દાંડીસભાનો દેશભરમાં પ્રસાર-પ્રચાર કરે તેવી ખુદ મહાત્માની ઈચ્છા હતી. નમક સત્યાગ્રહ માટે પહેલા ખેડાનું બદલપુર ગામ પસંદ થયેલું પણ મહાદેવભાઈ દેસાઈના મતે ખેડાની યાત્રા પાંચ-છ જ દિવસમાં પૂર્ણ થઈ જાય. જો યાત્રા લંબાવવામાં આવે તો દેશભરમાં પ્રચાર-પ્રસાર માટે પૂરતો સમય મળી રહે. મહાદેવભાઈનું સૂચન સરદાર સહીત સૌને ગમ્યું અને છેવટે નવસારીનું દાંડી ગામ સત્યાગ્રહ માટે પસંદગી પામ્યું. કોઈકે બાપુને મીઠાના

સત્યાગ્રહ માટે દાંડી ગામની વરણી કરવાનું કારણ પૂછ્યું ત્યારે બાપુ બોલ્યા, 'દાંડીની પસંદગી ઈશ્વરની છે.'

બાપુને દક્ષિણ ગુજરાતનો દરિયાકાંઠો દક્ષિણ આફ્રિકા હતા ત્યારથી જ હદયમાં વસી ગયેલો. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં કરેલી લડતમાં તેમની સાથે દક્ષિણ ગુજરાતના કાંઠાના યુવાનો પણ હતા. બાપુ તેમના જોશ અને પ્રમાણિકતાથી પ્રભાવિત હતા. પ્રબુદ્ધ લોકોને હતું કે દાંડીકૂચથી ધાર્યા પરિણામ નહીં મળે,આઝાદીની લડતમાં દાંડીકૂચ નોંધપાત્ર નહીં રહે. પણ સઘળા લોકોના તર્ક જુઠા સાબિત થયા અને દાંડીની દોડ આઝાદી મેળવવાની દોડ પણ બની રહી.

આશ્રમવાસીઓને નિરંતર પ્રશિક્ષણ મળતું રહે તે માટે બાપુએ દાંડીકૂચમાં કોંગ્રેસના સભ્યોને બદલે આશ્રમના પ્રશિક્ષિત મરજીવા જેવા કડક શિસ્ત અને અહિંસાના આગ્રહી સભ્યોની જ પસંદગી કરી. દાંડીકૂચ યાત્રીમાં આશ્રમની એકપણ મહિલાની પસંદગી ન થતા સૌ મહિલા દુઃખી થયેલી પણ યાત્રામાં લાઠીચાર્જ દરમ્યાન આશ્રમની મહિલાનો ઢાલ તરીકે ઉપયોગ થાય તે બાપુને મંજૂર નહોતું. પણ ગામડે ગામડેથી અનેક મહિલાઓ દાંડીયાત્રામાં જોડાઈ હતી.સરોજીની નાયડુ કારમાં બેસીને બાપુનું સ્વાગત કરવા પહોંચ્યા હતા.દાંડી ખાતે બાપુએ જયારે ચપટી મીઠાનો ભંગ કરતી જે ઐતિહાસિક તસ્વીર છે તેમાં બાપુની બરાબર પાછળ તેમના દીકરા મણિલાલ ગાંધી અને સ્વાતંત્ર્ય સેનાની મીઠુબેન પેટીટ જોવા મળે છે. દાંડીયાત્રા બોરસદ નજીક પહોંચી ત્યારે મહાત્માએ જીવનલક્ષી પ્રશિક્ષણ આપતા કહ્યું: 'માણસ યાત્રાએ નીકળે ત્યારે વાહન ન વાપરે એ પરંપરાથી ચાલતી આવેલી રીત છે. યાત્રામાં કષ્ટ સહન કર્યું હોય, લોકોના સુખદુઃખ જોયા હોય ત્યારે જ તે યાત્રા કહેવાય. આનો લાભ વિમાન,મોટર કે ગાડામાં બેસી યાત્રા કરનાર ન જ લઈ શકે. બચપણમાં માનતો કે ધર્મયાત્રા પગે ચાલીને જ થાય અને હજી ૬૦ વર્ષે પણ એમ જ માનું છું.' બાપુને મન દાંડીયાત્રા એટલે જ ધર્મયાત્રા.

દાંડીકૂચ બાપુની સાદગીની યાત્રા હતી. કૂચ દરમ્યાન બાપુ પાણી પીવાનો એક માટીનો પ્યાલો પાસે રાખતા. બાપુના સાથી પ્યારેલાલને લાગ્યું કે બાપુ જે પ્યાલામાં પાણી પીવે છે તે પ્યાલો તો ઉપરથી તૂટી ગયો છે. પ્યાલો બદલી નાખવો જોઈએ. પ્યારેલાલજી પ્યાલો ખરીદવા બજારમાં ગયા. એક પ્યાલાના છ પૈસા હતા પણ આઠ પૈસામાં બે પ્યાલા મળતા હતા. પ્યારેલાલજીએ બે પ્યાલા ખરીદી લીધા. રાત્રે ભોજન સમયે બાપુએ નવો પ્યાલો જોતાવેંત પૂછ્યું, 'જૂનો પ્યાલો ક્યાં?' પ્યારેલાલજીએ જવાબ આપ્યો, 'બાપુ જૂનો પ્યાલો ઉપર ઉપરથી તૂટવા લાગ્યો હતો,મને થયું કે પ્યાલો તૂટે તે પહેલા નવો પ્યાલો ખરીદી લઉં. સસ્તા ભાવે બે પ્યાલા મળતા હતા, બંને ખરીદી લીધાં.' બાપુ દુઃખી થઈ : 'ભાઈ, આ યાત્રામાં તમે મારા પર વધુ એક ભાર મૂકી દીધો. પ્યાલો તૂટે ત્યારે છેક નવો પ્યાલો લેવાનો હોય, સસ્તું મળવાના ચક્કરમાં સંગ્રહ કરવાનો ના હોય. આપણે બે પ્યાલાનો ભાર ઉપાડીને દાંડી નથી પહોંચવું.' નવા ખરીદેલા બંને પ્યાલા જરૂરિયાતમંદોને આપી દેવામાં આવ્યા ત્યારે છેક બાપુનો ભાર હળવો થયો. દાંડીકૂચ આશ્રમવાસીઓ માટે જીવનઘડતરની યાત્રા બની રહી. દાંડી દંડ દૂર કરવાની યાત્રા હતી, બાપુ યાત્રા દરમ્યાન જીવનલક્ષી દંડ અને દંડક બેઉ દૂર કરતા રહ્યા.

'આવવું ન આશ્રમે મળે નહીં સ્વતંત્રતા,જંપવું નહીં લગીરે જો નહીં સ્વતંત્રતા' જેવી દાંડીકૂચ કવિતા લખનાર કૃષ્ણલાલ શ્રીધરાણી પણ દાંડીયાત્રાના જ મરજીવા હતા. દાંડીકૂચમાં નીકળેલા ૮૧ આશ્રમવાસીની સાથે ગામેગામથી હજારો લોકો જોડાયા. મીઠાના કાયદાનો ભંગ કરવા નીકળેલી દાંડીકૂચ માનવધર્મની યાત્રા બની રહી.

ઈતિહાસમાં દાંડીકૂચને અમરત્વ પ્રાપ્ત થયું. તે થકી દેશભરની જેલો ઉભરાઈ ગઈ. અંગ્રેજોને પહેલીવાર સમાધાન કરવાની ફરજ પડી.વાઈસરોય ઈર્વિને ગાંધીજીને સમાધાન માટે બોલાવ્યા અને સમાધાનના માનમાં ચાનો વિવેક કર્યો ત્યારે બાપુએ ચાને બદલે લીંબુપાણી પીધું અને એ પણ ચપટી મીઠા સાથે.

મો. ૯૮૨૫૯૯ ૬૫૩૯

**બિંદુ - પાર્થેશ**

મિસ ઇન્ડિયા નાનકડાં ગામમાં!

હેલ્લો!

GCERTCમાંથી બોલું છું.

તમારી શાળા કેટલાં વાગ્યા સુધી ખુલ્લી હશે?

આશાએ જવાબ આપ્યો, આમ તો છ સાત વાગ્યા સુધી ખુલ્લી હોય. પણ આજે વરસાદનું વાતાવરણ છે. તેથી સાડા પાંચ વાગે બંધ કરી દેશું.

સામેથી અવાજ આવ્યો, ના ના બંધ ન કરતાં. ડૉકટર સ્વરૂપ સંપતને આપની શાળા જોવા મોકલી રહ્યા છીએ.

આશા ધબકારો ચુકી ગઈ !

સ્વરૂપ સંપત મારી શાળામાં? સૌ બાળકોને અને સાથી કાર્યકરોને જાણ કરી કે એક મોટી હસ્તી શાળાની મુલાકાતે આવી રહી છે. માત્ર આચાર્યાને ડૉ.સ્વરૂપ સંપતની બીજી ઓળખાણ પણ કહી. આચાર્યાના ચહેરા પર ચમક આવી ગઈ.

‘મારી શાળા’ના દરવાજે ગાડી ઊભી રહી. ધીમો વરસાદ ચાલુ હતો. આશા અને સૌ બાળકો, શિક્ષકોએ મહેમાનોને દિલથી આવકાર્યા. થોડી વાતો પછી સ્વરૂપબહેન કહે મારે આખી શાળા જોવી છે. વરસાદની ગતિ આશાના ધબકારા સાથે વધી રહી હતી. એ પણ આ મહાન હસ્તીના આગમનથી જાણે હરખઘેલો થયો હતો. આશાએ છત્રી ધરી. સ્વરૂપબહેન કેમ્પસમાં ફર્યા. આશાએ તેમને કહ્યું કે, આપ મારા ગમતાં હિરોઈન છો. તમારી ફિલ્મ અને સિરિયલ્સ મને જોવી ગમતી....... આશાએ શાળાનો - પ્રાંગણનો ખૂણેખૂણો બતાવ્યો.

વાત વાતમાં તેમને ખબર પડી કે આશા ગામમાં જ રહે છે. વાંસમાંથી બનેલ મકાનમાં રહે છે. આશાએ ઘરે આવવા આમંત્રણ આપ્યું.ગાડી ગામમાં આશાના ઘર પાસે અટકી. મિસ ઈન્ડિયાએ ગુજરાતના સાવ નાના ગામડાંમાં પગ મૂક્યો. કુતુહલવશ ગામલોકો ત્યાં આવી પહોંચ્યા. આશાએ સ્વરૂપબહેનનો પરિચય આપ્યો. લોકો હં હં કરતાં રહ્યાં. પણ આશા જાણતી હતી કે આમાંથી કોઈ સ્વરૂપબહેનને ઓળખાતા ન હતાં. મિસ ઈન્ડિયા વાંસમાંથી બનેલ મકાનમાં આવ્યા. વિમાનનો સમય થઈ ગયો હતો. માત્ર એક કલાક માટે જ આવેલાં. જતાં જતાં આશાને કહે, મને હજુ સંતોષ નથી થયો. હું બીજીવાર આવીશ.

આશા આ સાંભળી ખુશ થઈ ગઈ. તેનાથી બોલાઈ ગયું, તો મારા પતિનું એક સપનું છે કે ગામમાં એક નાટ્યશિબિર થાય. તો તમે હવે આવો તો એ માટે આવો. તમે અને વિકાસ મળીને નાટ્યશિબિર કરો. ‘ચોક્કસ. હું ફરી આવીશ અને આપણે ચોક્કસ નાટકની શિબિર કરીશું.’ આટલું કહી તેઓ આશાને ભેટ્યાં ! બધાંને આવજો કહી નીકળ્યાં. આશા હરખમાં ઘેલી ઘેલી થઈ રહી હતી. આવડી મોટી હસ્તી મને ભેટી ! એ વિચારે તેને રોમાંચથી ભરી દીધી હતી.આવડી મોટી ખુશી સમાતી ન હતી. ગામ વાળાને પૂછ્યું, આ કોણ હતાં તે ખબર પડી?

અજાણ ગ્રામજનોએ માથું ધુણાવી ના પાડી. આશા કહે, ‘આ પરેશ રાવળના પત્ની હતાં !’ ગામવાળાના ચહેરા પર આશ્ચર્ય ફરી વળ્યું. મોં ફાટી ગયા. ‘અરે બેન, પહેલાં ન બોલાય! આશા કહે, ‘ના. એ એક શિક્ષણવિદ્ તરીકે આપણી શાળા જોવા આવ્યા હતાં. પરેશ રાવળના પત્ની તરીકે નહીં.’

બીજે દિવસે શાળામાં પણ આશાને આ જ ઠપકો

મળવાનો હતો. આશાની આ જ દલીલ ત્યાં પણ રહેવાની હતી. સ્વરૂપબહેન ફરી આવવાનું કહી ગયા છે. મોટા માણસો કહે પણ આવે નહીં. એવું પણ જણાવ્યું. ઘરમાં જઈ આશા ખુશીમાં હાથ પહોળા કરી પથારીમાં પડી. આવડી મોટી હસ્તી મારી શાળામાં આવી, ગામમાં આવી, મને ભેટી, ફરી આવવાનું કહીને ગઈ. તેણે એક બે ઓળખીતાને ફોન કરી ઉછાળા મારતી ખુશીને વહાવી. એક હિરોઈન, મિસ ઇન્ડિયા, અભિનેતાના પત્ની અને શિક્ષણવિદ્ 'મારી શાળા' મુલાકાતે આવ્યાં શું કામ? બનેલું એવું કે સ્વરૂપબહેને સંતાનોના ઉછેર માટે અભિનય ક્ષેત્રમાં અલ્પવિરામ મૂક્યો. બાળઉછેરમાં તેઓને રસ પડ્યો. પરિણામે બાળકેળવણી તરફ આગળ વધ્યાં. વિદેશની યુનિવર્સિટીમાંથી Ph.Dની ડિગ્રી મેળવેલી. મિસ ઇન્ડિયાને દેશ માટે કામ કરવાની ઝંખના જાગી.તેઓએ મોટાભાગના રાજ્યોને પત્ર લખ્યો કે હું આપનાં રાજ્ય માટે શિક્ષણનું-કેળવણીના ક્ષેત્રે કામ કરી શકું તેમ છું. જો આપની ઈચ્છા હો તો.

એ વખતના ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ તે માટે તૈયારી બતાવી. સ્વરૂપબહેનને મળવા બોલાવ્યા. મુખ્યમંત્રીને મળ્યા પછી તેઓને GCERTCની મુલાકાતે મોકલવામાં આવ્યા. વાતચીતમાં સાંજના ચારેક વાગી ગયાં. સ્વરૂપબહેનને એકાદ શાળા જોવાની ઈચ્છા બતાવી. જેથી ગુજરાતની શાળાનું સ્તર જાણવા મળે. આ સમયે એવી કંઈ શાળા હોય જે મહેમાન જાય ત્યાં સુધી ખુલ્લી હોય ? એકાદ કલાકમાં એરપોર્ટ પહોંચી શકાય એટલી નજીક હોય. વળી, ગુજરાતના શિક્ષણસ્તરને બતાવી શકે તેવી હોય?

અધિકારીઓને 'મારી શાળા' યાદ આવી.'મારી શાળા' ની મુલાકાતે મોકલ્યા. સ્વરૂપબહેનને ગુજરાતની પ્રાથમિક શાળાઓ માટે 'લાઈફ સ્કીલ થ્રુ ડ્રામા' પ્રોજેક્ટની શરૂઆત કરી. પણ વિકાસનું સપનું એવી નાટ્યશિબિરનું શું થયું? શું મિસ ઈન્ડિયા ફરી આશાના ગામમાં આવ્યા?

ક્રમશઃ

મો.૯૪૨૮૦૦૦૫૪૧

**સહજ**

તા. ૩ થી ૧૦ જૂન ૧૯૪૨ (આઠ દિવસ) લુઇ ફીશરે સેવાગ્રામમાં ગાંધીજી સાથે રહીને નિરાંતે મુલાકાત કરેલી એ પછી લુઇ ફિશરે

'ગાંધીજી સાથે અઠવાડિયું'-'A week with Gandhi' નામે પુસ્તક-લખ્યું હતું. એ પુસ્તકમાં લુઇ ફીશરે ગાંધીજી વિશે કહ્યું છેઃ

'ગાંધીજી સાથેના નિકટના બૌદ્ધિક સમાગમમાંથી જે આનંદ મળે છે તેનું એક કારણ એ પણ છે કે તેઓ પોતાના મનનાં દ્વાર ખરેખર ખુલ્લાં મૂકે છે ને અંદરનો સંચો કેવી રીતે ચાલી રહ્યો છે તે પ્રશ્નકર્તાને જોવા દે છે. ઘણાખરા લોકો જ્યારે વાત કરે છે ત્યારે તેઓ પોતાના વિચારો છેવટના સંપૂર્ણ રૂપમાં રજૂ કરવા મથે છે, જેથી સામા માણસને એના પર પ્રહાર કરવાનો ઓછામાં ઓછો અવકાશ મળે. ગાંધીજીનું એવું નથી તેઓ પોતાની વિચારસરણીનું એકેએક પગથિયું તત્કાળ પ્રગટ રીતે બોલીને બતાવે છે. ગાંધીજીમાં દંભ નથી, તેઓ સરળ અને સહજ જીવનશૈલી જીવે છે.'

લુઇ ફીશરે ગાંધીજી સાથેની વાતચીતનો આનંદ પ્રગટ કરતા લખ્યુંઃ

'ગાંધીજી સાથેની મારી વાતચીતો એ જિંદગીનો લહાવો હતો, જીવનમાં નવું ચેતન રેડનારો અનુભવ હતો. ગાંધીજી એ સૃષ્ટિનું અનુપમ દ્રશ્ય છે. તેમના વ્યકિતત્વ અને માનસ સાથેનો બૌદ્ધિક સમાગમ આપણા વિચાર અને લાગણીને જાગૃત કરે છે.'

## ૦૯ બન્નીમાં રાતે દેખાતો રહસ્યમય પ્રકાશ શું છે?

**માવજી મહેશ્વરી**

---

વિચારો માઈલો સુધી રણ વિસ્તરીને પડ્યું હોય, સુમસામ રાત્રી હોય, નિશાચરોના આછાં સંચાર અંધકારને ડરામણું બનાવતા હોય. એવા સમયે અચાનક જ આગના ભડકા ઊઠે, નીલા અને કેશરી રંગના આગના ગોળા આગળ પાછળ ઘુમવા માંડે અને અચાનક અદ્રશ્ય થઈ જાય ત્યારે જોનારની હાલત શું થાય? બરાબર એવું જ કચ્છના ઘાસિયા વિસ્તાર બન્નીમાં થતું હોવાની વાત સદીઓથી લોકમુખે ચર્ચાતી રહે છે. સરહદે પેટ્રોલીંગ કરતા આર્મીના જવાનો પણ આ વાતને પુષ્ટિ આપે ત્યારે માનવું પડે કે, 'કશુંક તો છે જ' કચ્છના બહુ ચર્ચિત રણ વિસ્તાર બન્નીમાં, ખાસ કરીને ભાદરવો અને આસો મહિનામાં એક રહસ્યમય પ્રકાશ દેખાય છે. ત્યાંના સ્થાનિક લોકો તેને 'છિરબત્તી' કહે છે. કચ્છીભાષામાં 'છિર'નો અર્થ ભૂત થાય છે. જગતમાં અન્યત્ર પણ આવી Gost light દેખાતી હોવાના બનાવો બને છે.

જગત અજાયબીઓથી ભર્યું પડ્યું છે. આપણી આખીય પૃથ્વી, તેના ઉપર સુક્ષ્મ જીવાણુઓથી માંડીને મહાકાય જીવો સહિત તમામ વનસ્પતિનું હોવું અને નાશ થવો એ રાસાયણિક ખેલ છે. વિજ્ઞાન એને અમુક હદે અચલ માને છે, તેમ છતાં ક્યારેક વૈજ્ઞાનિકોને છક્કડ ખવડાવે તેવા બનાવો બનતા રહ્યા છે અને બનતા રહેશે. બર્મ્યુડા ત્રિકોણ અજુય અચંબિત કરે છે. ત્યારે એવી જ અચંબામાં નાખી દેતી ઘટના કચ્છના રણમા આવેલા બન્ની વિસ્તારમાં બનતી હોવાનું ત્યાંના સ્થાનિક રહેવાસીઓ કહે છે. બન્નીના લોકો તેને ચમત્કાર માને છે. બન્ની વિસ્તારમાં ચોમાસાના પાછલા દિવસોમાં એક રહસ્યમય પ્રકાશ દેખા દે છે. એ પ્રકાશ હેરત પમાડે તેવો છે. એ પ્રકાશ સામાન્ય રીતે લાગતી આગની જ્વાળા જેવો નથી. એ નીલા અને કેશરી અને વાદળી રંગના ગોળા જેવો છે. એ ગોળા એક કે વધુ સંખ્યામાં હોય છે. કેટલીક્વાર એ ગોળા કતારમાં ગોઠવાઈને નૃત્ય કરતા હોય એવું જણાય છે. તો ક્યારેક જોનારની સામે ધસી આવે છે. બન્નીના રહેવાસીઓએ અનેકવાર આ પ્રકાશ જોયો હોવાનું કહે છે. તેઓ આ પ્રકાશને ભૂતિયો પ્રકાશ કહે છે, તો કેટલાક પૂર્વજોના આશીર્વાદ પણ માને છે. સામાન્ય રીતે તેઓ આ પ્રકાશને 'છિરબત્તી' કહે છે. 'છિર'નો અર્થ ભૂત એવો થાય છે.

બન્નીના આ પ્રકાશની ઘટનાના વૈજ્ઞાનિક સત્યો બહાર નથી આવ્યા, માત્ર તર્કને આધારે એ પ્રકાશનું કારણ આપી દેવામાં આવ્યું છે. તેમ છતાં ત્યાંના સ્થાનિક રહેવાસીઓ એ સત્યોને માનતા નથી. જોકે આ ઘટનાનો અભ્યાસ કરવા મહિનાઓ સુધી બન્નીમાં રહેવું પડે. તેમ છતાં એ પ્રકાશ ન દેખાય એવું પણ બને. એટલે જ્યાં સુધી તેનું વિડીઓ રેકોર્ડીંગ ન થાય અને તેનો શાસ્ત્રીય અભ્યાસ ન થાય ત્યાં સુધી વિજ્ઞાન પણ સાચું છે અને રહેવાસીઓ પણ સાચા છે એમ માનવું પડે.

આમ તો આખુંય કચ્છ એક ચમત્કારી પ્રદેશ છે. કચ્છનું રણ અજોડ છે, તો રણની જીવસૃષ્ટિની ખાસિયતો પણ વિશિષ્ઠ છે. એટલે જ કચ્છની મુલાકાતે આવતા પ્રવાસીઓ રણ વિસ્તારને જોવાનું પસંદ કરે છે. કચ્છની ભૂગોળ વિશ્વ માટે એક પ્રયોગશાળા જ છે. અહીં રહસ્યો છે, કુતુહલો છે અને ખોવાઈ જવાય તેવી સૃષ્ટિ છે. કચ્છના બન્ની વિસ્તારમાં

દેખાતો પ્રકાશ અનેકવાર ચર્ચામાં આવ્યા પછી પણ હજુ કોઈ ચોક્કસ નિર્ણય પર આવી શકાયું નથી કે એ પ્રકાશ ખરેખર શું છે. કચ્છ વિશેની આવી ઘટનાઓ જ પ્રવાસીઓ અને અભ્યાસુઓને કચ્છમાં ખેંચી લાવે છે. થોડા સમય પહેલા એવો અખબારી અહેવાલ આવ્યો હતો કે કચ્છના નાના રણ વિસ્તારમા મીઠું પકવતા આગરિયાઓ એકબીજા સાથે વાત કરવા અરીસા દ્વારા પ્રકાશ ફેંકીને સંદેશાની આપ-લે કરે છે. એ ઘટનાને બન્નીની ઘટના સાથે કોઈ સંબંધ નથી છતાં આગરિયાની ઘટના પ્રત્યાયનનું રણવાસીઓની એક આગવી પધ્ધતિ હોવાનું સાબિત કરે છે. 'છિરબત્તી' પણ કોઈ માનવીય પ્રવૃત્તિ હશે એવું પહેલે તબક્કે માનવામાં આવ્યું હતું. પરંતુ બન્નીમાં દેખાતો પ્રકાશ સામાન્ય માણસ દ્વારા ઉત્પન કરવો શક્ય નથી.

અહીં આ ઘટનાને સમજવા માટે સૌ પહેલા તેનો સમયગાળો સમજવો પડે અને તે કયા વિસ્તારમાં વધારે દેખાય છે એ પણ જાણવું પડે. કચ્છનો રણ વિસ્તાર બે જાતની જમીન ધરાવે છે. એક જમીન જ્યાં ચોમાસામાં પાણી ભરાઈ રહે છે અને એ પાણી સુકાઈ જતાં મીઠા(નમક)ના થર પથરાઈ રહે છે. બીજી જમીન, જ્યાં ઘાસ અને વૃક્ષો પણ થાય છે. જ્યાં માનવ વસવાટ છે. એ વિસ્તારમાં ઊંચા કદનું ઘાસ પણ થાય છે. વિશ્વ ભૂગોળમાં એ વિસ્તારને grass land કહેવાય છે. બન્નીમાં દેખાતો ભૂતિયો પ્રકાશ રણના મીઠાવાળા વિસ્તારમાં કે ખુલ્લી જમીન ઉપર દેખાતો નથી. તે માનવ વસ્તીવાળા કે ડુંગરાળ વિસ્તારમાં પણ દેખાતો નથી. તે માત્ર ઘાસિયા વિસ્તારમાં દેખાય છે. વળી આ પ્રકાશ માત્ર ચોમાસાના પાછલા દિવસોમાં જ દેખાય છે. તે સિવાયના સમયમાં દેખાતો હોવાનું કોઈ કહેતું નથી. આના ઉપરથી એવું કહી શકાય કે આ પ્રકાશને બન્નીના ઘાસિયા વિસ્તાર અને ચોમાસાની ઋતુ સાથે કોઈ વૈજ્ઞાનિક સંબંધ છે. જો એવું ન હોત તો એ પ્રકાશ નમકવાળા વિસ્તાર (સફેદ રણ)માં પણ દેખાતો હોત અથવા શિયાળા કે ઉનાળામાં પણ દેખાતો હોત.

વિજ્ઞાનના એક તર્ક અનુસાર મિથેન, ફોસ્ફાઈન, અને ડાયફોસ્ફેટના મિશ્રણના કારણે આવો પ્રકાશ ઉદ્ભવે છે. કચ્છના પેટાળમાં વિવિધ પ્રકારના કુદરતી વાયુનો ભંડાર હોવાની વાત પ્રસ્થાપિત થઈ ચૂકી છે. તેથી આ તર્ક બન્નીના પ્રકાશ માટે સુસંગત છે. ડાયફોસ્ફેટ અને ફોસ્ફાઈનનું મિશ્રણ હવાના ઓક્સીજન સાથે પ્રક્રિયા કરીને સ્વયંભૂ સળગે છે. આ ચીનગારી મિથેન સાથે ભળીને આગનો ગોળો બનાવે છે. હવામાં રહેલો મિથેન બળી જાય એટલે આગનો ગોળો નાશ પામે છે. થોડા સમય માટે જ તેનું અસ્તિત્વ હોય છે. ઉપરાંત ફોસ્ફાઈન એક ઉપપેદાશ તરીકે ફોસ્ફોરસ પેન્ટોક્સાઈડ ઉત્પન્ન કરે છે. જે પાણીની વરાળ સાથે સંપર્કમાં આવતાં ફોસ્ફોટિક એસિડ ઉત્પન્ન કરે છે અને એટલે જ ચોમાસામાં રહસ્યમય રંગીન પ્રકાશ દેખાય છે. અમેરિકાના કેલિફોર્નિયા અને ઈન્ડોનેશિયાના જકાર્તા જેવા રણ કે સપાટ પ્રદેશોમાં આવો જ ગેબી પ્રકાશ દેખાય છે. ત્યાં પણ લોકો એ પ્રકાશને વિશે જુદી જુદી માન્યતાઓને જોડે છે. અમેરિકાના મારફા વિસ્તારના કચ્છના રણ જેવા જ પ્રદેશમાં પણ ગેબી પ્રકાશ દેખાતા હોવાના કિસ્સા બન્યા છે. મારફા વિસ્તારમાં દેખાતા આ પ્રકાશને અમેરિકામાં મારફા લાઈટ નામ અપાયું છે. અમેરિકામાં એના વિશે સચોટ સંશોધન થયાં છે. પરંતુ કચ્છના બન્નીમાં દેખાતા રહસ્યમય પ્રકાશ વિશે હજુ સુધી કોઈ ખાસ સંશોધન થયાં નથી. ગુજરાત સરકારનું સંબંધિત ખાતું આ પ્રકાશ વિશે આધારભૂત સંશોધન કરે તો સત્યો બહાર આવશે.

મો.૯૦૫૪૦૧૨૯૫૭

## ૧૦ પુસ્તક પરિચયઃ 'વંદુ એ જગદીશને...'

**ડો. સી. ટી. ટૂંડિયા**

વ્યક્તિની પ્રતિભા વર્ગખંડમાં જ હોય તેવું કોને કહ્યું? પ્રવર્તમાન શિક્ષણપ્રણાલીમાં માત્ર આપણે વિષયવસ્તુને જ ચકાસીએ છીએ, મૂલ્યાંકન કરીએ છીએ. આ પુસ્તકમાં આપ સૌને એવા વ્યક્તિનો પરિચય કરાવરાવું છું કે, જેઓને સજાના ભાગરૂપે ધોરણ-૧૧માં નાપાસ કર્યાં અને બીજીવાર તેઓ જાતે જ તે ધોરણમાં નાપાસ થયા. શું શિક્ષકો જ આપણને નાપાસ કરે, જાતે ના થવાય તેમ કરી જાતે ના-પાસ થાય. વ્યસની, તોફાની અને રખડું વિદ્યાર્થી. જેમને પરિવારમાંથી, શાળામાંથી અને બોર્ડિંગમાંથી હાંકી કાઢવામાં આવે.

જે વિદ્યાર્થીએ પોતાની પ્રતિભા, અ-થાક પુરુષાર્થ અને પોતાના સંકલ્પબળ-મનોરથ દ્વારા પ્રારબ્ધનું પ્રયાગતીર્થ બની સમસ્ત વિશ્વને પોતાનો પરિચય આપ્યો. જેઓ વનપ્રવેશ નિમિત્તે કલા દ્વારા થતી તમામ આવક શિક્ષણ અને આરોગ્ય માટે ફાળવવાનું જોખમ ઉઠાવે! (આજ સુધી ચૌદ કરોડનું દાન કરી ચૂક્યા છે.) જેમણે પુસ્તકમાં સૂચિત કર્યા મુજબ બોતેર પુસ્તકો પ્રકાશિત કરેલ છે. જે વ્યક્તિનું નામ છે, પદ્મશ્રી ડૉ. જગદીશ ત્રિવેદી.

'વંદુ એ જગદીશને...' પુસ્તકનું લેખન મહેશભાઈ પઢારિયા દ્વારા અને પ્રકાશન વેદાંત પબ્લિકેશન્સ દ્વારા કરવામાં આવ્યું છે. આ પુસ્તક ''અસ્પૃશ્યતા નિવારણના ઝંડા ઝાલવાવાળા હજુ શિશુઅવસ્થામાં જ હતા, એવા કૂપમંડૂક સમયે એક અનુસૂચિત જાતિની કન્યાને સાચા અર્થમાં બહેન બનાવીને ભાઈ તરીકેની તમામ ફરજો તન, મન, ધનથી નિભાવનાર (ધ્રાંગધ્રા)ના વીર વિપ્ર 'શ્રી કાશીરામ મહેતા', લોકબોલીના સમર્થ નવલકથાકાર 'શ્રી દેવશંકર મહેતા' તથા જેમણે પતિના નરસાં પાસાંને વેઠી સારાં પાસાંને સતત પોષ્યાં છે એવા સંસ્કારી, સહનશીલ, સમજદાર, ધીરજવાન 'શ્રીમતી નીતાબહેન જગદીશ ત્રિવેદી' એમ ત્રણેયને સવિનય અર્પણ કરેલ છે.''

હાસ્યકલાકાર, હાસ્યલેખક, કવિ, દાનવીર અને સમાજસેવક ડૉ.જગદીશ ત્રિવેદી આ પુસ્તકના પ્રારંભે લખે છે કે, 'એણે જેમ રમાડ્યો, એમ હું રમ્યો છું' માં જણાવે છે કે, 'અહિયા હું મારી પત્ની નીતાને યાદ ન કરું એ વાજબી નથી. હું કુટેવોનું કારખાનું હતો. હું વ્યસની અને માંસાહારી તો હતો સાથેસાથે અતિશય ક્રોધી પણ હતો. ક્રોધના આવેશમાં મેં મારી ગભરુ પારેવા જેવી પત્ની ઉપર હાથ ઉપાડવા સુધીની મહાભૂલો કરી છે. એણે પોતાના કુંવારા ભાઈ-બહેન અને અમારા પુત્ર મૌલિકની ચિંતા કરીને છૂટાછેડા લેવાને બદલે મને ખૂબ સહન કર્યો. માણસને છોડવાને બદલે માણસ પોતાના દુર્ગુણોને છોડે ત્યાં સુધી ધૈર્યપૂર્વક સહન કર્યો. મેં ઘણીવાર લખ્યું છે કે નીતાએ મને છોડી દીધો હોત તો હું વધુ બગડી ગયો હોત.'

આ જીવનકથાના લેખક 'મારી શોધયાત્રા' માં લખે છે કે, 'તારીખ ૧૫મી ઓક્ટોબર ૨૦૧૭ના રોજ સુરેન્દ્રનગરના આંગણે ડૉ.જગદીશ ત્રિવેદીના વનપ્રવેશ અંગેના 'વાનપ્રસ્થના વધામણાં' કાર્યક્રમમાં ભાવકો-ચાહકોની હજારોની ભીડ પૈકીના એક તરીકે હું હાજર હતો. આ કાર્યક્રમમાં જગદીશભાઈએ હવે પછીની તમામ આવક સમાજકલ્યાણ, આરોગ્ય અને શિક્ષણક્ષેત્રે આપવાની જાહેરાત કરેલી. આ કાર્યક્રમ પછી મનમાં વિચારો ઘોળાતા રહ્યા કે આવી ધીકતી કમાણી કોઈ માણસ આટલી સહજતાથી છોડી શકે ખરો?'

પુસ્તકના સાંકળિયામાં ઊજળી પરંપરાનું ફરજંદ,

બાળજગના પરાક્રમો, બ્રાહ્મણ બોર્ડિંગમાંથી બરતરફથી લઈને... જગદીશ ત્રિવેદીઃ સાત અક્ષર, સાત ક્ષેત્ર એમ એકવીસ પ્રકરણો છે. જગદીશ ત્રિવેદીના સાત ક્ષેત્રમાં હાસ્ય, નાટક, કવિતા, પ્રવાસ, શિક્ષણ, ચિંતન અને દાન મુખ્યત્વે છે. મેઘધનુષ્યના સાત રંગોની જેમ વ્યક્તિત્વના સાત ક્ષેત્રો જીવનની રંગોળીમાં રંગ પૂર્યા છે.

પુસ્તકમાં લેખકે જગદીશ ત્રિવેદીનું ગામડાં ગામનું પ્રચલિત કાવ્ય પણ મૂક્યું છે,

ધૂળ ઢેફાં ને પાણા હોય, ભીંતે-ભીંતે છાણાં હોય,
ટાણાં એવાં ગાણાં હોય, મળવા જેવા માણાં હોય.

જગદીશભાઈનું ગામ તો થાનગઢ. જ્યાં તેઓની ઝેરોક્ષની દુકાન. 'જગો ઝેરોક્ષવાળો'થી ગામમાં ઓળખાય. કૉલેજકાળમાં નાટકો પણ અદ્દભૂત લખ્યા અને રંગમંચ પર ભજવ્યાં પણ ખરાં. વાંકાનેરમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવ્યું. સુરેન્દ્રનગરમાં કૉલેજ કરી. આ 'કૉલેજીયન જગદીશ'ને નાટકો લખવામાં, ભજવવામાં, કવિતાઓનું પઠન કરવું વગેરે સ્પર્ધામાં ઓતપ્રોત થતો ગયો. આવી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓએ તોફાની-અલ્લડ પ્રતિભાને ઓપ આપવાનું કામ કર્યું. તોફાનમાં સર્જનાત્મકતા ભળે ત્યાં હાસ્ય નિષ્પન્ન ન થાય તો જ નવાઈ !

રાષ્ટ્રીયશાયરનો જ્યાં જન્મ થયો તે ગુજરવદી ગામમાં જગદીશનો જનમ. ડુંગરાઓમાં રમનારો અને ભ્રમણ કરનારો માણસ. માતાપિતા શિક્ષક. તેઓના કાકાને સંતાન નહિ હોઈ ભગવાન કૃષ્ણની જેમ સોંપાયા. આ કૃષ્ણના તોફાન ગુજરવદી ગામમાં કેમે કરીને સહન થાય. બાળ જગો બીડિયું પીવે, મિત્રને પતરી (બ્લેડ) મારી દે, ખેતરો, વાડી, વોકળાં, ઝાડ-પાનની સોબત,અલ્લડ રખડપટ્ટી અને થકવી દેતા તોફાનો. ગુજરવદી જેવા મોટા ગામમાં ના સમાયો, સરખો રહ્યો એ શું બોર્ડિંગમાં સમાઈ શકે? જગાના પરાક્રમોથી આખું ગામ અને શાળા તંગ આવી ગયેલી. માતાપિતા તો જગાને લીંબડી બોર્ડિંગમાં મૂકી આવ્યા. ભાઈ જગાએ તો બોર્ડિંગના નિયમોનું ઉલ્લઘન કરવાનું ચાલુ કર્યું. જેમ કે, સાયકલમાંથી હવા કાઢી નાખવી, નાસ્તાની લારીઓ ઉપર ઉધારમાં જલસાથી મિજબાની કરવી. પિતાએ આપેલા ટ્યુશનના પૈસાથી ક્રિકેટનો ડબ્બો રમવો અને ફિલ્મો નિહાળવી. જગો એટલે અતિ તોફાની, રખડું અને રંજાડ કરનારો વિદ્યાર્થી.

જગદીશના તોફાનોથી તંગ આવી જઈ ગૃહપતિએ ટ્રસ્ટી મંડળને રાજીનામું આપી દીધું! ગૃહપતિએ ટ્રસ્ટી મંડળને કહ્યું કે, 'તમો આ જગાને બ્રાહ્મણ બોર્ડિંગમાંથી હાંકી કાઢો અથવા મને.' ટ્રસ્ટી મંડળે વિચાર્યું કે, વિદ્યાર્થીઓ તો બીજા મળશે પણ ઓછા પગારવાળો બોર્ડિંગને ગૃહપતિ નહીં મળે. જ્ઞાતિબંધુઓએ જગાને બોર્ડિંગમાંથી Rrusticate કર્યો. ના ઘર સંઘરે ના બોર્ડિંગ અને ના શાળા.

નાના શ્રી દેવશંકર મહેતાએ બાલસહિત્યથી રોપેલા ચિંતનનું બીજ કુમળીવયમાં ઓશો અને જે.કૃષ્ણમૂર્તિની વાતોની હૂંફ મળીને અંકુરિત થયું. તેઓને ટ્રેનમાં મિમિક્રી, જોક્સ અને જોડકણાં કહેવાની ફાવટ આવી ગઈ. આમ, તત્ત્વચિંતન અને વાચાળતાનો સુભગ સમન્વય થયો અને શરુ થઈ જગદીશની નવી જીવનયાત્રા...વાંકાનેરની કૉલેજમાં સ્નાતક થયા. થાનમાં હમેંથી ઝેરોક્ષ સેન્ટર વિકસાવ્યું. એવા અરસામાં તેમની નીતાબહેન સાથે સગાઈ થઈ, એકમેકની મુલાકાતો થતી રહી. ઘણા મિલનની મીઠાશ પછી એક વખત એવો આવ્યો જેમાં બંને ચિંતાતુર બન્યા. 'હવે હું શું કરું... રડતા-રડતા નીતાબહેને કહ્યું.' જગદીશે કહ્યું, 'તું કાંઈ ચિંતા ન કરીશ... કાંઈક રસ્તો કાઢીશું.' નીતાબહેને કહ્યું કે, 'શું તમે ગર્ભપાત કરાવવાનું વિચારો છો' જગદીશ તોફાની ચોક્કસ હતો, પણ કરુણાની સરિતા તેનામાં નિત્ય વહેતી હતી. તેમને કહ્યું, 'ના... ના.. આપણે જે ભૂલ કરી એની સજા જે અવતર્યું પણ નથી એને કેમ અપાય? આપની સહિયારી ભૂલની જવાબદારી મારી છે એટલે હવે મને એક જ રસ્તો દેખાય છે. આપણે કોર્ટ મેરેજ કરી લઈએ.' બંને કોર્ટમાં લગ્ન કરી લે છે.

કલાગુરુ પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડના ગુરુવાક્યને

તેઓએ કલાના ક્ષેત્રમાં મંત્ર બનાવ્યો, 'સન્માનપૂર્વક સ્ટેજ ઉપરથી ઊતરી જવું પણ પોતાના સ્તરથી નીચે તો કયારેય ઊતરવું નહી.' આ વાક્યને જગદીશભાઈએ હૈયાનો દસ્તાવેજ બનાવી દીધો.

થાનગઢમાં પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડ સાથે કલાક્ષેત્રની અનૌપચારિક કેળવણી શરુ થઈ. દૂરદર્શનમાં દૂરનું દર્શન કરનારો આ માણસ પછી કયારેય બેઠો નથી, જે બેઠાં છે તેને ઊભા કરી, ટેકો કરનારો આ માણસ છે. જગદીશભાઈનો પહેલો કાર્યક્રમ હર્ષદ મહેતા આયોજિત મુંબઈની ઓબેરોય હોટેલમાં થયો. ગુરુની સેવાએ અભેપદ પામીએ... ને અનુસરીને તળેટીમાંથી શિખર સુધીની યાત્રા થાય છે. કલાજગતમાં દેખાય તેટલું ઉજળું નથી હોતું. સંગ તેવો રંગ. જગદીશભાઈ સોમરસના પ્યાસી બની ગયા. બ્રાહ્મણનું ખોળિયું, તેમાં સોમરસ પીવાનું કે અભક્ષ વસ્તુ ખાવાનું વિચારી જ શકીએ નહીં.

તોફાની-વ્યસની જગદીશ આત્મનિરીક્ષણ અને આત્મનિવેદન થકી જાતભણી જાતરા કરે છે. એવું કહેવાય છે કે, માણસ પૂરી નિષ્ઠાથી જીવંત મારગે પ્રયાણ કરે, પુરુષાર્થ આદરે તો તેની સફળતા માટે પૂરી 'કાયનાત' એની મદદમાં આવી પહોંચે છે. દરેક માણસની જિંદગીમાં 'ટર્નિંગ પોઈન્ટ' આવે છે. જેમાં સૌ પ્રથમ સ્વામી સચ્ચિદાનંદજી, પ્રિય મોરારિબાપુ, શ્રી માધવપ્રિયદાસજી સ્વામી અને ભાઈશ્રી રમેશભાઈ ઓઝાનું સાનિધ્ય-સત્સંગ-સમીપતા દ્વારા જીવનની દીશાઓ ખૂલી ગઈ. જિંદગીમાં અનેક વાલોપાત પછી પુરુષાર્થનું પ્રવેસ્દબિંદુ ટપકે છે. કલાગુરુનો મંત્ર, Show must go on... અને વેદના મંત્ર ચરેવેતી ચરેવેતી જેમ આ માણસ ચાલતો રહ્યો નહીં, દોડતો રહ્યો.

કથાનાયકે નાયિકાને આપેલો અસહ્ય ત્રાસનો એકરાર કરે છે તે મહાભિનિષ્ક્રમણ જ છે. તેઓ કહે છે કે, 'પોતે રામની ભૂમિકાએ નથી જ' એવી સભાનતા સાથે જગદીશભાઈએ પોતે પત્ની પર કરેલા જુલ્મો નિખાલસપણે ગણાવતાં કહ્યું, 'જો મારી પત્નીએ મને મારા પતનના સમયે સાચવ્યો ન હોત તો હું આજે જે છું તે ન જ હોત. મેં એને દુઃખ ને કેવળ દુઃખ જ આપ્યું. બદલામાં એણે મને સુખને માત્ર સુખ જ આપ્યું છે. હું તો કોઈપણ દ્રષ્ટિકોણથી આદર્શ પતિની વ્યાખ્યામાં ન આવું પણ છતાં નીતાએ મને વેઠી લીધો... એ નીતા મારા માટે 'સીતા' છે.''

જગદીશભાઈએ ત્રણ વખત તો Ph.D. કર્યું છે. એક એમના નાનાશ્રી, નવલકથાકાર દેવશંકર મહેતા ઉપર, બીજું તેઓના કલાગુરુ પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડ અને ત્રીજું પ્રખર રામાયણી મોરારિબાપુ વિષે કરેલું છે. તેઓએ દિવ્ય ભાસ્કર, સંદેશ અને ફૂલછાબ વર્તમાનપત્રોમાં કૉલમિસ્ટ તરીકે, બોતેર પુસ્તકોના લેખક, પ્રવાસી, અનેક હાસ્યના આલ્બમો પ્રસ્તુત કરનાર, અનેક નાટકો લખનાર, અનુવાદક, ચિંતક, સમાજસેવક, દાનવીરની જીવનકથા સૌને પ્રેરિત કરનારી છે. મેં તો પુસ્તકનું વિહંગાવલોકન કર્યું છે. પુસ્તકનું સમગ્ર દર્શન કરવા માટે આ પુસ્તક વાંચવું રહ્યું. જેમાં કળાનો સાધક જીવનનો તપસ્વી બનવા કેવા તપ કરે છે? સાથે સૌને એક માણસની માણસાઈથી સભર યાત્રા કેવી સાધના માગે તેના દર્શન થશે.

ગાંધીજીના 'સત્યના પ્રયોગો'ની જેમ જ આ પુસ્તકમાં સત્ય રહેલું છે. પ્રતિભા, પુરુષાર્થ અને પ્રારબ્ધનું પ્રયાગતીર્થ 'વંદુ એ જગદીશને...' પુસ્તક વાંચવું જ રહ્યું. કથાનાયકે કોઈ બાબતો છુપાવવાનો પ્રયત્ન નથી કર્યો આ બાબત વંદનીય છે અને સૌને અનુસરવા જેવી છે. ચાલો.. મારે તો આપ સૌને પુસ્તકનો પરિચય કરાવવો હતો.વ્યક્તિનો પરિચય તો આપે જ આ પુસ્તકના વાંચન દ્વારા કરવો જ રહ્યો. 'વંદુ એ જગદીશને...' પુસ્તક તમને સત્યનો સાક્ષાત્કાર ચોક્કસ કરાવશે જ તેવી મને ઊંડી શ્રદ્ધા છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર,
મોબાઈલઃ ૯૮૨૪૮ ૨૫૫૬૧

## ૧૧ જળ

ડો. સંજય આર. તલસાણીયા

---

આખાય બ્રહ્માંડમાં જો પાણી હોય તો એ પૃથ્વી પર છે. NASA એ માટે ખૂબ જ શોધખોળ કરી અને આજે પણ અનેક વૈજ્ઞાનિકો રાત-દિવસ એક કરી આકાશ-પાતાળનો તાગ મેળવી રહ્યા છે, શોધ કરી રહ્યા છે, છતાય પાણી પામી શક્યા નથી,અર્થાત જળ એ માનવજાતને મળેલી અનન્ય કુદરતી સંપત્તિ છે.આ જળને માનવ ભેટ સ્વરૂપે માનવાને બદલે પોતાની વ્યક્તિગત સંપત્તિ માની બેઠો છે, તેનો આડેધડ વેડફાટ કરી અને આજે તેને એટલું પ્રદૂષિત કર્યું છે કે તેની કલ્પના કરી શકતા નથી.

નદી, સરોવર, વાવ, તળાવમાં રહેલું પાણી એ માત્ર જળ નથી પણ તેની સાથે આપણી આસ્થ, શ્રદ્ધા ભાવનાઓ જોડાયેલી છે. ભારતવર્ષ પ્રાચીન દેશ છે. હિન્દુ ધર્મમાં પાણીનું વિશેષ ધાર્મિક મહત્ત્વ છે. તેથી જ કોઈપણ પૂજાની શરૂઆતમાં શુદ્ધ પાણીનો છંટકાવ કરીને શુદ્ધિકરણ કરવામાં આવે છે અને પાણીથી ભરેલો કળશ સ્થાપિત કરવામાં આવે છે. હિંદુ ધર્મમાં નદીને માતા તરીકે પણ પૂજવામાં આવે છે. પૂજાની સાથે અનેક મંત્રો અને શ્લોકોમાં પણ પાણીનું મહત્ત્વ જોવા મળે છે. શાસ્ત્રો અને પુરાણોમાં પણ પાણીનું મહત્ત્વ વર્ણવવામાં આવ્યું છે. ગંગા નદીના પાણીને સૌથી પવિત્ર પાણી માનવામાં આવે છે. વેદ, પુરાણ, રામાયણ, મહાભારત તમામ ધાર્મિક ગ્રંથોમાં ગંગાના મહિમાનું વર્ણન છે.

શિવપુરાણમાં કહેવાયું છે કે, ‘ભગવાન શિવ સ્વયં જળ છે.’ ‘મત્સ્યપુરાણ’માં કહેવાયું છે કે, ‘ જળાશયમાં માત્ર વરસાદની મોસમમાં જ પાણી રહે છે, જે મર્યાદિત સમયગાળા માટે અગ્નિસ્ત્રોત યજ્ઞનું ફળ આપશે. હેમંત અને શિશિરના સમયગાળા સુધી જે જળ રહે છે તે અતિરામ જેવા યજ્ઞનું ફળ આપે છે. વસંત સુધી રહેલું પાણી અશ્વમેધ યજ્ઞ જેવું પરિણામ આપે છે અને ઉનાળા સુધી રહેલું પાણી રાજસૂય યજ્ઞ જેવું પરિણામ આપે છે.’ આ જ કારણ છે કે હિંદુ સંસ્કૃતિમાં આધ્યાત્મિક અને ધાર્મિક વિધિઓમાં પાણીનું મહત્ત્વ છે. વેદ, ઉપનિષદ, સ્મૃતિઓ અને નીતિ ગ્રંથોમાં પાણીના મહત્ત્વ પર ભાર મૂકવામાં આવ્યો છે.

મહર્ષિ વેદ વ્યાસજી મહાભારતના સભાપર્વમાં કહે છે- ‘આત્મપ્રદં સૌમ્યત્વમ્ભદ્યશ્ચૈવોપજીવનમ્ ’ અર્થાત્ આત્મત્યાગ, સૌમ્યતા અને બીજાને જીવનદાન આપવાની શિક્ષા પાણીમાંથી લેવી જોઈએ.આમ જળ અને ભારતીય પરમ્પરાનો સાથ ચોલી દામનનો રહ્યો છે.

દોસ્તો, જળ વિના માનવ જ નહીં જીવસૃષ્ટિની કલ્પના કરવી નિરર્થક છે. પરંતુ આ જળદેવની આપણે અવહેલના કરી રહ્યા છીએ, તેને તુચ્છ સમજી તેનો બેફામ વ્યય કરી રહ્યા છીએ, જાણે-અજાણ્યે દૂષિત કરી રહ્યા છીએ. માનવની આ નાદાની તેને ખૂબ રાતા પાણીએ રડાવશે એમાં શંકાને સ્થાન નથી.

આઝાદી સમયે પ્રત્યેક ભારતીયને ૧૦૦ % પાણી મળતું આજે ૭૦% મળે છે. જે પાણી બચ્યું છે જે પૈકીનું સ્વચ્છ કેટલું તે વિશે વિચારીએ છીએ તો ધ્રુજી જવાય છે. યુનેસ્કોના એક રિપોર્ટ અનુસાર વિશ્વની ૮૬% સમસ્યા પાણીજન્ય છે. કોઈ જગ્યાએ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, સુનામી તો કોઈ જગ્યાએ પ્રદૂષિત પાણીના ઉપયોગથી માનવ પ્રભાવિત થઈ રહ્યો છે. આજે ૨૬ સેકન્ડે એક બાળકનું દૂષિત પાણી પીવાથી અથવા પાણી ન મળવાથી મૃત્યુ થાય

છે, માટે તો યુનેસ્કોએ ૨૨ માર્ચને વિશ્વ જળ દિવસ તરીકે ઉજવવાની ઘોષણા કરી છે. પરંતુ આ એક જ દિવસે જળ બચાવો અભિયાન ચલાવીશું તો એ શક્ય બનશે નહીં. એ માટે રોજ પ્રયત્ન કરવો પડશે, એકલે હાથે એ શક્ય નથી. પ્રત્યેક વ્યક્તિએ પાણી બચાવવું પડશે, પાણીને બચાવવા પાણી બતાવવું પડશે ! જીવનશૈલી બદલવી પડશે.

ઇઝરાયેલમાં ખૂબ ઓછો વરસાદ પડે છે પરંતુ ત્યાંની જનતાએ પાણીનું એવું તો સુંદર આયોજન કર્યું છે કે ત્યાંની ખેતપેદાશ, ફળ, શાકભાજી, વિદેશમાં નિકાસ કરી ખૂબ આર્થિક ઉપાર્જન મેળવે છે. ભારતમાં અનેક નદીઓ વહે છે, વરસાદ પણ સારી માત્રામાં પડે છે પરંતુ શિયાળો આવતા જ પાણીની મોકાણ શરૂ થાય છે. જળસંકટ એ કોઈ કુદરતી આપદા નથી, માનવીએ પોતે પોતાના પગ પર મારેલો કુહાડો છે. પોતે ઊભી કરેલી સમસ્યા છે.

એક સર્વે મુજબ ગામ કરતાં શહેરોમાં પાણીનો વિશેષ બગાડ અથવા ઉપયોગ થાય છે. પાણીના વ્યય માટે ત્રણ પરિબળો પૂર્ણ છે. ઓદ્યોગિક વિકાસ, શહેરીકરણ અને વસ્તી વધારો આ ત્રણેયને કોઈ સંજોગોમાં રોકી શકીએ એમ નથી. પાણીનો પ્રશ્ન દર વર્ષે વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહ્યો છે.એક બાજુ આપણે વૃક્ષો કાપી રહ્યા છીએ, બીજી બાજુ બ્લોક નાખી રહ્યા છીએ, રસ્તાઓ વિશાળ અને મોટી-મોટી ઈમારતો નિર્માણ કરી માનવી હરખાઈ રહ્યો છે પરંતુ તેની પાછળ રહેલી જળ સંકટની વિકરાળ સમસ્યાનો ઓછાયો તેને દેખાતો નથી.જળનો મૂળભૂત સ્ત્રોત વરસાદ છે,એ વરસાદ કાચા સોનારૂપે પડે તો છે, પરંતુ તે જમીનમાં હજમ થતું નથી અને વહી જાય છે.નદી-નાળા, ગટરમાં થઈ દરિયામાં મળી જાય છે. બીજી તરફ વિશ્વમાં ભારત એક એવો દેશ છે તે સૌથી વધુ ભૂગર્ભજળનો ઉપયોગ કરે છે. વધુ ખેત ઉત્પાદન મેળવવા ત્રણેય ઋતુમાં તેનો ઉપયોગ કરે છે જેથી વોટર લેવલ ઘટી રહ્યું છે.ખેડૂતો જમીનમાં ૧૦૦૦ -૧૫૦૦ ફૂટના બોરવેલ કરી ભૂગર્ભજળ ખાલી કરતા જાય છે. આમ, વોટર લેવલ એ આજનો પ્રાણ પ્રશ્ન બની રહ્યો છે. એક સમય હતો જ્યારે બારેમાસ નદીઓ વહેતી હતી, નદીમાં નવાજૂના વરસાદી પાણી ભેગા થતા હતા. આજે કરુણતા એ છે કે એ પૈકીની અનેક નદીઓ વાંજણી બની રહી છે છતાં કોઈના પેટનું પાણી પણ હલતું નથી.આજે ૧૬૦૦ પ્રકારની પ્રજાતિઓને આપણે ખતમ કરી દીધી છે અને ઘણી પ્રજાતિઓ નાશ થવાને આરે છે, છતાં કોઈની આંખનો ખૂણો પણ ભીનો થતો નથી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી કહેતા કે, 'પૃથ્વિ દરેક માનવીની જરૂરિયાતને પૂરી કરવા પૂરતી છે પરંતુ દરેક માનવીના લોભને નહીં.'

શું તમે જાણો છો એક કિલો ઘઉં ઉત્પન્ન કરવા ૧૫૦૦ લીટર પાણી અને એક કિલો ચોખા ઉત્પન્ન કરવા ૪૫૦૦ લિટર પાણીનો ઉપયોગ થાય છે તેમજ એક મોટરકાર તૈયાર કરવામાં એક લાખ લિટર જળની જરુર પડે છે.

સરકાર દ્વારા 'હર ઘર જલ, હર ઘર નલ'ની યોજના ૨૦૧૯ થી શરૂ કરી છે પરંતુ એ જ તો પાણીના વેડફાટનું કારણ બન્યું છે. કેમકે વ્યક્તિને જ્યારે મફત કોઈ વસ્તુ મળે છે ત્યારે તેની કિંમત સમજાતી નથી અને આ યોજનાનો લાભ લેવાને બદલે વ્યર્થ પાણીનો ઉપયોગ થઈ રહ્યો છે. જળને જન-જને બચાવવું પડશે. પ્રત્યેક બુંદ જિંદગી છે એમ સમજવું પડશે, પાણી પહેલાં પાળ બાંધીશું તો જ જળ સંકટમાંથી ઉગરી શકીશું.

ગામ હોય કે શહેર , ઉત્સવ હોય કે તહેવારો,મેળાવડાઓ, પ્રસંગ, ધાર્મિક- વિધિવિધાનો, જો જળને બચાવીશું તો વહી જતું અટકાવીશું એ જળ બચાવવાનો વિકલ્પ છે. વરસાદી પાણીને વહી જતું અટકાવવું વોટર હાર્વેસ્ટિંગ માટે અગ્રસ્થ બનવુ પડશે. આજે જેને આપણે ગામડાનો અભણ ખેડૂત ગણીએ છીએ તે પણ પોતાના ખેતરમાં નાના મકાનના તળમાં વોટર હાર્વેસ્ટિંગ માટે ભૂગર્ભ ટાંકાઓ બનાવે છે. કર્તવ્ય છે કે આપણે જળ

બચાવો અભિયાનમાં સહયોગી બનીએ. જળ સંરક્ષણ એ દેશ સેવાથી જરા પણ ઉતરતું કામ નથી એ વાત બરાબર યાદ રહે.

નદીને આપણે માતા કહીએ છીએ એની અવદશા સૌએ એવી તો કરી છે કે કોઈપણ પર્યાવરણપ્રેમી એ જોઈને રડી ઊઠે. હા મિત્રો, એમ કરી આપણી આસ્થા અને ધર્મને લાંછન લગાડી રહ્યા છીએ. આપણે ગણેશ ચતુર્થી હોય કે પછી નવરાત્રિ હોય તેની મૂર્તિઓ અને કુંભ જળાશયોમાં પધરાવી નિકાલ કરીએ છીએ.માતાજીના ફોટા વગેરે પધરાવી જળને કલુશિત કરીએ છીએ, અપમાન કરીએ છીએ. એમાં કોઈ પાછી પાની કરતા નથી કદાચ એ નદી, તળાવ, વાવ, જળાશયને વાચા ફૂટે તો આપણે આપણા કાનમાંથી કીડા ખરી પડે એમ આપણને ભાંડે.

શું તમે જાણો છો? પૃથ્વી પર જે પાણી છે તે પૈકી ૯૭% પાણી દરિયાનું ખારું છે. એ પૈકી ૨% પાણી બરફ સ્વરૂપે ૧% મીઠું પાણી છે જે જળાશયો અને નદીમાં હોય છે. અર્થાત એક ટકા પાણી જ પીવા લાયક છે, જે ૭૦૦ મિલિયન લોકોની પ્યાસ બુજાવે છે, એટલું જ નહીં પશુ-પક્ષી, પ્રાણીઓ પણ તેના પર નિર્ભર છે માટે તો આપણે આપણી જીવનશૈલી બદલવી પડશે

દોસ્તો, આપણે આપણી જીવનશૈલી બદલવી પડશે. એ માટે અબાલવૃદ્ધ સહુએ આ કામ કરી પ્રકૃતિનું ઋણ અદા કરવું જોઈએ એ માટે —

- વાસણ ધોતા વધેલું પાણી ઘરના વાડોલીયા અથવા છોડમાં નાખીએ.
- એ.સી. અને આર.ઓ.નું વેસ્ટ પાણી ઘર સફાઈ પોતાના વાડોલીયામાં તેનો યોગ્ય ઉપયોગ કરીએ
- મહેમાનો આવે ત્યારે પાણીનો જગ અને ખાલી ગ્લાસ આપીએ જેથી તેઓને જેટલું પાણી પીવું છે તેટલું તે લેશે.
- શાકભાજી-ફળો વગેરેને ખુલ્લા નળે ન ધોતા કોઈ બાલદી અથવા તપેલીમાં નાખી સાફ કરીએ.
- સાવરથી સ્નાન કરવાથી ૨૦ થી ૨૫ લીટર પાણી બગડે છે તો ડોલનો ઉપયોગ કરીએ.
- એક ગ્લાસ આર.ઓ.ના પાણી મેળવવા ત્રણ ગ્લાસ પાણી વેડફાય છે.
- સૌથી વધુ પાણી વોશિંગ મશીનમાં બગડે છે.
- એ.સી. ચાલુ હોય ત્યારે જે પાણી ટપકે છે તેનો ઘરની પર સફાઈ બગીચામાં ઉપયોગ કરીએ.
- વાહન ધોવા ડોલનો ઉપયોગ કરીએ.
- દાઢી કરતી વખતે નળ ચાલુ ન રાખીએ.
- વેસ્ટ પાણીનો ઉપયોગ પણ વિચારીએ.
- વરસાદી પાણીનો સંચય કરીએ. વરસાદી પાણીથી કુવા,બોરવેલ રિચાર્જ કરીએ.
- એક ટપકતો નળ દિવસમા ૮ થી ૧૦ લીટર પાણી બગાડે છે તેથી તે બંધ કરીએ અને સાથે સાથે પ્લમ્બિંગ શીખીએ.
- કપડાં ધોવામાં ડિટર્જન પાવડરનો અને સાબુનો ઓછો ઉપયોગ કરીએ જેથી જળ પ્રદૂષણ અને ભૂમિ પ્રદૂષણ ઓછુ થાય.
- પ્લાસ્ટિકનો ઉપયોગ કરીએ નહીં.
- વૃક્ષો વાવીએ.
- પાણી માટે જાગૃત થઈએ.

'જળ બચાવો અભિયાન' એ સરકારની નહીં પ્રત્યેક નાગરિકની નૈતિક જવાબદારી છે. આ વાત તેને દિલમાં વસી જાય તો જળ એ જ જીવન છે એ વાત સમજાવી નહીં પડે. પ્રત્યેક વ્યક્તિ ' જળ સેવક' અને જળ સંરક્ષક' નું કામ કરશે તો ખરા અર્થમાં આપણે વિશ્વ જળ દિવસ ઉજવ્યો છે એ સિદ્ધ થશે.

મો.૯૪૨૭૬૬૮૦૮૩

## ૧૨ મહાત્મા ગાંધી એટલે જીવનને અખિલાઈમાં જોતી નૂતન વિકાસશીલતા

**સોનલ પરીખ**

૨૦૨૪નું વર્ષ પૂરું થવામાં છે ત્યારે યાદ આવે છે સોળેક વર્ષ પહેલાનો એક પ્રસંગ. દુબઈથી એક ભરતનારાયણજીએ મોકલેલા ગાંધીજીના અસ્થિનું મુંબઈ ચોપાટી ખાતે સન્માનપૂર્વક વિસર્જન થવાનું હતું. મારા સહિત ગાંધીકુટુંબના થોડા સભ્યો ત્યારે હાજર હતા. ગાંધીજીના હવે છઠ્ઠી-સાતમી પેઢીએ પહોંચેલા કુટુંબના દોઢસો જેટલા સભ્યો દુનિયાના જુદા જુદા ખંડોમાં વસે છે. એ ક્ષણે એવું પ્રતીત થતું હતું જાણે હું આખા ગાંધીપરિવાર સાથે મનોમન જોડાઈ રહી છું. પણ તરત જ ખ્યાલ આવ્યો, ગાંધીજી એવી વ્યક્તિ હતા જે માત્ર લોહીના સંબંધો પૂરતી મર્યાદિત ન રહે. ગાંધીજી એવો વિચાર હતા જે માત્ર એક દેશની સીમાઓમાં બંધાઈને ન રહે. તો ગાંધીજીના પરિવારની સીમા ક્યાં સમજવી? આનો અર્થ તો એ કે ગાંધીપરિવાર સાથે જોડાવું એટલે સમગ્ર વિશ્વ સાથે જોડાવું, પ્રેમનો વ્યાપ અને વિસ્તાર વધારવા. જેમનાં અસ્થિમાં આટલાં વર્ષો પછી પણ આવો અનુભવ કરાવવાની તાકાત હોય તેમની હાજરી કેટલી શક્તિશાળી હશે !

લોકો પૂછતા હોય છે, કયા પ્રસંગો હતા જેણે ગાંધીજીને ગાંધીજી બનાવ્યા? જવાબ એ છે કે ગાંધીજીને ગાંધીજી બનાવનાર તો તેઓ પોતે જ હતા, અમુક પ્રસંગો બનવાથી કોઈ ગાંધીજી બની ન જાય. પણ હા, અમુક એવા પ્રસંગો છે જે એમના ગાંધીત્વને બહાર લાવવામાં નિમિત્ત બન્યા. એમાંનો પહેલો તે પીટર્સમેરિત્સબર્ગનો પ્રસંગ. ૨૪ વર્ષના મોહનદાસને દક્ષિણ આફ્રિકા આવ્યાને અઠવાડિયું પણ નહોતું થયું ને આ બન્યું. ગોરી ચામડી ન હોવા છતાં એમણે ફર્સ્ટક્લાસમાં મુસાફરી કરવાની ગુસ્તાખી કરી એટલે ગોરી ચામડીવાળા માણસે તેમને ટ્રેનની બહાર ફેંકી દીધા. મુસાફરી લાંબી હતી. બીજા દિવસે મોહનદાસ ફરી ટ્રેનમાં બેઠા, સિગરામમાં માર પડ્યો, હોટેલમાં રાતવાસા માટે 'એલાઉ' ન કર્યા, પાછા ફરતાં ડચ સ્ટેશન માસ્તરે ફર્સ્ટ ક્લાસની ટિકિટ માંડ આપી, એક હબસી અમેરિકને પોતાની હોટેલમાં અમુક શરતે માંડ રાતવાસો કરવા દીધો વગેરે ઘટનાઓ બની.

મોહનદાસે ત્યાંના અગ્રણી ગણાતા ભારતીયોને આ બધું કહ્યું ત્યારે તેમણે જવાબ આપ્યો કે 'અહીં તો આવું જ ચાલે. અહીં રહેવું હોય તો આ બધું વેઠવું જ પડે.' આ અનુભવે ૨૪ વર્ષના મોહનદાસના જીવનને નવો વળાંક આપ્યો. આત્મકથામાં એમણે લખ્યું છે, 'મારી સક્રિય અહિંસાની શરુઆત એ દિવસથી થઈ.' એ દિવસે મોહનદાસે દેશભેગું થઈ જવું કે કામ પતે ત્યાં સુધી બધું ચલાવી લેવું કે રંગભેદના અન્યાય સામે લડી લેવું આ ત્રણમાંથી ત્રીજો વિકલ્પ પસંદ કર્યો હતો અને એથી એમની જિંદગી સાથે દક્ષિણ આફ્રિકાનો, ભારતનો અને દુનિયાનો ઈતિહાસ પણ કરવટ લઈ ગયો. આપણી સામે પણ એકથી વધારે વિકલ્પ વારંવાર આવે છે અને આપણે ક્યો વિકલ્પ પસંદ કરીએ તેના પર બધો આધાર હોય છે.

એ ૧૮૯૩ની સાલ હતી. જે કેસ માટે દક્ષિણ આફ્રિકા આવેલા તે પૂરો થયો, પણ મોહનદાસ ભારત પાછા આવવાને બદલે દક્ષિણ આફ્રિકા રોકાઈ ગયા. ત્યાં વસતા ભારતીયોને બ્રિટિશ શાસનના અન્યાયી કાયદાઓથી મુક્ત કરવા કોઈના નેતૃત્વની જરૂર હતી. બે વર્ષ પછી તેઓ કુટુંબને લેવા ભારત આવ્યા, ત્યારે દક્ષિણ આફ્રિકાના

અગ્રણીઓએ એમને વિનંતી કરી, 'તમે ભારત જાઓ છો તો અહીંની સ્થિતિ ત્યાંના બ્રિટિશ શાસકો અને પ્રજાના ધ્યાન પર લાવો.' સ્ટીમરની એક મહિનાની મુસાફરીમાં તેમણે કાચી નોંધો બનાવી અને ભારતના કિનારા પર ઊતરીને એક પુસ્તિકા તૈયાર કરી - 'ધ ગ્રિવન્સિઝ ઑફ ધ બ્રિટિશ ઈન્ડિયન્સ ઈન સાઉથ આફ્રિકાઃ એન અપીલ ટુ ધ ઈન્ડિયન પબ્લિક'. પૂંઠાનો રંગ લીલો એટલે એ પત્રિકા ગ્રીન પેમ્ફલેટ-લીલું ચોપાનિયું નામે જાણીતી થઈ. સાલ હતી ૧૮૯૬. મોહનદાસ ૨૭ વર્ષના હતા. ગ્રીન પેમ્ફલેટની લગભગ ૮૦૦૦ નકલ દેશભરમાં પહોંચી. જનતાએ, અખબારોએ સારો પ્રતિસાદ આપ્યો. તેનો ટૂંકસાર ભારતથી ઈંગ્લેન્ડ પહોંચ્યો અને એ ટૂંકસારનો પણ ટૂંકસાર એક તાર રૂપે ઈંગ્લેન્ડથી દક્ષિણ આફ્રિકા પહોંચ્યો. પરિણામે દક્ષિણ આફ્રિકાના કિનારે ઊતરતાં જ ગાંધીજી અને એમના કુટુંબને ગોરાઓનો આક્રોશ સહેવો પડ્યો.

પીટર્સમેરિત્સબર્ગ ઘટનાથી વ્યક્તિગત સાધનાની શરૂઆત થઈ. ગ્રીન પૅમ્ફલેટ પ્રસંગથી ગાંધીજીની ચેતના સમાજ-અભિમુખ બની. દક્ષિણ આફ્રિકાની ૨૧ વર્ષની લડતે મોહનદાસને મહાત્મા બનાવ્યા. અહીં જ એમણે રસ્કિન, થોરો, ટૉલ્સટૉયને વાંચ્યા. દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની શોધ થઈ અને ત્રણ સત્યાગ્રહ થયા. જેલવાસ, આશ્રમજીવન, પત્રકારત્વ, બ્રહ્મચર્યની શરૂઆત દક્ષિણ આફ્રિકામાં થઈ. દક્ષિણ આફ્રિકામાં તેમને સાધના અને સિદ્ધિ બન્નેનો અનુભવ થયો. સાધના જીવનભર ચાલુ રહી. સિદ્ધિથી અંજાવું નહીં અને નિષ્ફળતાથી હારવું નહીં એ સ્વભાવ ઘડાયો.

૪૬ વર્ષની ઉંમરે ગાંધીજી ભારત આવ્યા એ વખતે પહેલું વિશ્વયુદ્ધ શરૂ થઈ ગયું હતું. ૧૯૧૭માં બિહારના ચંપારણમાં ગાંધીજીએ પહેલો સત્યાગ્રહ કર્યો. દિલધડક સસ્પેન્સ થ્રીલર જેવી આ સત્યાગ્રહની ઘટનાપરંપરા છે. આ પ્રસંગથી ગાંધીજી દેશ, પ્રજા, પડકારોને સમજતા થયા. પ્રજાને કેમ જગાડવી, ભયમુક્ત કેમ કરવી તે સમજવા સાથે એમણે કાર્યકર્તાઓને પણ નિર્ભય થતાં શીખવ્યું.

સત્યાગ્રહ સાથે ગાંધીજીએ સાધનશુદ્ધિ પણ શીખવી - વિરોધીને નુકસાન કરવાનું નથી. તેને ધિક્કારવાનો પણ નથી, અન્યાયનો સામનો કરવાનો છે અને વિરોધીનો વિવેક જગાડી તેનામાં પરિવર્તન કરવાનું છે. દક્ષિણ આફ્રિકામાં વવાયેલા સત્યાગ્રહના બીજનો વૃક્ષવિસ્તાર ભારતમાં થયો. આ સત્યાગ્રહની સફળતાથી દેશને સત્યાગ્રહ વિશે આસ્થા જાગી અને ગાંધીજીને આત્મવિશ્વાસ આવ્યો કે ભારતમાં પણ સત્યાગ્રહ કારગત નીવડશે, અનેકગણો કારગત નીવડશે. ત્યાર પછીના તેમના સત્યાગ્રહો સ્થાનિક મટીને રાષ્ટ્રીય ફલક પર વિસ્તર્યા.

ચંપારણ સત્યાગ્રહ સામ્રાજ્યવાદના અંતનો આરંભ હતો. ચંપારણ, ત્યાર પછીના અમદાવાદ મિલમજૂરોનો અને ખેડા સત્યાગ્રહ - ત્રણ વર્ષના ગાળામાં થયેલા આ ત્રણ સત્યાગ્રહો, સત્યાગ્રહ દરમ્યાન શિક્ષિત અને અશિક્ષિત વર્ગ નજીક આવ્યા. લોકોને વિશ્વાસ આવ્યો કે ગરીબ, નિર્બળ અને અસહાય પણ પોતાના આત્મબળથી અન્યાય સામે લડી શકે છે અને અન્યાય, જુલમ ત્યાં સુધી જ ટકે છે જ્યાં સુધી સહન કરનારા એને માન્ય ગણે છે. સત્યાગ્રહીનું કષ્ટસહન વિરોધીના મનમાં પણ માનવતા જગાડે છે. દક્ષિણ આફ્રિકાના સમાજ-અભિમુખ ગાંધીજી ચંપારણ સત્યાગ્રહથી રાષ્ટ્રને અભિમુખ થયા.

આ પ્રસંગો ગાંધીજીની નિત્યવિકાસશીલતા અને સાધક તરીકેનો ચેતોવિસ્તાર દર્શાવે છે. દુનિયામાં જે બનાવો બન્યા, બની રહ્યા છે - ભૌતિકતાવાદ, પર્યાવરણનું જોખમ, કોરોના, તાલિબાન, એમિક્રોન, રશિયા-યુક્રેન યુદ્ધ, વધતી આરાજકતા - આ બધાની વચ્ચે ગૌરવભર્યું અસ્તિત્વ ટકાવવું હશે તો ભારતને ગાંધીજીની સાદાઈ, અપરિગ્રહ, કોમી એકતા વગર ચાલવાનું નથી.

આજે સમગ્રતાથી ગાંધી ચીંધેલ જીવનશૈલીની આવશ્યકતા છે.

મો.૯૮૩૩૭૦૮૪૯૪

## ૧૩ સજીવ ખેતી

**હીરજી ભીંગરાડિયા**

તમામ માનવીઓ તો એક જ તત્ત્વથી બન્યા છે. અપાયેલાં નામો તેને નોખા પાડે છે. સમજાય તો ઘણાં ઝઘડાઓ નામોનાં છે. આ વાત સમજાવતી એક મજેદાર કહાની છેઃ એક રાજયના રાજાની ધર્મધ્યાનમાં બહુ અનુકંપા નહોતી. દરેક ધર્મમાં રાજાને કોઈ ને કોઈ ખામી જ જણાતી હતી. આત્મોદ્ધારની આકાંક્ષા હોવા છતાં બધાં તીર્થસ્થાનોમાં તેને ગંદકી જ ભળાતી હતી. એક દિવસ રાજયમાં એક સંત પધાર્યા, સંતશ્રીએ રાજવીને પૂછ્યું, 'આપને શ્રેષ્ઠ ધર્મ વિશે જાણવું છે ને ? તો આપને ગામની બહાર જે નદી વહે છે તેના સામે કિનારે મારી સાથે આવવું પડશે. ત્યાં હું આપને શ્રેષ્ઠ ધર્મનું જ્ઞાન આપીશ.' રાજવી તો તરત તૈયાર થયા અને રાજવીનો હુકમ થયા પછી નદી પાર કરાવવા માટે કેટલીય નૌકાઓ હાજર થઈ ગઈ ! પણ સંતે રાજાને રોક્યા અને કહ્યું, 'આ નૌકા તો જૂની છે, આ નૌકા તો કાળી છે, આ હોડી તો સાવ નાની છે, અરે ! આ નૌકામાં તો છીદ્ર હોય તેવી શંકા છે,આવી નૌકાઓ તો ડુબાડી જ મારે ને ?' સંતને બસ આવું જ કહ્યા કરતા સાંભળી રાજવીએ તેમને સમજાવ્યું. 'અરે બાપજી ! આટલી નાની એવી નદી છે, ગમે તે એક નૌકામાં બેસીશું તો પણ ઘડીકમાં સામેપાર પહોંચી જઈશું. એમાં આટલી બધી ખોટ-ખામીઓ દર્શાવો છો તે બરાબર નથી.'

ત્યારે સંત હસી પડ્યા અને કહ્યું કે 'રાજવી, આ જ મારો તમને જવાબ છે ! તમે એ ધર્મરૂપી દૂધમાંથી ખામી શોધવાનું - પડતું કરો અને કોઈ એક ધર્મ પકડી લ્યો ! બધા જ ધર્મોનો આશય સંસાર સાગર તરી જવાનો છે.' મારા કૃષક ભાઈઓ- બહેનો, આ ઉદાહરણ આપી મારે એ વાત કહેવી છે કે આપણે ખેડૂતો પણ પેલા રાજવીની જેમ 'આ ખેતી પદ્ધતિમાં આટલી ખામી છે, આ પદ્ધતિમાં તો બહુ નબળાઈઓ છે. આ પદ્ધતિમાં તો સિદ્ધાંત જેવી કોઈ વાત જ નથી. આના કરતા અમારી પદ્ધતિ ઉત્તમ ગણાય.' એવું કહી, એકબીજાને નસેડવાનું બંધ કરીએ. કારણ કે 'સજીવખેતી' કહીએ કે 'જૈવિકખેતી' કહીએ, અરે ! 'ઓર્ગેનિક ફાર્મિંગ' જેવું નામ આપી સંબોધન કરીએ કે 'ઋષિખેતી', 'પ્રાકૃતિકખેતી' કે ભલેને 'ગાય આધારિત ખેતી' કહીએ. આ બધી જ પદ્ધતિઓનો હેતુઃ બસ રસાયણમુક્ત ખેતી કરવાનો જ છે.

હાલની પારંપારિક ખેતીમાં ખેતીપાકની પોષણપૂર્તિ માટે 'રાસાયણિક ફર્ટિલાઈઝર્સ', ખેતીપાકના રોગ સામેના રક્ષણ માટે વપરાતી 'ઝેરીલી પેસ્ટીસાઈડ્ઝ' અને નિંદણનાશનો ઉપયોગ થઈ રહ્યો છે તેના હિસાબે જમીનનું બંધારણ બગડી રહ્યું છે, તેની જીવંતતા નષ્ટ થઈ રહી છે, તેની ફળદ્રુપતા અને ઉત્પાદકતામાં ઓટ ઊભી થઈ રહી છે. પાણીના તળ તૂટી ઝેરી બની રહ્યા છે. અરે, પર્યાવરણને ન પૂરી શકાય તેટલું નુકશાન થઈ રહ્યું છે, ઉપરાંત ખેતર-વાડીઓમાં જે ઉત્પન્ન થઈ રહ્યું છે, તેને આરોગવાથી જીવ-જગતની તંદુરસ્તી જોખમમાં મૂકાવા લાગી છે. આ બધાં તારણો હાથ લાગ્યાં પછી-આ બધી બદીઓમાંથી છૂટકારો મેળવવા ઉપરાંત ખેતીમાંથી ઓછા ખર્ચથી વધારે ઉત્પાદન મેળવવું હોય તો કેવા પ્રકારની ખેતી પદ્ધતિ અપનાવી હોય તો આ બધા હેતુઓ સુપેરે પાર પડે ? એ માટે થઈને કેટલાક

દ્રષ્ટિસંપન ખેડૂતો, વિજ્ઞાનીઓ, પ્રયોગવીરો અને શુભચિંતકોના પ્રયોગગૃપ દ્વારા આ બાબતે જે અનેકવિધ અખતરા-પ્રયોગો થઈ રહ્યા છે તે પ્રયોગોને અનેક નામો અપાયાં છે. આ બધી જ પદ્ધતિઓનો હેતુ 'રાસાયણિક ખેતીની ચુંગાલમાંથી છૂટવું' એ એક જ આશય રહ્યો છે. બસ, આવું જ ત્રણ,ચાર નામધારી ખેતી પદ્ધતિઓ આવી વિશિષ્ટ રીતથી ખેતી કરવાના પંથે આગળ વધી રહી છે તે સૌનું ધ્યેય બસ એક જ રહ્યું છે કે આ રાસાયણિક ખેતીની નાગચૂડમાંથી કેમ છૂટવું ? બધી જ પદ્ધતિના શુભાશય વિશે થોડી વિગત જાણીએ.

**સજીવખેતી પદ્ધતિ :**

છેલા ૩૦-૩૫ વરસોથી માત્ર ગુજરાત રાજ્ય જ નહીં, પણ અન્ય રાજ્યોમાં અને દેશ લેવલે આ પદ્ધતિનો વ્યાપ કેમ વધે તે વાસ્તે ખેડૂત અને ઉપભોક્તાને જાગૃત કરવા અનેક જાતના પ્રચાર-પ્રસારના કાર્યક્રમો, નિદર્શનો, પ્રદર્શનો, સંમેલનો, સાહિત્યનો પ્રચાર, વેચાણકેંદ્રો જેવા અનેકવિધ કાર્યક્રમો વડોદરામાં આવેલ 'જતન ટ્રસ્ટ'-શ્રી કપીલભાઈ શાહ દ્વારા ચલાવાઈ રહેલ છે. જેમાં ખેતીપાકના જી.એમ.બીજ, રાસાયણિક ફર્ટિલાઇઝર્સ, ઝેરીલી પેસ્ટીસાઈઝ અને નિંદણનાશક રસાયણો તથા વિવિધ પ્રકારના હોર્મોસ થકી થઈ રહેલાં નુકશાન સમજાવી, સામે દેશી તથા સંકર બીજના ઉપયોગની સાથે પાકની ફેરબદલી, મિશ્રપાક, લીલો પડવાસ, કઠોળ વાવેતર, ગોપાલન અને કંપોસ્ટ ખાતરની ભેર, અળસિયાં પાલન, સૂર્યપ્રકાશ અને કુદરતી સંશાધનોની મદદ, વૃક્ષ ઉછેર, તથા જળસંચય અને પાણીનો વિવેકસભર વપરાશ, ગોબર-ગોમુત્ર અને વાનસ્પતિક પાક રક્ષકો-કીટકોનો ઉછેર, ફેરોમેન ટ્રેપ, પ્રકાશપિંઝર, પંખીવસાહત, અને વાડી ફરતી જીવંતવાડ જેવાં અનેકવિધ કાર્યક્રમોના અમલ થકી એક આખો જીવંત માહોલ ઊભો કર્યો છે. જળ,જમીન અને પર્યાવરણની રક્ષા, બિનઝેરી ઉત્પાદન તૈયાર કરી, ઓછા ખર્ચથી તેમની મહેનતનું વ્યાજબી વળતર મળી રહે અને ઉપભોક્તાને અહિંસક પોષક આહાર મળી રહે તે અંગેની ચિંતા સેવનારી જે પદ્ધતિનો વ્યાપ વધી રહ્યો છે તે પદ્ધતિને આપણે 'સજીવખેતી' જેવા નામથી ઓળખીએ છીએ. આવી ખેતીને કેટલાક 'પ્રાકૃતિક ખેતી', 'જૈવિકખેતી' કે 'ઓર્ગેનિક ફાર્મિંગ'થી પણ સંબોધતા હોય છે.

**જમીન વિજ્ઞાનીઓનો અભિપ્રાય :**

જમીન વિજ્ઞાનીઓનું એવું તારણ છે કે ખેતર-વાડીની જમીનની અંદર કઠ્ઠણ સ્વરૂપે પડી રહેલા ખનીજ ઘટકોમાંથી તત્ત્વો ખેંચવાનું કામ વનસ્પતિના મૂળિયાં માટે ઘણું અઘરું છે. પણ આ કઠ્ઠણ કામ જમીનની અંદર રહેલા બેક્ટેરિયાને બહુ ફાવે છે. પણ એ બેક્ટેરિયાની સંખ્યા ઘણી ઓછી પડે છે. એ બેક્ટેરિયાની સંખ્યા જો વધારી દેવામાં આવે તો એ બધા બેક્ટેરિયા ખનીજોને ખાઈને એવા સુપાચ્ય રસ સ્વરૂપે બનાવી દે છે કે હવે મૂળિયાં એ બધું આસાનીથી ચૂસી શકે છે. આવા ઉપયોગી બેક્ટેરિયાની સંખ્યા દેશી ગાયના ૧ ગ્રામ ગોબરમાં ૩૦૦ થી ૫૦૦ કરોડ સુધીની હોય છે.

**એક ખાસ વાત :**

મહારાષ્ટ્રના વિજ્ઞાની ડૉ. આનંદ કર્વેએ એક પ્રયોગ કરેલો. ૧ કિલો વાડીની માટી લઈ તેમાં પાણી સાથે માત્ર અરધો ગ્રામ શુદ્ધ સાકર નાખી જોઈ. તો એ માટી માહ્યલા બેક્ટેરિયાની સંખ્યા ૨૪ કલાકમાં ૫૦૦ ગણી વધી ગયેલી. જ્યારે ગાયના ગોબરમાં તો માટી કરતાં પણ અનેકગણાં જીવાણું હોય છે. પણ એ ગોબર-ગોમુત્રમાં ખોરાકરૂપી શર્કરા-એટલે કે ગોળ-શેરડીનો રસ કે પાકાં ફળો જેવાનું ગળપણ અને સાથે પ્રોટીનયુક્ત શક્તિ અર્થે કોઈપણ કઠોળનો લોટ ઉમેરાય તો જીવાણુંની સંખ્યા અનેક ગુણાંકમાં વધી જાય. અને હવે આવું દ્રાવણ પાકને આપવાનું ગોઠવ્યું હોય તો બીજા કોઈ પદાર્થોના ઉપરથી ઉમેરણની જરૂર રહેતી નથી.

**ગાય આધારિત સુભાષપાલેકર - આધ્યાત્મિક ખેતીઃ**

મહારાષ્ટ્રના ખેડૂત પદ્મશ્રી સુભાષ પાલેકરજીએ ખેડૂતોને રાસાયણિક ખેતીની ચુંગાલમાંથી મુક્ત કરવાની જે શોધ ચાલુ કરી તેના પાયામાં ૧. બીજામૃત, ૨.જીવામૃત ૩.આચ્છાદન ૪. બાષ્પ. આ ચાર ફેક્ટરના ઊંડા અભ્યાસમાંથી એવો સુજાવ મળી ગયો કે જેમાં રાસાયણિક ફર્ટિલાઇઝર નાખવાની તો જરૂર ન જ પડે, પણ ગાડામોઢે ગોબરયુક્ત ખાતરો પણ નાખવાની જરૂર ન પડે ! સતત ૬ વરસના સંશોધન કાર્ય બાદ તેમને માલુમ પડ્યું કે જો ખેડૂત પાસે એક દેશી ગાય હોય તો તે પોતાની ૩૦ એકર જમીનમાં અન્ય કોઈ ખાતરરૂપી પદાર્થના ઉમેરણ વિના માત્ર ગાયના ગોબર,ગોમુત્ર સાથે કેટલાક પદાર્થોના સહયોગથી પાકના પોષણ અને સંરક્ષણની જરૂરિયાતો પૂર્ણ કરી શકાય છે. આ વાતને વ્યવહારમાં મૂકવા તેમણે એક ૨૦૦ લીટર પાણી ભરેલા બેરલમાં ૧૦ કિલો દેશી ગાયનું ગોબર, ૧૦ લીટર ગોમુત્ર, ઉપરાંત ૨ કિલો ગોળ અને ૨ કિલો કઠોળનો લોટ તથા ખોબો ભરી શેઢાપાળાની માટીનું ઉમેરણ કરી, બેરલને છાંયડે રાખી, ત્રણથી સાત દિવસ લાકડીના દંડાથી સવાર-સાંજ હલાવતા રહી જે દ્રાવણ તૈયાર થયું તેને 'જીવામૃત' એવું નામ આપ્યું. આવું દ્રાવણ મહિનામાં એક વાર , એક એકરમાં પાણી સાથે પાઈ દેવાથી પાકની ખોરાકી જરૂરિયાત પૂરી થઈ જાય છે. અને આ જ રીતે ગાયના ગોબર,ગોમુત્ર થકી બનતું સૂકું-ઘન જીવામૃત તથા અન્ય પદાર્થોના ઉમેરણ થકી બીજ માવજત માટે 'બીજામૃત', ચૂસિયાં અને નાની ઇયળો માટે 'નીમાસ્ત્ર', મોટી ઇયળો માટે 'બ્રહ્માસ્ત્ર' તથા ફળઝાડો અને ફળોમાં નુકશાન કરતી માટે 'અગ્ન્યાસ્ત્ર' અને બધા જ પ્રકારની નુકશાનકારક જીવાતો માટે 'દસપર્ણીઅર્ક' જે કેટલાક લીમડો, સીતાફળી, કરંજ, કરેણ, ધતુરો, બીલી, આંકડા જેવી વનસ્પતિના સહયોગ થકી ઓછા-વધુ પ્રમાણ રાખી પાક પર છંટકાવ અને ફુગ માટે છાશની આશનો છંટકાવ અક્સીર ઉપાય લાગ્યો છે. આ બધી બાબતોમાં કેંદ્રમાં 'ગાય' છે. માટે ગાય આધારિત સુભાષ પાલેકર 'આધ્યાત્મિક ખેતી' નામ અપાયું છે.

**બેક્ટેરિયલ કલ્ચર થકી થતી ખેતી પદ્ધતિઃ**

નેશનલ સેંટર ઓફ ઓર્ગનિક ફાર્મિંગ કો-ઓપરેશન-ગાજિયાબાદ થકી બહાર પાડેલ 'વેસ્ટ ડી કમ્પોઝર' કે જેમાં અનેકવિધ વનસ્પતિઓમાંથી ઉપયોગી બેક્ટેરિયા એકઠા કરી, તેને ફ્રોજન કરી એક નાની બોટલમાં સંગ્રહિત કરેલા હોય છે. ૨૦૦ લીટર પાણીમાં આ એક બોટલ માહ્યલા સુષુપ્ત બેક્ટેરિયાના જથ્થા સાથે માત્ર ૨ કિલો ગોળ ઉમેરી, છાંયડે રાખી, રોજ સવાર-સાંજ દ્રાવણને લાકડીના ડંડાથી હલાવતા રહી-૫-૭ દિવસે જ્યારે દ્રાવણ કેસરી રંગ પકડે ત્યારે ૧ એકરમાં પાણી સાથે મહિનામાં બે વાર પાઇ દેવાનું. પછીથી નવું દ્રાવણ બનાવવા તૈયાર દ્રાવણમાંથી ૨૦ લીટર દ્રાવણ લઈ, ૨૦૦ લીટર પાણીમાં ૨ કિલો ગોળ સાથે ઉમેરી દેવાથી કામ ચાલી રહે છે. નવું બેક્ટેરિયલ કલ્ચર ઉમેરવાની જરૂર પડતી નથી.. આ રીતે જોઈએ એટલા બેરલ તૈયાર કરી શકાય છે.

જળ, જમીન અને પર્યાવરણની સુરક્ષાની સાથોસાથ જીવ-જગતને ગુણવત્તાયુક્ત આહાર આપી શકાય અને પ્રમાણમાં ઓછા ખર્ચથી અધિક ઉત્પાદન પણ મેળવી શકાય એવી પદ્ધતિનો વ્યાપ વધે તો જ ખેડૂત, ખેતી અને સમાજ શાંતિથી ટકી શકે. આવા હેતુઓ સાથે અમલમાં આવી રહેલી આ ખેતીની જુદી જુદી પદ્ધતિઓ બધી સમાન ધ્યેયવાળી અને ભગિની પદ્ધતિઓ છે. આમાં કોઈ ઉંચ કે નીચ નથી, બધી શુભ જ છે. આ બધી જ પદ્ધતિઓની ખોજ અને એના પ્રચાર-પ્રસારમાં લાગેલા સૌ મહાનુભાવો-ખેડૂતો-વિજ્ઞાનીઓ અને પદ્ધતિને અમલમાં મૂકી ખેતી કરનારા સૌ ખેડૂત ભાઈ-બહેનો વંદનના અધિકારી છે.

મો-૯૩૨૭૫ ૭૨૨૯૭

## ૧૪ અનમોલ સ્મરણો

**બાલુભાઈ ગોહિલ**

---

તા.૯.૧.૨૦૨૫ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા-મણાર સંસ્થાઓનો સંયુક્ત વાર્ષિકોત્સવ આંબલા મુકામે સંપન્ન થયો. ભૂતપૂર્વ વિદ્યાર્થીના નાતે મને ઉપસ્થિત રહેવાનું નિમંત્રણ મળતા હાજર રહેવાનો મોકો મળ્યો. સંસ્થાના નિવૃત્ત આચાર્ય મુ.શ્રી લાલજીભાઈ નાકરાણી જે મારા પ્રથમ ગુરુ છે, રામચંદ્રભાઈ મનુભાઈ પંચોળી જે મારા સહાધ્યાયી અને મિત્ર છે બંનેને મળવાનો અવસર સાંપડ્યો.

ઉત્સવના કાર્યક્રમના સ્ટેજ ઉપર પૂ. નાનાદાદા. પૂ. મનુદાદા,પૂ. મૂળશંકર દાદા, પૂ. બુચદાદાના ફોટાઓ મૂકવામાં આવેલા. ગુરુજીઓને વંદન કર્યા. સંસ્થામાં શિક્ષણ મેળવતો હતો તે સમયનાં સંસ્મરણો તાદશ્ય થયાં. પૂ. બુચદાદા (ન. પ્ર. બુચ) જે સંસ્થાના નાયબ નિયામક તરીકે નિવૃત્ત થયા છે તેઓ અંગ્રેજી અને સંસ્કૃતના નિષ્ણાત હતા. તેમની પાસેથી અમે અંગ્રેજી વિષય શીખ્યા છીએ. અંગ્રેજી વિષયનું પાઠ્યપુસ્તક હતું 'ગુલીવર્સ જર્ની ટુ લીલીપુટ'. એક સાત ફૂટિયો લંબુસ વહેંતિયા ઠિંગુજીઓના પ્રદેશમાં ઘૂસી જાય છે અને પછી શરૂ થાય છે હાસ્યજનિક પ્રસંગોની ભરમાર ! પૂ. બુચદાદા રોનકી સ્વભાવના હતા. ભાષામાં શ્લેષ અલંકાર યોજીને જુદા જુદા અર્થો કાઢીને હાસ્યરસ નિષ્પન્ન કરતા. મીરાંબાઈનું એક ભજન છે,

હોજી રે ! મને ચાકર રાખોજી.

નીત ઊઠી દરશન પાશું, હોજી રે મને ચાકર રાખોજી.

આ ભજનની પંક્તિઓમાં સાદો સીધો અર્થ થાય છે, મીરાંબાઈ હાથ જોડીને શ્રીકૃષ્ણને વિનવે છે, 'મને ચાકરી કરનાર તરીકે રાખો.'

પૂ. બુચદાદા અમને સમજાવતા, 'ચાકર' શબ્દને ચા અને કર એ રીતે લખતા 'ચા' બનાવનાર તરીકે રાખો એવો અર્થ પણ થાય. મીરાંબાઈ શ્રીકૃષ્ણને વિનંતી કરે છે કે, 'મને ચા બનાવનાર તરીકે રાખો.'

ભાષામાં 'અક્ષર' કે 'શબ્દ'ના એકથી વધારે અર્થો નીકળે ત્યારે શ્લેષ અલંકાર બને. પૂ. બુચદાદા ઘણાં કાવ્યોમાં શ્લેષ અલંકાર પ્રયોજીને હાસ્યરસ નિષ્પન્ન કરતા.

પૂ. બુચદાદાનો સ્વભાવ હસમુખો. પોતાની જાત ઉપર પણ સૌને હસાવે. તેમનું આખું નામ નટવરલાલ પ્રભુલાલ બુચ. તેમના નામ પ્રમાણે ગુણ નથી એવું કાવ્ય બનાવેલું.

નામે નર્તક પણ નાચવાનું ઠેકાણું નૈ,

પુત્તર પ્રભુનો પણ ઈશ્વર વિશે જાણું નહીં,

અટકે અબૂડ પણ તરવાનું જાણું નૈ. (પહેલાના વખતમાં શીશીના ઢાંકણાને બુચ કહેતા. લાકડાનું પોચું, હળવું હોવાથી પાણીમાં ડૂબે નહીં તેથી તે અબૂડ)

પૂ. બુચદાદાએ તો સ્વીકારી લીધું મારી અટક અબૂડ છે પરંતુ મને તરતાં આવડતું નથી. પરંતુ પૂ. મનુદાદા તરવામાં માહિર ! સંસ્થાની ગૌશાળા નજીક તળાવ આવેલું છે. દર સોમવારે રજાનો દિવસ હોવાથી ગૃહપતિ ગુણવંતરાય ઉપાધ્યાયની આગેવાની નીચે અમે તળાવે સ્નાન કરવા અને તરવા જતા. કોઠા ઉપરથી ધુબાકા મારવા, તળાવના આ કાંઠાથી તરતાં તરતાં સામે કાંઠે જવું, જમીનને પગ સ્પર્શે નહીં એ રીતે તરતાં પાછા આ કાંઠે આવવું. ત્રણેક કિલોમીટરનું અંતર કાપતાં ખાસ્સો સમય લાગતો છતાં થાકનું નામનિશાન નહીં. ખૂબ મોજ આવતી.

સંસ્થાની વીડીમાં ચોમાસામાં વરસાદ પડે ત્યારે ધોધ પડતો. એક વખત ગોવાળે સમાચાર આપ્યા કે ધોધ પડે છે. વરસાદ ચાલુ હતો. પૂ. મનુદાદાની નિગરાની નીચે અમે કેટલાક તરવાના રસિયા વિદ્યાર્થીઓ ઉપડ્યા ધોધે ન્હાવા. ભેખડ ઉપરથી ધુબાકા માર્યા. ધુબાકા મારવાના ઘણા પ્રકાર હોય છેઃ

(૧) કલકલિયો ધુબાકો : ભેખડ ઉપરથી કૂદકો મારી બન્ને હાથ ભેગા કરી પાણીમાં બન્ને હાથ પ્રથમ જવા દેવાના બાકીનું શરીર પછી જાય..છેલ્લે પગ ડૂબે.

(૨) કોશિયો ધુબાકોઃ ભેખડ ઉપરથી કૂદવાનું. હાથ ઊંચા ભેગા રાખવાના. બન્ને પગને પાણીમાં ડુબાડવાના. કોશ જમીનમાં ખૂતે તેમ શરીરને પાણીમાં ડૂબાડવાનું.

(૩) પલોંઠિયો ધુબાકો : કૂદકો મારી પાણીમાં પહોંચતા પહેલા પલાંઠી વાળવાની. પાણીમાં ડૂબવાનું. ગણેશદાદાની મૂર્તિ પાણીમાં પધરાવે છે તેમ.

પૂ. મનુદાદા ઘુબાકા મારવાના બધાજ પ્રકારોના નિષ્ણાત. પલોંઠિયા ધુબકામાં પૂ. મનુદાદા જેટલું પાણી કોઈ ઉછાળી શકતું નહીં. પદ્માસન વાળી પાણીની સપાટી ઉપર ચત્તા સૂઈ પ્રાણાયામથી ધીમા ધીમા શ્વાસોચ્છવાસ લઈ લાંબા સમય સુધી પાણીની સપાટી ઉપર સ્થિર પડ્યા રહેતા. થોડા સમય પહેલાના 'કોડિયું' સામયિકના અંકમાં એક આર્ટિકલ છપાયેલો. ત્રણ પ્રોફેસર સાહેબો ખૂબ ભણેલા. લાંબી લાંબી ડિગ્રીઓ મેળવેલી. ડિગ્રીઓનું ખૂબ જ અભિમાન. એક પ્રોફેસરે હોડીવાળાને પૂછ્યું, 'તું કેટલું ભણેલો છો?'

નાવિકઃ 'અંગૂઠા છાપ, કાળા અક્ષર કૂહાડે માર્યા.'

પ્રોફેસરઃ 'તો તો તારી અરધી જિંદગી એળે ગઈ.'

હોડી આગળ ચાલી. પવન, વરસાદ, વાવાઝોડું ફૂંકાવા લાગ્યું, શઢ ફાટી ગયા, હોડીમાં પાણી ભરાવા લાગ્યું.

નાવિકઃ 'સાહેબો, તમારામાંથી તરતાં કોને આવડે છે?'

પ્રોફેસરોઃ 'અમને કોઈને તરતાં આવડતું નથી.'

નાવિકઃ 'ત્યારે તો તમારી આખી જિંદગી એળે જવાની.'

ડિગ્રી,સાક્ષરી જિંદગીવાળું શિક્ષણ હારી ગયું. નાની એવી તરવાની પ્રકૃતિવાળું શિક્ષણ જીતી ગયું. સંસ્થામાં અમને પ્રકૃતિમય શિક્ષણ મળ્યું છે. દાદાઓના અમે ખૂબ ખૂબ ઋણી છીએ.

મો.-૯૯૭૯૧૮૮૫૫૦

અજેય આત્મા અડીખમ ઊભો અજવાળે...

Invictus by William Ernest Henley

ધરતીના પોલાણમાં વિસ્તરેલા કાળા ડીબાંગ અંધારા જેવી આ રાત ભલે મને ઘેરી લે,

પણ તમે જુઓ તો ખરા એની સામે ઈશ્વરકૃપાથી

મારો અજેય આત્મા અડીખમ ઊભો અજવાળે છે !

સંજોગોના ભરડામાં ભલે જિંદગી પીસાણી તોય મેં ચીસ પાડી નથી, કે નથી હું હિબકે ચડ્યો.

ભલે નિયતિના હથોડાંએ માથું લોહિયાળ કર્યું, પણ મેં મસ્તક મારું નમવા દીધું નથી !

દુઃખનો દરીયો હોય કે પીડાનો પર્વત,અરે ઓ ભયાનક ભૂતાવળ,

તું મને ડરાવવાની, મને હરાવવાની લાખ કોશિશ કર,

પણ હું કાયમ તને મળીશ, અડગ, નીડર! ભૂલો તો થાય ને ભીંસ પણ પડે,

પણ સાહેબ, મારા નસીબનો બાદશાહ હું છું, ને મારા આત્માનો કપ્તાન હું છું !

ભાવાનુવાદકઃ વિશાલ ભાદાણી

## ૧૫ રામકૃષ્ણ પરમહંસ

**ચિંતક વિ. પટેલ**

---

રામકૃષ્ણ પરમહંસ જન્મ-૧૮ ફેબ્રુઆરી ૧૮૩૬, કામારપુકુર; અવસાન. ૧૫ ઑગસ્ટ ૧૮૮૬ : અર્વાચીન ભારતના મહાન સત્યના ઉપાસક મહામાનવ . મૂળ નામ ગદાધર. પિતા ખુદીરામ ચૅટરજી. નાનપણથી જ તેઓ રહસ્યવાદી હતા તેથી શાળાના શિક્ષણ પ્રત્યે તેમને રુચિ ન હતી. પિતાનું અવસાન થતાં ૧૭ વર્ષની ઉંમરે તેઓ મોટાભાઈ રામકુમારની સાથે કોલકતા આવ્યા. દક્ષિણેશ્વરના કાલીમંદિરના પૂજારીનું કામ મળ્યું. કાલીની પૂજા આત્મિક સત્ય સ્વરૂપ કરતાં તેઓ ભાવવિભોર બની જતા, ક્યારેક તો બેહોશ પણ થઈ જતા. આમાંથી ઉગારવા ૨૫ વર્ષની વયે તેમને શારદામણિ દેવી સાથે પરણાવવામાં આવે છે. સંસારમાં પડ્યા છતાં તેઓ જલકમલવત્ સંસારથી પર રહ્યા.તેજ તેની મહાન વિશેષતા છે. તેમાં તેમની સત્યની શોધની અભિપ્સા ફલિત થાય છે. તેમના આત્મિક સત્ય વડે જ તમામ માર્ગોનું તેમણે સત્ય સ્વરૂપ થઈને ખેડાણ કર્યું. આત્મિક સત્યસ્વરૂપ થઈને આધ્યાત્મિક જીવનની શરૂઆતમાં તેઓ કાલીની ઉપાસનામાં જ ઓતપ્રોત રહેતા. તેઓ પરમ સત્યને આત્મિક સત્ય દ્વારા જ પ્રાપ્ત ઉત્કટ ઝંખના હતી. આ રીતે તેમણે આત્મિક સત્યમાં સ્થિત થઈને સત્યની ઉપાસના અપનાવી. તે દ્વારા વૈષ્ણવ ઉપાસનાના કાળ દરમિયાન દાસ્યભાવ, સખ્યભાવ, વાત્સલ્યભાવ, કાન્તભાવ અને મધુરભાવને પોતાની આત્મિક સત્યની સાધનામાં તમામ માર્ગ અપનાવ્યા. ત્યારબાદ નિર્ગુણ સાધના તરફ વળ્યા. તોતાપુરી નામના પ્રખર જ્ઞાનમાર્ગીએ તેમને અદ્વૈત વેદાન્તમાં દીક્ષિત કર્યા. આ બધામાં તેઓએ સત્ય ક્યાંય છોડ્યું નથી અને અસત્યનું આચરણ ક્યાંય કર્યાનો દાખલો જોવા મળતો નથી, તેજ તેના જીવનની આગવી વિશેષતા છે.

આત્મિક સત્યમાં સ્થિત થઈને આધ્યાત્મિક સાધના દ્વારા તેઓ નિર્વિકલ્પ સમાધિની અવસ્થાએ પહોંચ્યા. પોતાની સાધનાની ક્ષિતિજો વધારવા તેઓ ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મ તરફ પણ વળ્યા હતા.આજ તેમની વિશાળતા છે, તે આત્મિક સત્યનું ફળ છે, ઇસ્લામી સાધનાનો ગાળો ટૂંકો હતો. આ ગાળા દરમિયાન સૂફી વિચારધારાની ઘણી અસર તેમના પર પડી તેમણે બાઇબલનું શ્રવણ પણ કર્યું. અનેક અનુભવ પછી તેમને પ્રતીતિ થઈ કે દુનિયાના બધા જ ધર્મો સમાન છે. તેઓ પરમાત્માને નિરાકાર તેમજ સાકાર બંને સ્વરૂપમાં માનતા હતા. એકેશ્વરવાદ અથવા અનેકેશ્વરવાદ જેવા ભેદ તેમને ન હતા કે મૂર્તિપૂજાનો વિરોધ પણ નહીં.

રામકૃષ્ણ પરમહંસ વિશાળતામા સ્થિર હતા. જે માણસ આત્મિક સત્યમાં સ્થિર હોય તે સદાય વિશાળ જ હોય. તેનામાં સ્વાર્થ લોભ નહોતા, કારણ સત્યને અને સ્વાર્થને વેર છે.ધર્મપાલન અને નૈતિક આચરણની બાબતમાં તેમણે ઘણી જ સહિષ્ણુતા દાખવી હતી. આથી જ રૂઢિચુસ્તો અને ક્રાંતિકારીઓ બંને તેમની પર વિશ્વાસ મૂકતા. તેમના વિચારોને ક્રમબદ્ધ મૂકી શકાય તેમ નથી. તેમણે કોઈ ગ્રંથો લખ્યા નથી કે પ્રવચનો કર્યા નથી. તેમના વાર્તાલાપની નોંધોમાંથી જ તેમના વિચારો જાણી શકાય છે. પુસ્તક 'રામકૃષ્ણ કથામૃત' ઊર્ધ્વચેતનામાં લઈ જનારું નીવડે છે.

કોઈ સિદ્ધાંતોની રચનામાં તેમને રસ ન હતો. સત્યને કોઈ ચોક્કસ સિદ્ધાંતના માળખામાં ગોઠવી દેવાનો તેમનો સ્વભાવ જ ન હતો. સત્યની પ્રતીતિ વિવિધ રૂપે થતી હોય છે એમ તેઓ માનતા. બધા જ ધર્મોની ખોજ પરમાત્માની જ છે, માત્ર દરેકના અભિગમ જુદા જુદા છે. તેમનું ચિંતન શાશ્વત સત્યનું દર્શન છે. પરમતત્ત્વનું ચિંતન અને મનન કરી અર્ક કાઢેલ છે. તેમનાં અવલોકનો અને કથનો જોતાં તેઓ રહસ્યવાદી સંત તરીકે છતા થાય છે.

## ૧૬ સંસ્થા સમાચાર (માર્ચ, ૨૦૨૫)

**સંકલન : પ્રશાંત મહેતા**

### લોકભારતી સમાચાર

- તા.૦૧ના રોજ નડિયાદની સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજની નેવું જેટલી વિદ્યાર્થિનીઓ અને દસેક જેટલાં અધ્યાપકો-અધ્યાપિકાઓ લોકભારતી પરિચય મુલાકાતે આવી ગયાં. રાત્રે આકાશદર્શન પણ કર્યું.
- તા.૦૩ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક શ્રી રામચંદ્રભાઈ પંચોળીના અધ્યક્ષસ્થાને યોજાઈ ગઈ. જેમાં શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી તેમજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાંથી વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી એન. ડી. જાદવસાહેબ તથા ભાવનગર જિલ્લાના લાઈન ડીપાર્ટમેન્ટમાંથી અધિકારીઓ જોડાયા હતા.
- તા.૦૫મીના રોજ શ્રી મધુકરભાઈ પારેખની આગેવાનીમાં પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝના બોર્ડ ઑફ ડિરેક્ટર્સની લોકભારતીની એક મુલાકાત ગોઠવાઈ ગઈ. સંસ્થાની વિધવિધ પ્રવૃત્તિઓ, ભાવાવરણ, સ્વચ્છતા-સુઘડતાથી સૌ પ્રભાવિત થયા.
- લો.ભા. યુનિ.માં મહેમાન વ્યાખ્યાતા તરીકે પધારેલા લોકભારતીના શુભેચ્છક શ્રી હેમંતભાઈ શાહે તા.૦૫મીના રોજ સાયં પ્રાર્થનાના અનુસંધાને અમેરિકામાં થયેલા સત્તા પરિવર્તન અને તેણે અન્ય દેશો પર લગાવવા ધારેલી ટેરિફ જેવી બાબતો વિશે બહુ રસપ્રદ રીતે વક્તવ્ય આપ્યું.
- શ્રી નિગમભાઈ શુક્લ તા. ૦૬ના રોજ આત્મા પ્રોજેક્ટ, જિલ્લા ખેતીવાડી ખાતા તેમજ બાગાયત ખાતા દ્વારા યોજાયેલ બેઠકમાં ભાગ લેવા, તેમજ તા. ૨૮ના રોજ આત્મા પ્રોજેક્ટ દ્વારા આયોજિત પ્રાકૃતિક કૃષિની જિલ્લા સ્તરીય બેઠકમાં ભાગ લેવા ભાવનગર જઈ આવ્યા.
- તા.૭થી ૧૫ સુધી લોકસેવા મહાવિદ્યાલયના બીજા વર્ષના શૈક્ષિણક પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓ રાજસ્થાનમાં જયપુર, જોધપુર, અજમેર, હલદીઘાટી, મહેરાનગઢ, કુંભલગઢ, ઉમેદભવન, જલમહેલ, હવામહેલ, ઉદેપુર, મહારાણા પ્રતાપ મ્યુઝિયમ, શ્રીનાથજી જઈ આવ્યા. સંયોજક તરીકે શ્રી અલ્કેશભાઈ ચૌહાણ, શ્રી નીતિનભાઈ ભીંગરાડીયા, શ્રી કુમારભાઈ પુરોહિત જોડાયા હતા.
- તા.૦૮ અને ૦૯ના રોજ લોકસેવા મહાવિદ્યાલયની સને ૧૯૮૨-૮૪ની બેચના પાંત્રીસેક વિદ્યાર્થીઓનું એક મિલન લોકભારતીના આંગણે યોજાઈ ગયું. સૌએ જૂનાં સંસ્મરણો વાગોળ્યાં ને બીજે દિવસે પૂર્વ અધ્યાપકો, વર્તમાન અધ્યાપકો અને હોદ્દેદારો સાથે બેઠક કરી, જેમાં વિશેષ કરીને શ્રી યોગેશભાઈ ભટ્ટે ભાવપૂર્વક ભૂતકાળ વાગોળ્યો અને શ્રી અરુણભાઈ દવેએ સંસ્થાના

વર્તમાનને યોગ્ય રીતે રજૂ કર્યો. સંસ્થાના વર્તમાન હોદ્દેદારો/અધ્યાપકો/કાર્યકરો ઉપસ્થિત રહ્યા. સૌએ પોતાનો રાજીપો વ્યક્ત કર્યો. શ્રી કાંતિભાઈ ઉકાણી, શ્રી ગિરીશભાઈ ગોધાણી, શ્રી અતુલભાઈ પંડ્યા, શ્રી ધીરુભાઈ ઘેવરિયા, શ્રી મુકેશભાઈ દવે, શ્રી પ્રણવભાઈ દેસાઈએ સંકલન-નેતૃત્વ સંભાળ્યું.

- તા.૦૯ના રોજ સવારે લોકભારતી ગોસંવર્ધન અને સંશોધન કેન્દ્રના પ્રોસેસિંગ એકમનું ખાતમુહૂર્ત શ્રી ગિરીશભાઈ ગોધાણીને વરદ હસ્તે કરવામાં આવ્યું.
- તા. ૦૯થી ૧૩ સુધી લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ માટે જીવનવિદ્યા શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં જીવનવિદ્યા શિબિરના નિષ્ણાત-સૂત્રધાર તરીકે શ્રી જિજ્ઞેશભાઈ-અમદાવાદથી આવેલ. સ્થાનિક સંયોજક તરીકે શ્રી દિનુભાઈ ચુડાસમા કાર્યરત રહેલ.
- તા ૧૦ના રોજ 'નમો સખી સંગમ મેળો' ભાવનગર ખાતે સરકારશ્રી દ્વારા આયોજિત થયો હતો. જેમાં ભાગ લેવા લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ અને ત્રીજા વર્ષના બહેનો ગયા હતા. સંયોજન શ્રી ધીરૂભાઈ રાઠોડ અને શ્રી મનોજભાઈ અગ્રાવત દ્વારા થયું હતું.
- શ્રી નિગમભાઈ શુકલ તા.૧૦ના રોજ આઈ.સી.એ. આર. આયોજિત વર્કશોપમાં ભાગ લેવા માટે નવસારી જઈ આવ્યા.
- શ્રી પ્રદીપભાઈ ક્યાડા તા.૧૦ના રોજ આત્મા પ્રોજેકટ દ્વારા આયોજિત મિટિંગમાં ભાગ લેવા માટે ભાવનગર જઈ આવ્યા.
- તા.૧૧ના રોજ ભાવનગરની નૈમિષ્યારણ્ય સ્વામીનારાયણ સાયન્સ કૉલેજના આઠેક જેટલા વિદ્યાર્થીઓ અને બે અધ્યાપકો-અધ્યાપિકાઓ લોકભારતી પરિચય મુલાકાતે આવી ગયા.
- તા.૧૩ના રોજ હોલિકા દહનનો કાર્યક્રમ સામૂહિક રીતે ગોઠવાયો. સમગ્ર લોકભારતી પરિવાર એકઠો થયો. બીજે દિવસે સવારે ધૂળેટી નિમિત્તે રસ ધરાવતાં સૌ વિદ્યાર્થીઓ અને કાર્યકરો મેદાનમાં એકઠા થયા અને રંગે રમ્યા. અંતે મુક્ત અભિવ્યક્તિનો એક ટૂંકો કાર્યક્રમ યોજાયો. રાત્રે લોકસાંસ્કૃતિક લોકકલાનો એક કાર્યક્રમ યોજાયો. બોટાદ પાસેના રંગપુર ગામના નવરાત્રિ મંડળના જૂથનો મહાભારતના એક કથાનક 'સુરેખા હરણ અને ઘટોત્ઘચની માયાજાળ'નો કાર્યક્રમ લોકભારતી રંગમંચ પર યોજાયો.
- તા. ૧૩ના રોજ ભાવનગર યુનિવર્સિટી આયોજિત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધામાં લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના શ્રી જયદીપ બાવળીયાએ ભાગ લઈ કૉલેજનું પ્રતિનિધિત્વ કરેલ.
- તા.૧૫ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં તાલીમાર્થીઓ દ્વારા નિર્મિત શૈક્ષણિક સાધનનું પ્રદર્શન યોજાયું.
- દર માસના ત્રીજા મંગળવારે મળતી બધા જ હિસાબનીશોની એક બેઠક તા.૧૮મીના રોજ ગોઠવાઈ ગઈ.
- શ્રી અરુણભાઈ દવે તા.૧૮-૧૯ માઈધાર સંસ્થામાં રુટિન કાર્યો નિમિત્તે સંસ્થામાં રહી આવ્યા.
- શ્રી પ્રદીપભાઈ ક્યાડા તેમજ શ્રી પ્રશાંતભાઈ મહેતા તા. ૧૮થી ૨૦ સુધી જૂનાગઢ કૃષિ

યુનિવર્સિટી દ્વારા આયોજિત 'ડિજિટલ મીડિયા ફોર એગ્રીકલ્ચર ટેકનોલોજી ટ્રાન્સફર' તાલીમ કાર્યક્રમમાં ભાગ લેવા માટે જઈ આવ્યા.

- તા.૧૯ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ 'શિક્ષણમાં વિવિધ વિષયોના અનુબંધ' વિશે વાત કરી.
- તા.૨૦ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ભાવનગરના સહયોગથી થેલેસેમિયા પરીક્ષણ કરવામાં આવ્યું.
- તા.૨૧ના રોજ લોકભારતી અધ્યાપન મંદિરમાં વિશ્વ ચકલી દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.
- સમગ્ર માસ દરમ્યાન લાખણકા, નાની રાજસ્થળી કે.વ.શાળા,નિંગાળા, વલ્લભીપુર, વડિયા વિસ્તારની પ્રાથમિક શાળાઓ અને એલ.એલ.કાકડિયા બી.એડ.કૉલેજના તાલીમાર્થીઓએ અધ્યાપનમંદિરની મુલાકાત લીધી.
- તા.૨૪મીના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટની વાર્ષિક બેઠક સવારે ૧૧-૦૦ કલાકે ડ્યૂઅલ મોડમાં યોજાઈ ગઈ.
- તા. ૨૫નાં રોજ લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના મુખ્ય વિષય ઈતિહાસના વિદ્યાર્થીઓ માટે 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ' વિષય પર વિદ્યાનગરથી આવેલ પ્રા.ડૉ.વિપુલભાઈ પરમારે વક્તવ્ય આપ્યું હતું. સંકલન શ્રી પૂજાબહેન પુરોહિતે કરેલ.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં મહીના દરમિયાન તાલીમાર્થીઓ સમક્ષ શ્રી દિનુભાઈ ચુડાસમા વિષય: 'સાહિત્ય અને આધ્યાત્મ' વિશે, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી 'વિજ્ઞાનના વિવિધ પ્રોજેક્ટ્સ અને ગ્રામકક્ષાએ વૈજ્ઞાનીક ખેતીની વિશેષ ઉપયોગિતા' વિશે, શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયા 'ભાષાશુદ્ધિ અને પત્રલેખન' સંદર્ભે, શ્રી વિનિતભાઈ સવાણી 'ગામડાંની ખેતીમાં બાગાયતી ખેતી- નર્સરી ' અંગે, શ્રી યાકુબભાઈ કોઠારીયા 'ગ્રામસભા અને યોજનાઓ' વિશે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણા ખગોળ વિજ્ઞાન વિશે વ્યાખ્યાનો આપી ગયા. અને શ્રી હસમુખભાઈ દેવમુરારીએ આકાશદર્શન કરાવ્યું.
- લોકભારતીના પૂર્વવિદ્યાર્થી અને જાણીતા સહકારી ક્ષેત્રના સમાજઅગ્રણી, સઘન ક્ષેત્ર યોજના-મણારના સ્થાપક, ભાવ. જિલ્લા સહકારી સંઘ અને ભાવ. જિલ્લા સહકારી બેંકના પૂર્વ અધ્યક્ષ શ્રી જયવંતસિંહજી જાડેજા(ઉં.વ.૯૦)ના તા.૨૬ના રોજ થયેલ દુઃખદ અવસાન નિમિત્તે તેમની અંતિમયાત્રામાં શ્રી અરુણભાઈ અને શ્રી રામચંદ્રભાઈ પહોંચ્યા અને પછી તા.૨૮ના રોજ શ્રદ્ધાંજલિ સભામાં પણ જઈ આવ્યા.

**આંબલા સમાચાર**

- તા. ૧૬ના રોજ ધો. ૯ અને ૧૧ની પ્રવેશ પરીક્ષામાં કુલ ૨૦૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.
- તા. ૦૫ના રોજ સંસ્થા મુલાકાતે પીડીલાઈટ કંપનીના ચેરમેન શ્રી મધુકરભાઈ પારેખ તેમજ બોર્ડ ઓફ ડીરેકટર્સના સભ્યો આવી ગયા.
- તા.૧૦ના રોજ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે શ્રી મુકેશભાઈ વર્ગ લઈ ગયા.
- તા. ૨૮-૦૨-૨૫ થી ૧૮-૦૩-૨૫ દરમિયાન દર વર્ષની જેમ આ વર્ષે પણ બોર્ડના પેપર તપાસનું

કેન્દ્ર આંબલામાં હતું. ૧૦૦ જેટલા શિક્ષકો પેપર તપાસવા માટે બહારથી આવેલ.

- તા.૧૮ના રોજ વાળુકડ લોકવિદ્યાલયની એન.એસ.એસ. શિબિરમાં શ્રી વાઘજીભાઈ કરમટીયા તેમજ શ્રી ગૌરાંગભાઈ વોરા મુખ્ય મહેમાન તરીકે જઈ આવેલ.
- તા.૨૦ના રોજ લોકશાળાના વિદ્યાર્થી તથા શિક્ષકો દ્વારા વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરવામાં આવેલ.
- તા.૨૭ના રોજ શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળની મિટિંગ આંબલા મુકામે યોજાઈ ગયેલ. તેમાં મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવે, કાર્યકારી ટ્રસ્ટી શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, ટ્રસ્ટી શ્રી મહેન્દ્રસિંહ પરમાર, નિયામક શ્રી સુરસંગભાઈ ચૌહાણ તેમજ બંને સંસ્થાના આચાર્યશ્રીઓ હાજર રહેલ. ટ્રસ્ટી શ્રી ચૈતન્યભાઈ ઓનલાઈન જોડાયા હતા. બેઠકમાં નીતિ વિષયક નિર્ણયો લેવામાં આવેલ.
- તા.૦૧-૦૪-૨૦૧૦થી સંસ્થાની આગ્રહભરી વિનંતીથી આંબલા અને મણારના સંયુકત નિયામક તરીકે માનદ સેવા આપી રહેલ શ્રી સુરસંગભાઈ ચૌહાણે પોતાની પારિવારિક પરિસ્થિતિ અને તંદુરસ્તીના સંદર્ભે સ્વૈચ્છિક રીતે રાજીખુશીથી મુક્ત થવાની કરેલી અરજીને તા. ૨૭ના રોજ મળેલ ટ્રસ્ટીમંડળની બેઠકમાં પુખ્ત વિચારણાના અંતે મંજૂર કરવામાં આવી. તેમની નિષ્ઠાભરી ફરજ નિભાવણીની કદર કરી આભાર સાથે તેમના તંદુરસ્ત અને પ્રસન્ન ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી.
- દર વર્ષની જેમ આ વર્ષે પણ મુંબઈના શ્રી વિલેપાર્લા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા ગોશાળા સહાય માટે રૂ. ૫૦,૦૦૦/- નું અનુદાન મળેલ છે. તેમનો ખૂબ આભાર.

**મણાર સમાચાર**

- તા. ૦૩ થી દોઢ માસ માટે શ્રી લાલજીભાઈ ખેરાળા નેવલ એન.સી.સી. ઓફિસરની તાલીમ મહારાષ્ટ્રના નાગપુર મુકામે જઈ લઈ આવ્યા.
- તા.૫ ના રોજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ-ભાવનગરના કુલ ૧૮૦ બાળકો તેમજ ૨૭ જેટલા સી.આર.સી શિક્ષકો મણાર સંસ્થાદર્શને આવી ગયા.
- તા. ૮ના રોજ શાળામાં આંતરરાષ્ટ્રીય વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. મુખ્ય મહેમાન તરીકે પીડીલાઈટ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી મધુકરભાઈ પારેખ સાથે પીડીલાઈટની ટીમ પધારેલ. મહિલાઓના સન્માન કાર્યક્રમ પછી સમગ્ર ટીમે સંસ્થાદર્શન કરેલું.
- સંસ્થામાં હોળી-ધૂળેટી નિમિત્તે રંગોત્સવની ઉજવણી કરવામાં આવી.
- તા. ૧૭ના રોજ વિદેશી ડેલીગેશન ટીમ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગઈ. સંસ્થાની વિગત મેળવી, ફર્યા, ખૂબ રાજીપો વ્યક્ત કર્યો.
- શ્રીમતી અંજુ શર્મા (આઈ.એ.એસ.) કૃષિ અગ્ર સચિવશ્રી -સચિવાલય ગાંધીનગર સંસ્થા મુલાકાતે આવી ગયા. કૃષિના સમગ્ર વિભાગો નિહાળ્યા,ખેડૂતો સાથે સંવાદ કર્યો, માર્ગદર્શન આપ્યું, સંસ્થાની કાર્યશૈલીની માહિતી મેળવી રાજીપો પ્રગટ કર્યો હતો.
- તા. ૨૩ને રવિવારના રોજ ધો. ૯ અને ધો. ૧૧ની છાત્રાલય પ્રવેશ પરીક્ષા ગોઠવવામાં આવેલ. જેમાં કુલ ૨૩૨ વિદ્યાર્થીઓ હાજર

રહ્યા.

- તા. ૨૭ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા-મણાર ટ્રસ્ટ મંડળની મિટિંગમાં આંબલા મુકામે નિયામકશ્રી તથા આચાર્યશ્રી જઈ આવ્યા.

**માઈધાર સમાચાર**

- તા.૫ના રોજ શ્રી મધુકરભાઈ પારેખ તેમની ટીમ સાથે સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા.૭ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને રમાબહેન દેવમુરારિ સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા.૯ના રોજ શ્રી વિશાલભાઈ જોષી સંસ્થા મુલાકાતે આવ્યા અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.
- તા.૧૨ના રોજ દાંડીયાત્રા નિમિત્તે વિદ્યાર્થીઓને વિડીયો ક્લિપ અને દાંડીયાત્રા વિશે શ્રી એભલભાઈ, શ્રી નિર્મળભાઈએ વિદ્યાર્થીઓને માહિતી આપી.
- તા.૧૭ના રોજ પ્રાર્થના પછી વસ્તુ વિનિમય પ્રથા, નાણાંનો ઉદ્ભવ અને ટેરિફ ઉપર શ્રી ભરતભાઈ દવેએ વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી આપી હતી.
- તા.૧૮ના રોજ શ્રી અરુણભાઈ દવે સાથે માઈધાર કેન્દ્રના કાર્યકરોની મિટિંગ યોજાઈ ગઈ.
- તા.૧૯ના રોજ મોજીલું શિક્ષણ અને આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો ટીમાણા શાળામાં ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ વિષય આધારિત પ્રદર્શનમાં તજજ્ઞ તરીકે જઈ આવ્યા.
- તા.૨૧ના રોજ શ્રી નારસંગભાઈ ડોડીયાએ વિદ્યાર્થીઓને ગુજરાતી વ્યાકરણ અંગે માર્ગદર્શન આપ્યું.
- તા.૨૭ના રોજ ભાવનગર જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક દ્વારા આયોજિત વહીવટી માર્ગદર્શન સેમિનારમાં શ્રી પાતુભાઈ, શ્રી નિર્મળભાઈ, શ્રી એભલભાઈ અને શ્રી જયરાજભાઈ જઈ આવ્યા.

**શ્રદ્ધાંજલિ**

- લોકભારતીના પૂર્વ વિદ્યાર્થી અને જાણીતા સહકારી ક્ષેત્રના સમાજ અગ્રણી, સઘન ક્ષેત્ર યોજના-મણારના સ્થાપક, ભાવનગર જિલ્લા સહકારી સંઘ અને ભાવનગર જિલ્લા સહકારી બેંકના પૂર્વ અધ્યક્ષ શ્રી જયવંતસિંહજી જાડેજા(ઉં.વ.૯૦)ના તા.૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના ભૂતપૂર્વ કાર્યકર શ્રી પ્રવીણભાઈ મશરૂવાળાનું તા. ૩૦-૦૩-૨૦૨૫ના રોજ ૯૯ વર્ષની વયે ટાટાવાડી નજીકના તેમના નિવાસસ્થાને દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

મા. કેન્દ્રિયમંત્રીશ્રી નિમુબહેન બાંભણિયાના અધ્યક્ષસ્થાને અને જિલ્લાના પદાધિકારીશ્રીઓની પ્રોત્સાહક હાજરીમાં પીએમ. કિસાન સન્માન કાર્યક્રમ અંતર્ગત 'કિસાન સન્માન સમારોહ' યોજાઈ ગયો.





પૂ. મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશન દ્વારા જાણીતા સાહિત્યકારોની પ્રેરક ઉપસ્થિતિમાં માઈધાર ખાતે વાર્તાશિબિર યોજાઈ ગઈ.









To.

**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-